
બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*


**જુલાઈ-૨૦૨૫**

મુહર્રમુલ્ હરામ – સફરુલ મુઝફ્ફર
હિજરી સન : ૧૪૪૭

વર્ષ : ૨૨, અંક : ૭, સળંગ અંક : ૨૫૮

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, **દયાદરા**–૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000301
ISLAMIC WELFARE MISSION
IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


**: માનદ તંત્રી :**
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | ઈસ્લામ : માનવતાના ઉત્થાનનો અનોખો તથા કામિલ ઝરીયો | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 13 |
| 04 | હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) | 15 |
| 05 | ક઼ાનૂને શરીઅત (ભાગ–૨) | 18 |
| 06 | તઝકેરતુલ અવલિયા : હઝરત ઉમર ઈબ્ને ઉષ્માન મક્કી رحمۃ اللہ علیہ | 22 |
| 07 | વસીલો તથા પોકારવું હદીષોની રોશનીમાં | 24 |
| 08 | (ત્રીજી સદીના મુજદ્દિદ : ૪) હઝરત ઈમામ અબૂ જઅફર અહમદ બિન મુહમ્મદ સલામહૂ તહાવી હનફી رحمۃ اللہ علیہ | 29 |
| 09 | કશ્ફુલ મહજૂબ (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ) | 33 |
| 10 | ઝર્બે હૈદરી | 39 |
| 11 | ઈમામ અહમદ રઝા અને અર્વાચીન ફિક઼્હી મસાઈલ | 43 |
| 12 | અહમદાબાદ ભયાનક પ્લેન ક્રેશ અકસ્માતની સાથે સાથે.. | 50 |


## મસ્લકે આ'લા હઝરત સલામત રહે

યા ખુદા ચર્ખે ઈસ્લામ પર તાઅબદ – અખ્તરે બુરજે રિફઅત સલામત રહે
દીને હક઼્કી ઈશાઅત કી ખાતિર સદા – મેરા તાજે શરીઅત સલામત રહે

લાખ જલતે રહે દુશ્મનાને રઝા – કમ ન હોંગે કભી મદહખ્વાને રઝા
કેહ રહે હૈં સભી આશિક઼ાને રઝા – મસ્લકે આ'લા હઝરત સલામ રહે

ઐ બરેલી મેરા બાબે જન્નત હે તૂ – યાની જલ્વાગહે આ'લા હઝરત હૈ તૂ
બિલયક઼ીં મરકઝે એહલે સુન્નત હૈ તૂ – યે તેરી મરકઝીયત સલામત રહે

જબ પળી માહે તયબહ કી નૂરી કિરન – લહ લહાયા બરેલી કા હુસ્ને ચમન
ઝૂમ ઉઠે દેખ કર સારે એહલે સુનન – ગુલશને ક઼ાદરીયત સલામત રહે

રોઝે મેહશર અગર મુઝસે પૂછે ખુદા – બોલ આલે રસૂલ તૂ લાયા હૈ ક્યા
અર્ઝ કર દુંગા લાયા હૂં અહમદ રઝા – યા ખુદા યે અમાનત સલામત રહે

છોળ કર આપકા દર કહીં જાએં ક્યૂં – ઠોકરેં દર બદર કી શહા ખાએં ક્યૂં
ગૈર કે સામને હાથ ફૈલાએં ક્યૂં – મેરા આક઼ાએ નેઅમત સલામત રહે

એહલે ઈમાન તૂ ક્યૂં પરેશાન હૈ – રેહબરી કો તેરી કંઝે ઈમાન હૈ
હર કદમ પર યે તેરા નિગેહબાન હૈ – શમ્એ રૂશ્દો હિદાયત સલામત રહે

આ'લા હઝરત કા દિલકશ યે એહસાન હૈ – અબ તલક બાક઼ી ખુશ્બુએ ઈમાન હૈ
યા ખુદા યે બરેલી કા ફૈઝાન હૈ – યે અતા યે ઈનાયત સલામત રહે

# ઈસ્લામ માનવતાના ઉત્થાનનો અનોખો તથા કામિલ ઝરીયો

તંત્રી લેખ

વર્તમાન સમયમાં રોજ નિતનવા ફિત્ના દુનિયામાં જન્મ લેતા રહે છે. ઈસ્લામ કે જે ઈન્સાનિયતના ઉત્થાન, ઈન્સાનિયતની પ્રગતિ તથા માનવતાની રક્ષાની તાલીમ આપનાર મઝહબ છે, તેમ છતાં તેની વિરૂધ્ધ વિરોધીઓ અવનવા તુક્કા કરીને તેને માનવતા વિહિન તથા સ્ત્રી અધિકાર બાબતે અસંતોષકારકતાવાળો મઝહબ સાબિત કરવા પાયાહિન દલીલો રજૂ કરી તેને બદનામ કરવાની કોશિશો કરવામાં આવે છે. તો વળી કેટલાક તરંગીઓ પોતાની અપૂર્ણ બુધ્ધિને ભૂલીને પોતે બુધ્ધિ સાગર બનવા ફરે છે એમાં કેટલાક કહેવાતા મુસ્લિમ બલ્કે કેટલાક કહેવાતા રહબર ! પણ એવું કહેતા જોવા મળે છે કે : *"ન હિંદુ બનો, ન મુસલમાન બનો, પેહલે ઈન્સાન બનો !"* તેમજ કેટલાક નામના મુસલમાન કહે છે કે *"હું સૌથી પહેલાં ઈન્સાન છું બાદમાં મુસલમાન છું !" "ઈન્સાનિયત દરેક ધર્મથી અફઝલ છે !"* કેટલાક કહે છે : *"ઈન્સાનિયત જ સૌથી મોટો મઝહબ છે."* સેક્યુલર તથા અધર્મી, નાસ્તિકો જેવા કહેવાતા મુસલમાનો તરફથી આવાં વાક્યો ખૂબ જ ફેલાવવામાં આવે છે. તો આવા બુધ્ધિમાનોને સીધો માર્ગ દર્શાવીએ કે ઈસ્લામ જ ઈન્સાનિયત તથા માનવતાના ઉત્થાનનો કામિલ ઝરીયો છે. ઈસ્લામ જ ઈન્સાન બનાવે છે. પ્રથમ અમો અત્રે કુર્આની સાક્ષીઓ રજૂ કરીએ છીએ કે ઈન્સાનિયતના કેવા કેવા દુર્લભ પાઠ ઈસ્લામ આપી રહ્યો છે. (ઉપરના શબ્દો બોલનારે તો પોતાના ઈમાનની તપાસ કરવી જોઈએ !)

## ★ માનવતાની તાલીમ સંબંધે કુર્આન શું હુકમ આપે છે ? ★

આવો ! હવે કુર્આને કરીમના કેવળ દસ ઉપરાંત હવાલાઓથી જોઈએ છીએ કે કેવી રીતે ઈસ્લામ ધર્મ ઈન્સાનિયતની ક઼દર કરે છે અને ઈન્સાનિયતની તાલીમ આપે છે.

**આયત-૧ : તમામ માનવીઓની ઈજ્જત તથા સમ્માન વિશે** ફર્માવ્યું છે કે : وَلَقَدْ كَرَّمْنَا بَنِیْٓ اٰدَمَ ''અને બેશક ! અમે આદમની ઔલાદને ઈજ્જત આપી.'' (સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૭૦) આ આયત સર્વ માનવીઓની ઈજ્જત તથા હુર્મતનો આધાર પૂરો પાડે છે, ભલે તે કોઈ પણ ધર્મ, કોઈ પણ વંશ અથવા કોઈ પણ જાતીથી હોય.

**આયત-૨ : એક જાનની ક઼ત્લ પૂરી ઈન્સાનિયતની ક઼ત્લ હોવા વિશે** ફર્માવ્યું છે કે :–

اَنَّهٗ مَنْ قَتَلَ نَفْسًۢا بِغَیْرِ نَفْسٍ اَوْ فَسَادٍ فِی الْاَرْضِ فَكَاَنَّمَا قَتَلَ النَّاسَ جَمِیْعًاؕ وَ مَنْ اَحْیَاهَا فَكَاَنَّمَاۤ اَحْیَا النَّاسَ جَمِیْعًاؕ

''જેણે કોઈ જાનને કત્લ કરી જાનના બદલા વિના અથવા જમીનમાં ફસાદ (ઝઘડા) કર્યા તો જાણે તેણે સર્વ માનવોને ક઼ત્લ કર્યા, અને જેણે એક જાનને જીવડાવી લીધી તેણે જાણે સૌ લોકોને જીવાડી લીધા.'' સૂ. માઈદા, ૫/૩૨) આ આયત માનવ જાનની કદર તથા કિંમત તથા **ઈન્સાની હમદર્દીનું ઉચ્ચ કક્ષાનું દષ્ટાંત છે.**

**આયત-3 : અદ્લો ઈન્સાફના હુકમ વિશે** ફર્માવ્યું છે કે :–

اِنَّ اللّٰهَ یَاْمُرُ بِالْعَدْلِ وَ الْاِحْسَانِ وَ اِیْتَآئِ ذِی الْقُرْبٰی وَ یَنْهٰی عَنِ الْفَحْشَآءِ وَ الْمُنْكَرِ وَ الْبَغْیِۚ یَعِظُكُمْ لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ۝۹۰

"બેશક ! અલ્લાહ હુકમ આપે છે અદ્લ (ન્યાય) તથા નેકીનો." (સૂ. નહલ, ૧૬/૯૦) આ આયત સમાજી ઈન્સાફ, નરમી, તથા સદ વર્તાવની તાલીમ આપે છે.

**આયત-૪ : કોઈ કોમથી દુશ્મની પણ તમને ઈન્સાફથી ન રોકે :** એના વિશે ફર્માવે છે :–

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُوْنُوْا قَوّٰمِيْنَ لِلّٰهِ شُهَدَآءَ بِالْقِسْطِ ۫ وَلَا يَجْرِمَنَّكُمْ شَنَاٰنُ قَوْمٍ عَلٰٓى اَلَّا تَعْدِلُوْا ؕ اِعْدِلُوْا ۫ هُوَ اَقْرَبُ لِلتَّقْوٰى ۫ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ۝

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહના હુકમ ખૂબ કાયમ થઈ જાવ ! ઈન્સાફની સાથે ગવાહી આપતા. અને તમને કોઈ કૌમની અદાવત એના માટે ન ઉશ્કેરે કે તમે ઈન્સાફ ન કરો. ઈન્સાફ કરો, તે પરહેઝગારીથી અધિક નજીક છે, અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહને તમારાં કામોની ખબર છે. (સૂ. માઈદા, ૫/૮) અહીં દુશ્મનોની સાથે પણ ન્યાયની તાકીદ કરવામાં આવી છે કે જે **ઉચ્ચ કક્ષાની ઈન્સાનિયત** છે.

**આયત-૫ : ગરીબ મિસ્કીન, યતીમ તથા કેદીને ખાણુ ખવડાવવા વિશે :-**

وَيُطْعِمُوْنَ الطَّعَامَ عَلٰى حُبِّهٖ مِسْكِيْنًا وَّيَتِيْمًا وَّاَسِيْرًا ۝ "અને ખાવા ખવડાવે છે તેની મહોબ્બત પર મિસ્કીન (ગરીબ) અને યતીમ અને કેદીને" (સૂ. દહર, ૭૬/૮) આ આયતમાં અમલી ઈન્સાનિયત અને રહમદિલીની ઉઘાડી તાલીમ છે.

**આયત-૬ : આપસમાં ઓળખ તથા પેહચાન માટે કોમો તથા કબીલાઓને બનાવવામાં આવવું** એના વિશે ફર્માન છે કે :–

يَاَيُّهَا النَّاسُ اِنَّا خَلَقْنٰكُمْ مِّنْ ذَكَرٍ وَّاُنْثٰى وَجَعَلْنٰكُمْ شُعُوْبًا وَّقَبَآئِلَ لِتَعَارَفُوْا ؕ اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰكُمْ ؕ

"હે લોકો ! અમે તમને એક પુરૂષ અને એક સ્ત્રીથી પેદા કર્યા અને તમને શાખાઓ તથા કબીલા કર્યા કે આપસમાં ઓળખ રાખો. બેશક ! અલ્લાહને ત્યાં તમારામાં અધિક ઈજ્જતવાળો તે જે તમારામાં અધિક પરહેઝગાર (રબથી ડરનાર) છે." (સૂ. હુજુરાત, ૪૯/૧૩) આ આયતથી **માનવ સમાનતા** તથા વિવિધતાને દાદ આપવામાં આવેલ છે. સર્વ માનવો સમાન છે, તમારામાં અધિક ઈજ્જતવાળો તે છે જે ખુદાથી અધિક ડરનાર છે. ઊંચ નીચ ઈસ્લામમાં નથી. આ જ ઈન્સાનિયત છે !

**આયત-૭ : પત્નીઓ સાથે સારા વર્તાવનો હુકમ :** આ વિશે ફર્માવે છે, وَعَاشِرُوْهُنَّ بِالْمَعْرُوْفِ ۚ "અને તેમનાથી (પત્નીઓ સાથે) સારો વર્તાવ કરો." (સૂ. નિસાઅ, ૪/૧૯) આ આયતમાં પતિઓને તાકીદ કરવામાં આવી છે કે તેઓ પોતાની પત્નીઓની સાથે હુસ્ને સુલૂક (સારુ વર્તન) કરે, મહોબ્બત તથા ઈન્સાફની સાથે પેશ આવે.

**આયત-૮ : પતિ તથા પત્ની સમાન રીતે બદલાના પાત્ર છે :** એના વિશે હુકમ છે : وَلَهُنَّ مِثْلُ الَّذِيْ عَلَيْهِنَّ بِالْمَعْرُوْفِ ۪ "અને સ્ત્રીઓ માટે એવા જ હક્કો છે જેવી તેણીઓ પર જિમ્મેદારીઓ છે શરીઅતના પ્રમાણે....." (સૂ. બકરહ, ૨/૨૨૮) આ આયત સ્ત્રી તથા પુરૂષના હક્કો તથા ફરજોના સમતોલ હોવા વિશેનો નિર્દેશ કરે છે અને સમાનતાનો એક પાયો પૂરો પાડે છે.

**આયત-૯ : યતીમોનો માલ ન ખાવા તથા માનવ હક્કોની રક્ષા વિશે :** કુર્આનમાં હુકમ છે : اِنَّ الَّذِيْنَ يَاْكُلُوْنَ اَمْوَالَ الْيَتٰمٰى ظُلْمًا اِنَّمَا يَاْكُلُوْنَ فِىْ بُطُوْنِهِمْ نَارًا ''તેઓ જે યતીમોના નાહક્ક ખાય છે તેઓ તો પોતાના પેટમાં નર્યી આગ જ ભરે છે ........'' (સૂ. નિસાઅ, ૪/૧૦) કુર્આન યતીમો (અનાથો)ના હક્કોની રક્ષાને ખૂબ જ મહત્વ આપે છે, અને જુલ્મથી દૂર રહેવાનો સખત હુકમ આપે છે.

**આયત-૧૦ : ભૂખ્યાને ખાવા ન ખવડાવવું એક અખ્લાકી જુર્મ છે :** એના વિશે ફર્માવ્યું : اَرَءَيْتَ الَّذِىْ يُكَذِّبُ بِالدِّيْنِ ۝۱ فَذٰلِكَ الَّذِىْ يَدُعُّ الْيَتِيْمَ ۝۲ وَلَا يَحُضُّ عَلٰى طَعَامِ الْمِسْكِيْنِ ۝۳ ''શું તમે તેને જોયો જે દીનને જૂઠવાલે છે ? આ જ તે શખ્સ છે જે યતીમને ધક્કા મારે છે અને મિસ્કીન (ગરીબ, ફકીર)ને ખાવા ખવડાવવાનું આકર્ષણ નથી ધરાવતો. (સૂ. માઊન, ૧૦૭, ૧ થી ૩) આ આયતો એ વાતની તાલીમ આપે છે કે આ સાચો ધર્મ (ઈસ્લામ) માનવોના હક્કો, ખાસ કરીને કમજોર વર્ગોની સેવાથી જોડાયેલો છે.

TM/ D[V <, FCGFCh , MSZDYLNXFJ LV P% ]S[o *''હું પહેલાં ઈન્સાન છું.''* અથવા *''ઈન્સાનિયત મારો ધર્મ છે''* અથવા *''ન હિંદુ બનો ન મુસલમાન બનો પેહલે ઈન્સાન બનો !''* વગેરે જેવાં વાક્યો એક મુસલમાન કહેવડાનારા માટે તો કેટલાં પાયાહિન તથા અતિશયોક્તિવાળાં છે, જ્યારે ઈસ્લામ ધર્મ સ્પષ્ટપણે ઈન્સાની, સમાજી, અખ્લાકી કદરોની જ તાલીમ આપે છે, અને હકીકતમાં ઈસ્લામ ધર્મ જ છે જે માનવતાની વૃધ્ધિ તથા ઉત્થાન માટેનો એક અને સંપૂર્ણ ઝરીયો છે. ઈસ્લામી ઈતિહાસને જુઓ તો જણાશે કેવા કેવા ખુંખાર ક્રૂર જંગલી લોકોને સાચા અર્થમાં એવા ઈન્સાન બનાવ્યા કે દુનિયા આજે તેમનું દષ્ટાંત પેશ કરવાથી લાચાર છે. ખરેખર તો કહેવું જોઈએ કે સાચા મુસલમાન બનો તો સંપૂર્ણ ઈન્સાન બની જશો.

## ★ ઈસ્લામે આપણને ઈન્સાનિયતનો પાઠ આપ્યો છે ! ★

રબ તઆલાનું ફર્માન છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا يَسْخَرْ قَوْمٌ مِّنْ قَوْمٍ عَسٰۤى اَنْ يَّكُوْنُوْا خَيْرًا مِّنْهُمْ وَلَا نِسَآءٌ مِّنْ نِّسَآءٍ عَسٰۤى اَنْ يَّكُنَّ خَيْرًا مِّنْهُنَّ

''હે ઈમાનવાળાઓ ! એ વાત પુરૂષો માટે યોગ્ય નથી કે કેટલાક લોકો અન્યોની મજાક ઉડાવે (એમાં) અજબ નથી કે તે તેમનાથી બેહતર હોય. એ જ પ્રમાણે સ્ત્રીઓ માટે પણ યોગ્ય નથી કે અન્ય સ્ત્રીઓની મજાક ઉડાવે, અજબ નથી કે તે તેમનાથી બેહતર હોય અને આપસમાં મહેણા ટોણા ન કરો અને એકબીજાનાં બુરાં નામો ન રાખો. (સૂ. હુજુરાત, ૪૯/૧૧) માનવોને એવી ગલત આદતોથી રોકવામાં આવ્યા કે જેનાથી આપસમાં નફરત ફેલાય. તેમજ રબે ફર્માવ્યું : وَّلَا تَجَسَّسُوْا وَلَا يَغْتَبْ بَّعْضُكُمْ بَعْضًا **''એકબીજાની ખામીઓ ન શોધો, અને ન તમારાથી કોઈ એકબીજાની નિંદા કરે.** *(સૂ. હુજુરાત, ૪૯/૧૨)*

સારાંશ કે માનવ અમ્નો શાંતિનો માહોલ તથા નફરતને બદલે મહોબ્બત ભર્યો સમાજ સ્થાપિત કરે એની તાલીમ ઈસ્લામે આપી છે. રબ ફર્માવે છે : **''હે લોકો ! તમારું લોહી અને માલ અને ઈજ્જતો એકબીજા પર તદ્દન હરામ કરી દેવામાં આવી.''**

બતાવો ! ઈન્સાનિયત કઈ ચીજનું નામ છે ? ઉપરોક્ત કુર્આનના દસ ઉપરાંત જે હુકમો બતાવ્યા એનું

પાલન કરવામાં જ તો સાચી માનવતાવાળો માણસ બની શકે છે. આ તો કુર્આનની કેવળ ઝલકો છે, આપ કુર્આનનો અભ્યાસ કરશો તો ઠેક ઠેકાણે ઈન્સાનિયતની તાલીમ મળે છે જે પુરવાર કરે છે કે કુર્આન પર ચાલનાર સાચો મુસલમાન જ સાચો ઈન્સાન, માનવતાવાળો થઈ શકે છે. નહીં તો આજે "માનવતા"ની વાતો કરનારા અને "માનવ અધિકાર"ની બૂમો પાડનારાઓએ જગતભરમાં ખૂના મરકી તથા જુલ્મો સિતમના કેવા પહાડો તોડયા છે તેને હીરોશીમા તથા નાગાસાકી પરની બોમ્બ વર્ષાથી લઈને વિયેતનામ, અફઘાન, ઈરાક, લીબિયા, સીરિયા તથા પેલેસ્ટાઈન, યુક્રેન....વગેરેના શું હાલ કર્યા છે તે આપણી નજરો સામે છે. જો માનવતા શીખવી હોય તો ઈસ્લામના આદેશોને અનુસરી જુઓ કે માનવતામય અમ્નો શાંતિનું સામ્રાજ્ય સ્થપાય છે કે નહીં ?

## ★ ઈસ્લામના પયગંબર મુહમ્મદ ﷺનો માનવતાનો પયગામ ★

ઈન્સાન બનવા માટે ઈન્સાનિયત શીખવી જરૂરી છે. તો ઈસ્લામના મહાન પયગંબર મુહમ્મદ મુસ્તફા ﷺને જે લોકોના જુલ્મના કારણે પ્યારુ વતન મક્કા શરીફ છોડવું પડયું હતું અને ત્યારબાદ પણ આપનો પીછો કરીને જે દુશ્મનોએ આપને કેટલીય જંગોનો સામનો કરવા મજબૂર કર્યા હતા. જ્યારે મક્કા ફતહ થાય છે તે દિવસે પયગંબરે અમ્ન આમ એલાન કરે છે તેઓ માટે જેમણે આપના પર અનેક જુલ્મો સિતમ કર્યા હતા તેઓ સમજતા હશે કે આજે આપણો ક્રૂરતાપૂર્વક ખાત્મો થઈ જશે પણ એલાન થાય છે કે, ............ **આજે તમારા પર કોઈ આક્ષેપ તથા પૂછતાછ નથી. ખુદાએ બરતર તમારા કસૂરોને માફ કરે અને તે જ રહમ કરનારાઓમાં સૌથી વિશેષ દયાળુ છે.** ★ જેની પાસે અમાનત હોય તે અમાનતના માલિકને અદા કરી આપે. ★ દરેક પ્રકારનું વ્યાજ રદ કરવામાં આવે છે. અલબત્ત તમારા માટે અસલ છે કે ન તમે હદથી વધો ન તમારા પર જુલ્મ કરવામાં આવે. (આજે વ્યાજખોરોના ત્રાસથી આપઘાત તથા ખૂનો રોજનીશી બની ગઈ છે ! પણ એને ઈસ્લામમાં સ્થાન જ નથી.) ★ હે લોકો ! તમારી પત્નીઓ પર તમારા અને તમારા પર તેણીઓના હક્કો છે. (તેને અદા કરતા રહો) ★ નાહક્ક્ કોઈનો માલ લેવો જાઈઝ નથી....વગેરે.

આ ફતહ વખતના પ્રવચનના ટૂંકા મુદ્દા છે તેના પર વિચારણા કરો કે : ★ દુનિયામાં શાંતિને સૌથી મોટો ખતરો નાહક્ક્ કત્લથી છે. ઈસ્લામ આવતા પહેલાં અરબમાં એક ખૂનના બદલામાં મોટા પાયા પર જંગો છેડાતી અને તે જંગો પેઢી દર પેઢી ચાલતી રહેતી. તો ઈસ્લામ પછી સર્વને માફ કરીને અરબમાં શાંતિ તથા ભાઈચારાનું સામ્રાજ્ય સ્થપાઈ ગયું. આને ઈન્સાન તથા ઈન્સાનિયત કહે છે !

★ કોઈનો માલ નાહક ખાવો આપસમાં લડાઈ ઝઘડાનો સબબ છે અને લડાઈ ઝઘડા શાંતિનો નાશ કરે છે. અહીં તેની મનાઈ કરવામાં આવી. આ ઈન્સાનિયત છે.

★ અમાનત અદા ન કરવી અથવા અમાનતમાં ખયાનત કરવી એ લડાઈ ઝઘડા બલ્કે ઘણીવાર કત્લનો સબબ બની જાય છે. તેના પર પયગંબરે બ્રેક મરાવી. આ ઈન્સાનિયત છે.

★ વ્યાજમય કારોબાર એક વર્ગને માલદાર તથા બીજા વર્ગને ફકીરી પર લાવી દે છે. જેના પછી ચોરી, ડાકૂગીરી, કોઈનો માલ હડપ કરવો અને એના જેવા અનેક ગુનાહોના દરવાજા ખુલે છે, જેનાથી દુનિયાની શાંતિનો ખાત્મો થાય છે. આપણે જોઈએ છીએ વ્યાજખોરો કેવા જુલ્મો કરતા હોય છે. પયગંબરે ઈસ્લામે તેના પર રોક મૂકી, આ ઈન્સાનિયત છે !

★ જાહિલિયતના (ઈસ્લામ પહેલાંના) દૌરમાં કેવળ પતિઓના જુલ્મી હક્કો હતા, પત્નીઓને હક્કો પામવાનો કોઈ અધિકાર ન હતો. પયગંબરે ઈસ્લામે પત્નીઓના હક્કોની તાકીદ કરી. સ્ત્રીઓ પર કૃપા કરી આનું નામ ઈન્સાનિયત છે !

★ પોતાની શક્તિ તથા દાદાગીરીથી ડોન બનીને કોઈનો માલ નાહક્ પડાવી લેવો, જેમ કે આજકાલ ખંડણી ઉઘરાવવા ધમકીઓ બલ્કે મારપીટ કરનારા ગુંડાઓ જોવા મળે છે. પણ ઈસ્લામના પયગંબરે તેના પર રોક લગાવી અને એ સર્વને જુલ્મ તથા હરામ ઠરાવ્યું. આને ઈન્સાનિયત કહે છે ! જો એ કાનૂનો પર લોકો અમલ કરે તો વિશ્વભરમાં શાંતિ સ્થપાય શકે છે.

★ પયગંબરે ઈસ્લામે વૃધ્ધોના હક્કો, માબાપના હક્કો, યતીમોના હક્કો, વિધવાઓના હક્કો, નાના મોટાની ઈજ્જતની તાલીમ, બાળકીઓના હક્કો કે જેમને ઈસ્લામ પહેલાં અરબો જીવતી દાટી દેતા હતા તેવા દરેક પ્રકારના મઝલૂમોને હક્કો અપાવ્યા. પુત્રી પર પુત્રને અગ્રતા ન આપવી, પુત્રીના ઉછેરવા પર ખુશખબરીઓ આપી, બહેનોના હક્કો, ભાઈઓના હક્કો, સ્ત્રીઓના હક્કો, પડોશીઓના હક્કો, મહેમાનના હક્કો, બલ્કે જાનવરોના હક્કોની પણ તાલીમ આપી છે. સારાંશ કે જો આપણે સાચા અર્થમાં એને શીખીએ અને એના પર ચાલીએ તો સાચા ઈન્સાન બની શકીએ અને એનાથી વિમુખ થઈએ તો જાનવરથી બદતર થઈ જઈએ. અને દુનિયા એવા કહેવાતા ઈન્સાનોને જોઈ પણ રહી છે કે ઈન્સાનના નામ પર તેઓ કલંક છે. રબ તઆલા સૌને ઈસ્લામી તાલીમ પર ચાલવાની તૌફીક્ આપે તો સર્વત્ર ઈન્સાનિયતનો માહોલ થઈ શકે.

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

❒ **દયાદરા** : ખાતે અ. કાદરભાઈ અ. સત્તાર કારીગર (નિષાર કારીગરના બનેવી) કપડવંજવાળાનો તા. ૨૩–૫–૨૦૨૫, ૨૪ ઝીલ કઅદ, હિ.સ. ૧૪૪૬, જુમ્આના રોજ ઈન્તેક઼ાલ થયો જેમની દફનવિધિ દયાદરા ખાતે સવારે ૧૦:૩૦ કલાકે કરવામાં આવી.

❒ **દયાદરા** : ખાતે ગુલામ રસૂલભાઈ મુહમ્મદ ગરાસીયાનો તા. ૫–૬–૨૦૨૫, ૮ ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૪૬, ગુરૂવારે ઈન્તેક઼ાલ થયો ઝહોર બાદ દયાદરા ખાતે દફનવિધિ થઈ.

❒ **દયાદરા** : ખાતે ઝરીનાબેન અબ્દુલ્લાહ ગલ્લા તા. ૧૩–૬–૨૦૨૫ મુ. ચાંદ ૧૬ ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૪૬, જુમ્આના રોજ ઈન્તેક઼ાલ થયો, જેમની દફનવિધિ જુમ્આ બાદ રાખવામાં આવી.

❒ **ઉમલ્લા** : ખાતે તા. ૬–૬–૨૦૨૫ જુમેરાતે, ૯–ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૪૬ના રોજ, બિલાલભાઈ લાલાભાઈ ખત્રી (અમારા મર્હૂમ મિત્ર ઈબ્રાહીમભાઈ ઉર્ફ અભાભાઈ ખત્રીના નાના ભાઈ)નો બીમારીના કારણે લગભગ ૪૫ વરસની વયે દુઃખદ ઈન્તેક઼ાલ થયો છે. તેમની દફનવિધિ મગરિબની નમાઝ બાદ કરવામાં આવી.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે તથા ઈસાલે સવાબ કરવાની તૌફીક આપે. (આમીન) –(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*



## કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

**આ સૂરહમાં ૨૦૬ આયતો અને ૨૪ રુકૂઅ છે.**

لَقَدْ اَرْسَلْنَا نُوْحًا اِلٰى قَوْمِهٖ فَقَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ
اِلٰهٍ غَيْرُهٗ ؕ اِنِّىْۤ اَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ﴿۵۹﴾ قَالَ الْمَلَاُ مِنْ
قَوْمِهٖۤ اِنَّا لَنَرٰىكَ فِىْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿۶۰﴾ قَالَ يٰقَوْمِ لَيْسَ بِىْ ضَلٰلَةٌ وَّ
لٰكِنِّىْ رَسُوْلٌ مِّنْ رَّبِّ الْعٰلَمِيْنَ ﴿۶۱﴾ اُبَلِّغُكُمْ رِسٰلٰتِ رَبِّىْ وَ اَنْصَحُ لَكُمْ
وَ اَعْلَمُ مِنَ اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ﴿۶۲﴾ اَوَ عَجِبْتُمْ اَنْ جَآءَكُمْ ذِكْرٌ مِّنْ
رَّبِّكُمْ عَلٰى رَجُلٍ مِّنْكُمْ لِيُنْذِرَكُمْ وَ لِتَتَّقُوْا وَ لَعَلَّكُمْ تُرْحَمُوْنَ ﴿۶۳﴾
فَكَذَّبُوْهُ فَاَنْجَيْنٰهُ وَ الَّذِيْنَ مَعَهٗ فِى الْفُلْكِ وَ اَغْرَقْنَا الَّذِيْنَ
كَذَّبُوْا بِاٰيٰتِنَا ؕ اِنَّهُمْ كَانُوْا قَوْمًا عَمِيْنَ ﴿۶۴﴾ؑ وَ اِلٰى عَادٍ اَخَاهُمْ هُوْدًا ؕ
قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ اَفَلَا تَتَّقُوْنَ ﴿۶۵﴾ قَالَ
الْمَلَاُ الَّذِيْنَ كَفَرُوْا مِنْ قَوْمِهٖۤ اِنَّا لَنَرٰىكَ فِىْ سَفَاهَةٍ وَّ اِنَّا لَنَظُنُّكَ
مِنَ الْكٰذِبِيْنَ ﴿۶۶﴾ قَالَ يٰقَوْمِ لَيْسَ بِىْ سَفَاهَةٌ وَّ لٰكِنِّىْ رَسُوْلٌ مِّنْ
رَّبِّ الْعٰلَمِيْنَ ﴿۶۷﴾ اُبَلِّغُكُمْ رِسٰلٰتِ رَبِّىْ وَ اَنَا لَكُمْ نَاصِحٌ اَمِيْنٌ ﴿۶۸﴾ اَوَ
عَجِبْتُمْ اَنْ جَآءَكُمْ ذِكْرٌ مِّنْ رَّبِّكُمْ عَلٰى رَجُلٍ مِّنْكُمْ
لِيُنْذِرَكُمْ ؕ وَ اذْكُرُوْۤا اِذْ جَعَلَكُمْ خُلَفَآءَ مِنْۢ بَعْدِ قَوْمِ نُوْحٍ وَّ
زَادَكُمْ فِى الْخَلْقِ بَصْۜطَةً ۚ فَاذْكُرُوْۤا اٰلَآءَ اللّٰهِ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿۶۹﴾
قَالُوْۤا اَجِئْتَنَا لِنَعْبُدَ اللّٰهَ وَحْدَهٗ وَ نَذَرَ مَا كَانَ يَعْبُدُ اٰبَآؤُنَا ۚ فَاْتِنَا
بِمَا تَعِدُنَاۤ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ﴿۷۰﴾ قَالَ قَدْ وَقَعَ عَلَيْكُمْ مِّنْ
رَّبِّكُمْ رِجْسٌ وَّ غَضَبٌ ؕ اَتُجَادِلُوْنَنِىْ فِىْۤ اَسْمَآءٍ سَمَّيْتُمُوْهَاۤ اَنْتُمْ وَ
اٰبَآؤُكُمْ مَّا نَزَّلَ اللّٰهُ بِهَا مِنْ سُلْطٰنٍ ؕ فَانْتَظِرُوْۤا اِنِّىْ مَعَكُمْ مِّنَ
الْمُنْتَظِرِيْنَ ﴿۷۱﴾ فَاَنْجَيْنٰهُ وَ الَّذِيْنَ مَعَهٗ بِرَحْمَةٍ مِّنَّا وَ قَطَعْنَا دَابِرَ
الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَ مَا كَانُوْا مُؤْمِنِيْنَ ﴿۷۲﴾ؑ

## 'સૂરએ અઅ્રાફ'ની તફસીર

*બેશક ! અમે નૂહને તેની કોમ તરફ મોકલ્યો.[231] તો તેણે કહ્યું, ''હે મારી કોમ અલ્લાહને પૂજો,[232] તેના સિવાય તમારો કોઈ પૂજનીય નથી,[233] બેશક ! મને તમારા માટે મહાન દિવસની શિક્ષાનો ભય છે''[234] (૫૯) તેની કોમના આગેવાનો બોલ્યા, ''બેશક ! અમે તમને ચોખ્ખી ભૂલથાપમાં જોઈએ છીએ'' (૬૦) (નૂહે) કહ્યું, હે મારી કોમ મારામાં ભટકેલપણું કશું નથી, હું તો રબ્બુલ આલમીનનો રસૂલ છું (૬૧) તમને મારા પરવરદીગારની રિસાલતો (ની વાતો) પહોંચાડું છું, અને તમારું હિત ઈચ્છું છું, અને હું અલ્લાહ તરફથી એવું ઈલ્મ (જ્ઞાન) ધરાવું છું જે તમે ધરાવતા નથી'' (૬૨) અને કહ્યું, ''તમને એ વાતથી આશ્ચર્ય થયું કે તમારી પાસે તમારા પાલનહાર તરફથી તમારા અંદરના એક પુરૂષ મારફત નસીહત આવી ?[235] કે જેથી તે તમને ડરાવે અને તમે ડરો, કે જેથી ક્યાંક તમારા પર દયા થાય'' (૬૩) તો તેમણે તેને જૂઠાડયા તો અમે તેને[236] અને તેઓને[237] જે તેની સાથે નાવડીમાં હતા છૂટકારો આપ્યો. અને અમારી આયતોને જૂઠાડનારાઓને ડૂબાડી દીધા. બેશક ! તે આંધળું જુથ હતું[238] (૬૪) અને આદ તરફ[239] તેમની જ્ઞાતિમાંથી હૂદને મોકલ્યા. કહ્યું,[240] હે મારી કોમ ! અલ્લાહની બંદગી કરો, તે સિવાય*

*કોઈ તમારો મઅબૂદ નથી. તો શું તમને બ્હીક નથી[૨૪૧] (૬૫) તેની કોમના આગેવાનો બોલ્યા, "બેશક ! અમે તને મૂર્ખ સમજીએ છીએ, અને બેશક ! અમે તને જૂઠાઓમાં ગણીએ છીએ"[૨૪૨] (૬૬) (હૂદે) કહ્યું, "હે મારી કોમ ! મને મૂર્ખતા સાથે શું લેવા દેવા ? હું તો પરવરદિગારે આલમનો રસૂલ છું (૬૭) તમને મારા પાલનહારની રિસાલતો (ની વાતો) પહોંચાડું છું, અને તમારો વિશ્વાસુ હિતેચ્છુ છું[૨૪૩] (૬૮) શું તમને એનું આશ્ચર્ય થયું કે તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી તમારા અંદરના એક પુરૂષ મારફત શિખામણ આવી ? જેથી તે તમને ડરાવે. અને યાદ કરો જ્યારે તેણે તમને નૂહની કોમના વારસદાર કર્યા,[૨૪૪] અને તમારા શરીરોનો બાંધો વધાર્યો,[૨૪૫] તો અલ્લાહની નેઅમતો યાદ કરો[૨૪૬] જેથી તમારું ભલું થાય (૬૯) (કાફિરો) બોલ્યા, "શું તમે અમારી પાસે એટલા માટે આવ્યા છો[૨૪૭] કે અમે એક અલ્લાહને પૂજીએ અને જે[૨૪૮] અમારા બાપદાદા પૂજતા હતા એને છોડી દઈએ ? તો જો સાચા હોવ તો જેનો અમને વાયદો કરી રહ્યા છો તે[૨૪૯] લાવો" (૭૦) (હૂદે) કહ્યું, "અવશ્ય તમારા પર તમારા પરવરદિગારનો અઝાબ અને કેર લાગુ થઈ ગયો.[૨૫૦] શું તમે માત્ર તે નામો વિશે મારી સાથે ઝગડી રહ્યા છો જે તમે અને તમારા બાપદાદાઓએ ઉપજાવી કાઢ્યાં ?[૨૫૧] (અને) અલ્લાહે તેનો કોઈ આધાર ઉતાર્યો નથી. તો રાહ જુઓ,[૨૫૨] હું પણ તમારી સાથે (રાહ) જોઉં છું" (૭૧) તો અમે તેને (હૂદને) અને તેના સાથીદારોને[૨૫૩] એક મોટી કૃપા કરીને છૂટકારો આપ્યો,[૨૫૪] અને જે અમારી આયાતોને જૂઠાડતા હતા[૨૫૫] તેમનાં મૂળ ઉખેડી નાખ્યાં.[૨૫૬] અને તેઓ ઈમાનદાર ન હતા (૭૨)*

## :: સમજૂતી ::

**૨૩૧ :** હઝરત નૂહ علیہ السلامના પિતાનું નામ લમક હતું. તેઓ મતુશલખના અને મતુશલખ ઈખનુખ علیہ السلامના પુત્ર હતા. ઈખનુખ હઝરત ઈદ્રીસ علیہ السلامનું નામ છે. હઝરત નૂહ علیہ السلامને ચાલીસ અથવા પચાસ વર્ષની વયે નબુવ્વતના કાર્યોની સોંપણી થઈ.

ઉપરની આયતોમાં અલ્લાહ તઆલાએ પોતાની કુદરતની દલીલો અને અજબ ગજબના સર્જનનું વર્ણન કર્યું, જેનાથી તેની તૌહીદ અને પાલનહાર હોવું પુરવાર થાય છે. અને મૃત્યુ પછી જીવંત થવાની વાત કરી હોવા બાબત જડબાતોડ દલીલો સ્થાપિત કરી. ત્યારબાદ પૈગંબરો અને તેની ઉમ્મતો સાથે તેમને જે બનાવો બન્યા તેનું બયાન કરે છે. એમાં હુઝૂર علیہ السلامને સાંત્વન આપવાનો હેતુ છે કે માત્ર તમારી જ કૌમે સ્વીકારવાનો ઈન્કાર નથી કર્યો, આગલી ઉમ્મતો પણ એ કરતી આવી છે. અને નબીઓને જૂઠાડનારાઓનું પરિણામ દુનિયામાં વિનાશ અને આખેરતમાં સખ્ત અઝાબ છે. એનાથી સાબિત થાય છે કે નબીઓને જૂઠાડનારાઓ અલ્લાહના ગઝબને પાત્ર ઠરે છે. જે માણસ હુઝૂર علیہ السلام ને જૂઠાડશે, તેનું પરિણામ પણ એ જ થશે. નબીઓના આ બયાનમાં હુઝૂર علیہ السلامની નબુવ્વતની જબરદસ્ત દલીલ છે કારણ કે આપ ઉમ્મી હતા છતાં આપનું એ બનાવોને વિગતવાર વર્ણવવું, અને ખાસ કરીને એવા દેશમાં જ્યાં એહલે કિતાબના આલિમો મોટા પ્રમાણમાં હતા, અને વિરોધમાં સક્રિય પણ હતા. જરા જેટલી વાત મળી જતાં ઉહાપોહ મચાવી દેતા હતા, એવા સ્થળે આપનું એ બનાવોનું બયાન કરવું અને એહલે કિતાબનું ચુપ અને આશ્ચર્યમય રહેવું એ બાબતની સ્પષ્ટ દલીલ છે કે આપ સાચા નબી છે, અને પરવરદિગારે આપના માટે ઈલ્મોના દરવાજા ખોલી દીધા છે.

**૨૩૨ :** તે જ પૂજવાને પાત્ર છે.

**૨૩૩ :** તો તેના સિવાય અન્યને ન પૂજો.

**૨૩૪ :** કયામતના દિવસનો અથવા તોફાન

(રેલ)ના દિવસનો જો તમે મારી શિખામણ માન્ય ન રાખો અને સીધા માર્ગ પર ન આવો તો.

**૨૩૫ :** જેને તમે સારી રીતે ઓળખો છો અને જેની વંશાવળીને જાણો છો.

**૨૩૬ :** અર્થાત નૂહ علیہ السلامને.

**૨૩૭ :** જે તેમના પર ઈમાન લાવ્યા અને

**૨૩૮ :** જેમને સત્ય દેખાતું ન હતું. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું કે તેમનાં દિલો આંધળાં હતાં, મઅરેફતનું નૂર તેમના નસીબમાં ન હતું.

**૨૩૯ :** અહીં આદ પહેલીનું વર્ણન છે, એ હઝરત હૂદ علیہ السلامની કૌમ હતી. અને આદ બીજી હઝરત સાલિહ علیہ السلامની કૌમ હતી, એને ષમૂદ પણ કહે છે. *(જુમલ)*

**૨૪૦ :** હૂદ علیہ السلامને.

**૨૪૧ :** અલ્લાહના અઝાબની.

**૨૪૨ :** અર્થાત રસૂલ હોવાના દાવામાં સાચા નથી ગણતા.

**૨૪૩ :** કાફિરોનું હઝરત હૂદ علیہ السلامને મૂર્ખ અને જૂઠા કહેવું હદ દરજ્જાની બેઅદબી અને નાલાયકી હતી. અને તેઓ સખ્ત પ્રત્યુત્તરને પાત્ર હતા, પણ એમણે પોતાના ઉચ્ચ અખ્લાક઼, અદબ અને ઈલ્મી શાનને લક્ષમાં રાખીને જે જવાબ આપ્યો તેમાં બદલાની ગંધ પણ ન આવવા દીધી અને તેમની અજ્ઞાનતા સામે આંખ આડા કાન કર્યા. એનાથી જગતને એ પાઠ મળે છે કે મૂર્ખાઓ અને નાલાયકો સાથે આવી વાતચીત કરવી જોઈએ. સાથે સાથે એમને પોતાની રિસાલત અને હિતેચ્છુ હોવાનું તેમજ વિશ્વાસનો ઉલલેખ પણ કર્યો, એનાથી એ મસ્અલો જણાયો કે ઈલ્મ અને કમાલિયતવાળાઓ માટે જરૂરતના સમયે પોતાનો સ્થાન અને કમાલિયતને જાહેર કરવું જાઈઝ છે.

**૨૪૪ :** એ તેનો કેટલો મોટો ઉપકાર છે.

**૨૪૫ :** અને ખૂબ જ તાકાત અને બાંધાની લંબાઈ આપી.

**૨૪૬ :** અને આવા ઉપકાર કરનાર પર ઈમાન લાવો તેમજ આજ્ઞાપાલન તથા ઈબાદત કરીને તેના ઉપકારનો આભાર માનો.

**૨૪૭ :** અર્થાત પોતાના ઈબાદત કરવાના સ્થળેથી. હઝરત હૂદ علیہ السلام પોતાની કોમના ગામથી અલગ એક એકાંત જગ્યાએ ઈબાદત કરતા રહેતા હતા. જ્યારે એમની પાસે વહી આવતી ત્યારે જઈને સંભળાવી આવતા હતા.

**૨૪૮ :** મૂર્તિઓ

**૨૪૯ :** અઝાબ.

**૨૫૦ :** અને તમારી અવળચંડાઈના કારણે તમારા પર અઝાબનું આગમન અનિવાર્ય બની ગયું છે.

**૨૫૧ :** અને તેમની હક઼ીક઼ત કાંઈ જ ન હોવા છતાં અને અલ્લાહ હોવાના અર્થથી સદંતર કોરા હોવા છતાં તેમને પૂજવા લાગ્યા અને મઅ્બૂદ સમજવા માંડયા.

**૨૫૨ :** અલ્લાહના અઝાબની.

**૨૫૩ :** જે તેમના અનુયાયીઓ હતા, અને તેમના પર ઈમાન લાવ્યા હતા.

**૨૫૪ :** તે અઝાબની જે હૂદની કૌમ પર ઉતર્યો હતો.

**૨૫૫ :** અને હૂદ علیہ السلامને જૂઠાડતા હતા.

**૨૫૬ :** અને એ રીતે તેમનો નાશ કર્યો કે એક પણ બચ્યો નહીં. ટૂંકમાં બનાવ આ મુજબ છે કે કૌમે આદ અહકાફ નામના સ્થળે રહેતી હતી, જે ઓમાન અને હઝરમુતની વચમાં યમનના ભાગમાં એક રેતાળ પ્રદેશ છે, તેમણે ધરતીને ગુનાહોથી ભરી દીધી હતી અને દુનિયાની બીજી કૌમને પોતાની તાકાતના ઘમંડમાં અત્યાચારોથી કચડી નાખી હતી. એ લોકો મૂર્તિપૂજકો હતા. તેમની એક મૂર્તિનું નામ સદાઅ એકનું ષમૂદ અને એકનું હબાઅ હતું. અલ્લાહ તઆલાએ તેમનામાં હઝરત હૂદ علیہ السلامને જાહેર કર્યા. તેમણે તેઓને એક અલ્લાહની ઈબાદત કરવાનો અનુરોધ કર્યો અને શિર્ક મૂર્તિપૂજા તેમજ જુલ્મ અને

અત્યાચારની મનાઈ કરી. ત્યારે તે લોકોએ ઈન્કાર કર્યો, અને આપને જૂઠાડવા લાગ્યા, અને કહેવા લાગ્યા કે અમારાથી વધારે તાકતવાળુ બીજુ કોણ છે ?

અમુક માણસો હઝરત હૂદ علیہ السلام પર ઈમાન લાવ્યા હતા, તેઓ જુઝ હતા, અને પોતાનું ઈમાન સંતાડીને રહેતા હતા. તેમાંથી એક મો'મિનનું નામ મુરસદ ઈબ્ને સઅદ ઈબ્ને ઉઝૈર હતું. જ્યારે કૌમે ઘમંડ કર્યો અને પોતાના નબી હઝરત હૂદ علیہ السلامને જૂઠાડયા, ધરતીમાં હુલ્લડો મચાવ્યાં અને અત્યાચારોમાં વધારો કર્યો, અને ખૂબ મજબૂત ઘરો બાંધ્યાં, એમ લાગતું કે જાણે તેઓ એવું સમજી બેઠા છે કે તેમને દુનિયામાં હમેશાં રહેવાનું છે. જ્યારે તેમની હાલત એટલી હદે પહોંચી ત્યારે અલ્લાહે વરસાદને રોકી લીધો. ત્રણ વરસ સુધી વરસાદ વરસ્યો નહીં. ત્યારે તેઓ ખૂબ મુસીબતમાં આવી પડયા. અને તે સમયે નિયમ એવો કે જ્યારે કોઈ મુસીબત કે આફત આવી પડતી ત્યારે લોકો બયતુલ્લાહમાં હાજર થઈને અબ્દુલ્લાહ પાસે તેને દૂર કરવાની દુઆ માગતા હતા. એટલા માટે તેમણે એક મંડળ બયતુલ્લાહ મોકલ્યું તેમાં કીલ ઈબ્ને અન્ઝ અને નઈમ ઈબ્ને હઝાલ તથા મુરસદ ઈબ્ને સઅદ હતા. જેમનામાં છેલ્લા તે છે જેઓ હઝરત હૂદ علیہ السلام પર ઈમાન લાવ્યા હતા, અને પોતાનું ઈમાન છુપાવી રાખતા હતા.

તે સમયે મક્કા મુકર્રમામાં અમાલી (કૌમનું નામ) રહેતા હતા. અને તેમનો સરદાર મુઆવિયહ્ ઈબ્ને બક્ર હતો. તેનું મોસાળ કૌમે આદમાં હતું એ સંબંધ લઈને પેલું પ્રતિનિધિમંડળ મક્કા શરીફની પાસે મુઆવિયહ બિન બક્રના ઘરે ઉતર્યું. તેણે પેલા લોકોની ખૂબ ચાકરી અને ઈજ્જત કરી. તે લોકો ત્યાં શરાબ પીતા અને લોંડીઓના નાચ જોતા, એ રીતે પૂરો એક મહિનો એશઆરામમાં કાઢી નાખ્યો. મુઆવિયહને વિચાર આવ્યો કે આ લોકો તો એશઆરામમાં પડી ગયા અને પોતાની કૌમની મુસીબતને ભૂલી ગયા છે, જેઓ ત્યાં આફતમાં સપડાએલી છે, પણ મુઆવિયહ ઈબ્ને બક્રને એનો પણ ખ્યાલ હતો કે જો તે પોતે એમને તે વાત કહશે તો ક્યાંક તેમને એવો ખ્યાલ આવશે કે આને હવે યજમાની ભારે પડી રહી છે, માટે તેને ગાનારી લોંડીઓને એવી કાવ્યપંક્તિઓ આપી જેમાં કૌમે આદની હાજતોનું વર્ણન હતું. જ્યારે લોંડીઓએ પેલું કાવ્ય ગાયું ત્યારે યાદ આવ્યું કે તેઓ એમની કૌમની મુસીબતની ફરિયાદ કરવા મક્કા મુકર્રમા મોકલવામાં આવ્યા છે. હવે તેમને વિચાર આવ્યો કે હરમ શરીફમાં પ્રવેશીને કૌમ માટે પાણી વરસવાની દુઆ કરીએ. ત્યારે મુરસદ ઈબ્ને સઅદે કહ્યું કે, "અલ્લાહની કસમ ! તમારી દુઆથી પાણી નહીં વરસે, પણ જો તમે તમારા નબીનું કહેવું માનો અને અલ્લાહ પાસે તૌબા કરો તો વરસાદ થશે, અને ત્યારે મુરસદે પોતાનું ઈસ્લામ જાહેર કરી દીધું. પેલાઓએ મુરસદને પડતા મૂક્યા, અને જાતે મક્કા જઈને દુઆ કરી. અલ્લાહ તઆલાએ ત્રણ વાદળો મોકલ્યાં, એક સફેદ, એક લાલ અને એક કાળું. અને આકાશમાંથી અવાજ આવ્યો, "હે કીલ ! તારા અને તારી કૌમ માટે એમાંથી એક વાદળ પસંદ કરી લે, તેણે કાળા વાદળને પસંદ કર્યું. એવા વિચારે કે એમાંથી ખૂબ વરસાદ વરસશે.

પછી તે એક વાદળ કૌમે આદ તરફ ચાલ્યું, અને તે લોકો તેને જોઈને ઘણા ખુશ થયા. પણ તેમાંથી એક હવા ચાલી, તે એટલી જોરની હતી કે ઊંટો અને માણસોને ઉડાડીને ક્યાંથી ક્યાં લઈ જતી હતી, આ જોઈને તે લોકો ઘરોમાં પેસી ગયા, અને બારણાંઓ બંધ કરી દીધાં છતાં હવાના જોરથી બચી શક્યા નહીં. તેણે તેમના બારણાઓ પણ તોડી નાખ્યાં, અને તેમનો સર્વનાશ કરી નાખ્યો. અલ્લાહની કુદરતથી કાળાં પક્ષીઓ આવ્યાં અને તેમણે તેમની લાશોને ઊંચકી ઊંચકીને દરિયામાં નાખી દીધી. હઝરત હૂદ મો'મિનોને લઈને જુદા થઈ ગયા હતા, તેથી તેઓ સલામત રહ્યા. કૌમના વિનાશ પછી ઈમાનવાળાઓને લઈને મક્ક મુકર્રમા આવ્યા, અને જીવનના અંતિમ સમય સુધી ત્યાં જ અલ્લાહની ઈબાદત કરતા રહ્યા.

# દર્સે હદીષે પાક એટલે મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

## બાબુસ્સહ્‌વ[૧]
## (ભૂલવા વિશે બયાન)
### (વિભાગ : ૧)

**૧.** અહીં સહ્‌વથી ઉમ્દનો વિરોધાર્થી મુરાદ છે જેથી એમાં ખતા તથા નિસ્યાન એટલે ગલતી તથા ભૂલ બંને સામેલ છે. સહ્‌વનો શાબ્દિક અર્થ ગફલત છે. જાહેર એ છે કે અહીં નમાઝની ભૂલચૂક મુરાદ છે. અમુક ભૂલથી સજદએ સહ્‌વ વાજિબ થાય છે અને અમુકથી નહીં. શયખે ફર્માવ્યું, આ ઉમ્મત પર ખુદાનો મહાન એહસાન એ છે કે હુઝૂર અકરમ ﷺ ને પણ નમાઝો વગેરેમાં ભૂલ થતી હતી જેથી ઉમ્મતના માટે એ ભૂલ પણ સુન્નત બની જાય. અને એના પર સવાબ મળે. જેમ કે અમુક સૂફીઓ ફર્માવે છે કે તંદુરસ્તી અને બીમારી, બલ્કે જિંદગી તથા મૌત સુન્નતે રસૂલ છે. એ જ પ્રમાણે સૂવુ તથા જાગવું અને મો'મિનનાં સર્વ કામ સુન્નતે રસૂલ છે.

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તમારામાંથી જ્યારે કોઈ નમાઝ પઢવા માટે ઉભો થાય છે તો તેની પાસે શૈતાન આવે છે અને તેને શંકામાં નાખી દે છે, ત્યાં સુધી કે તે નથી જાણતો કે કેટલી નમાઝ પઢી[૧]. જ્યારે તમારામાંથી કોઈ આ વાત પામે તો બેસેલો રહી બે સજદા કરે[૨]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** આ તર્જુમો ખૂબ જ યોગ્ય છે. ફક઼ીહો ફર્માવે છે કે જેને આ ભૂલની આદત હોય તે કામનો લેહાઝ કરે અને સજદએ સહ્‌વ કરે અને જેને પ્રથમ વાર એ ભૂલ થઈ તે નમાઝ દોહરાવે. અહીં ભૂલની આદતનું વર્ણન છે. જેમ કે لَا يَدْرِيْ થી જણાય રહ્યું છે.

**૨.** એક સલામ ફેરવીને. જેવું કે અન્ય હદીષોમાં છે. યાદ રાખશો કે આ સ્થિતિમાં આપણે ત્યાં સજદો વાજિબ છે, ઈમામ શાફઈને ત્યાં સુન્નત છે. આ હદીષ આપણી દલીલ છે કેમ કે فَلْيَسْجُدْ વાજિબ હોવા માટે હોય છે. અહીં શયખે ફર્માવ્યું કે اَحَدُكُمْ થી માલૂમ પડે છે કે હુઝૂર ﷺ ને નમાઝમાં ભૂલ શૈતાની અસરથી નહીં થઈ શકતી બલ્કે આલમે ગયબમાં ધ્યાન કરવાને કારણે થાય છે. સુબ્હાનલ્લાહ ! બેહતરીન વાત કહી !

*"હઝરત અતા ઈબ્ને યસાર رضی اللہ عنہ થી રિવાયત છે. તે હઝરત અબૂ સઈદથી રિવાયત કરે છે[૧] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ પોતાની નમાઝમાં શક કરે, ન જાણે કે કેટલી પઢી, ત્રણ કે ચાર. તો શકને દૂર કરે અને યક઼ીન પર આધાર રાખે[૨]. પછી સલામથી પહેલાં બે સજદા કરે[૩] પછી જો પાંચ પઢી લીધેલી હશે તો તેની નમાઝને શફઅહ કરી દેશે[૪]. જો ચાર રકાત પૂરી પઢવા માટે પઢી તો સજદા શૈતાનની નાક ધૂળમાં*

*રગદોળશે[૫]. (મુસ્લિમ) માલિકે અતાથી ઈરસાલન્ રિવાયત કરી. એમની રિવાયતમાં આ પ્રમાણે છે કે બે સજદા નમાઝને શફઅહ કરી લેશે[૬].*

**૧.** પહેલાં કહેવામાં આવી ચૂક્યું છે કે અતા ઈબ્ને યસાર મદીનાના મહાન આલિમ હતા. તાબઈનમાંથી છે. ઉમ્મુલ મો'મિનીન મૈમૂનાના ગુલામ છે. **૨.** એટલે કે ઓછુ માને કે એ યકીની છે, વધારે ન લે કે તે શંકાસ્પદ છે. **૩.** બુખારીની રિવાયતમાં સલામથી પહેલાનો શબ્દ નથી, અહીં સલામથી મુરાદ નમાઝની સલામ છે જેનાથી નમાઝથી નીકળીએ છીએ, ન કે સજદએ સહવની સલામ. જેથી આ હદીષ ન તો હનફીઓની વિરુદ્ધ છે અને ન તે હદીષોથી વિરોધાભાસી છે જેમનામાં સલામનો ઉલ્લેખ છે કે ત્યાં સલામથી મુરાદ સજદએ સહ્વની સલામ છે. આ હદીષના આધારે શાફઈ ફર્માવે છે કે સજદએ સહ્વમાં સલામ નથી. પણ ઈમામે આ'ઝમ અબૂ હનીફાનો કૌલ ખૂબ જ ક્વી છે. **૪.** એટલે કે જો નમાઝીએ ત્રણ રકાતો માનીને એક રકાત અધિક પઢી લીધી અને હકીકતમાં ચાર થઈ ચૂકી હતી અને એ રકાતને પઢવાથી પાંચ થઈ ગઈ તો તે બે સજદા એક રકાતની જેમ થઈને છ રકાતો થઈ જશે અને તેને ચાર ફર્ઝ તથા બે નફ્લનો સવાબ મળી જશે. શફઅનૂનો ફાઈલ તે પાંચ રકાતો છે. **૫.** એટલે જો ખરેખર રકાતો ત્રણ જ થઈ હતી અને હવે ચાર પૂરી થઈ તો એનાથી નમાઝીનું કોઈ નુકસાન નથી. શૈતાન ઝલીલ થઈ જશે કે તેણે નમાઝ ખરાબ કરવા ચાહી પણ કામયાબ ન થઈ શક્યો, બલ્કે બે સજદાઓનો સવાબ અધિક મળી ગયો. **૬.** એટલે જો નમાઝી પાંચ રકાતો પઢી ગયો છે તો એ બે સજદઓની બરકતથી પોતાની નમાઝને છ રકાતો બનાવી લેશે અને ચાર ફર્ઝોની સાથે બે નફ્લોનો સવાબ પણ પામશે.

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ પાંચ રકાતો પઢી લીધી. આપને અર્ઝ કરવામાં આવી શું નમાઝમાં વધારો કરવામાં આવ્યો ? ફર્માવ્યું, શું વાત છે ? અર્ઝ કરવામાં આવી, આપે પાંચ પઢી લીધી તો આપે સલામ બાદ બે સજદા કરી લીધા[૧]. અને એક રિવાયતમાં છે કે ફર્માવ્યું, તમારા જેવો બશર છું, તમારી જેમ ભૂલું છું[૨]. જ્યારે હું ભૂલી જતો હોઉં તો મને યાદ અપાવ્યા કરો. જ્યારે તમારામાંથી કોઈ નમાઝમાં શક કરે તો દુરુસ્તી તલાશ કરે, એના પર નમાઝ પૂરી કરે પછી સલામ ફેરવે પછી બે સજદા કરે[૩]."*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** આ બનાવ તે સમયનો છે જ્યારે નમાઝ વાતચીત કરવાથી ફાસિદ થતી ન હતી. કેમ કે આ સવાલ તથા જવાબ છતાં નમાઝ બાકી હતી જેથી સજદએ સહ્વ કરી લીધો. હવે એવું નથી થઈ શકતું. સલ્લિમથી મુરાદ એ જ નમાઝની સલામ છે જે નમાઝ પૂર્ણ કરવાની નિય્યતથી કરવામાં આવ્યો હતો. યાદ રાખશો કે જો કોઈ નમાઝીને સલામ બાદ પોતાની ભૂલ યાદ આવે તો તરત જ સજદએ સહ્વમાં પડી જાય અને પછી અત્તહિય્યાત પઢીને સલામ ફેરવે. પહેલો સલામ સહ્વનો થઈ જશે બીજો નમાઝનો.

**૨.** આ શબ્દ હુઝૂર ﷺના મોઢા પર સજે છે, આપણે બશર કહીને હુઝૂર ﷺને નથી પોકારી શકતા. રબ તઆલા ફર્માવે છે : لَا تَجْعَلُوْا دُعَآءَ الرَّسُوْلِ بَيْنَكُمْ كَدُعَآءِ بَعْضِكُمْ بَعْضًا الخ "રસૂલને પોકારવાને આપસમાં એવું ન ઠરાવી લો જેવી રીતે તમારામાં એકબીજાને પોકારે છે." *(૨૪/૬૩, કન્ઝુલ ઈમાન)* અહીં કેવળ ભૂલવામાં સરખામણી છે ન કે ભૂલવાના પ્રકારમાં. આપણી તથા હુઝૂર ﷺની ભૂલનો તફાવત હમણા અમે વર્ણન કરી ચૂક્યા છીએ.

**૩.** આ તલાશનો હુકમ એ સ્થિતિમાં છે જ્યારે કોઈ બાજુ ગાલિબ ગુમાન હોય, અને જો કોઈ ગુમાન ગાલિબ ન હોય તો જોડીને લે. જેથી આ હદીષ પાછલી હદીષની વિરુદ્ધ નથી. *–(ક્રમશઃ)*

# ફવાઈદુલ ફવાદ

## દિલોના ફાયદા

ભાગ-બીજો

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

આ ઉચ્ચ ખૂબીઓ તથા મહેકતા બોલ ખ્વાજા રાસ્તીન કુત્બુલ અક્તાબ ફીલ અર્દીન ખત્મુલ મશાઈખ ફીલ આલમીન નિઝામુલ હક્ક્ વશરઅ વદ્દીન (અલ્લાહ તઆલા તેમની લાંબી ઉમરથી મુસલમાનોને ફાયદો આપે. આમીન)ના મુબારક શબ્દો અને મોતબર્રક વાતોથી જમા કરવામાં આવેલ છે. એ જ પ્રમાણે પહેલાં પણ અમુક ભાગ એક જિલ્દ (ભાગ)માં લખવામાં આવી ચૂક્યા છે અને એમનુ નામ ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) રાખવામાં આવે છે, ઉમ્મીદ છે કે એને વાંચનાર તથા લખનારાને બંને જહાનની રાહત મય્યસર થશે. ઈન્શા અલ્લાહુ તઆલા !

આ લખાણો જે જમા કરવામાં આવેલ છે તે યારોના માટે તોહફા બની ગયા છે. હસન અલા સંજરી (મુરીદની) આશા લગાડીને રાખનારાઓમાંથી એક છે.

### (પ્રથમ મજલિસ)

હિ.સ. ૭૦૯ શવ્વાલ મહીનાની ૨૯ તારીખ બુધવારે કદમબોસીની દોલત હાથ લાગી. દુનિયાવાળાઓથી મેલજોલ છોડવાનો ઉલ્લેખ થયો. ફર્માવ્યું કે જવાનીના જમાનામાં મારું લોકોની સાથે ઉઠવા બેસવાનુ હતું. પણ હમેશાં દિલમાં એ રહેતું કે એમનાથી છૂટકારાનો મોકો ક્યારે મળશે. જો કે તેઓ તાલિબે ઈલ્મ અને મશગૂલ બહક્ક્ લોકો રહેતા હતા, પરંતું ચર્ચા દરમિયાન મોટાભાગે મારું દિલ નફરત કરતુ થઈ જતુ હતું અને મેં કેટલીયવાર મારા સાથીઓને કહ્યું પણ કે હું તમારા દરમિયાન રહીશ નહીં, હું તો તમારી પાસે બસ થોડા દિવસોનો મહેમાન છું. બંદા (હસન અલા સંજરી)એ અર્ઝ કરી કે, શું હઝરત શયખુલ ઈસ્લામ ફરીદુદ્દીન قدس سرہથી બયઅત થતા પહેલાં આપ આવુ કહેતા હતા ? ફર્માવ્યું, હા !

### (બીજી મજલિસ)

એ જ વરસે ઝી કઅદાની ૨૭ તારીખે બુધવારે કદમબોસીની સઆદત મયસ્સર થઈ. ચર્ચા એ હતી કે મુરીદ લોકો પોતાના પીરની ઝિયારતના માટે જયા કરે છે અને દરેક અમુક મુદ્દત પછી જાય છે. ઝબાન મુબારકથી ઈર્શાદ થયો કે હું ત્રણવાર શયખુલ ઈસ્લામ ફરીદુલ હક્ક્ વદ્દીન قدس سرہની ખિદમતમાં હાજર થયો છું દરેક વરસે એકવાર, ઈન્તેકાલ ક્યાં બાદ સાતવાર અધિક ગયો છું કે સાતવાર સારી રીતે યાદ નથી પરંતું અધિક ખયાલ એ જ છે કે સાતવાર ગયો છું કેમ કે દિમાગમાં એ વાત પણ જામેલી છે કે જિંદગીમાં અને વફાત બાદ કુલ ૧૦ વાર હાજરી થઈ છે. ત્યારબાદ ફર્માવ્યું કે શયખ જમાલુદ્દીન હાંસીથી સાતવાર હાજર થયા હતા. ત્યારબાદ ફર્માવ્યું કે શયખ નજીબુદ્દીન મુતવક્કિલ જ્યારે પ્રથમવાર હાજર થયા

અને વિદાય થતી વખતે શયખથી ફાતિહાની દરખાસ્ત કરી જેથી જેવી રીતે એ વખતે હાજર થયા એ રીતે ફરી આવે અને દસ્તબોસી હાંસલ થાય. તો શયખે ફર્માવ્યું કે ફાતિહાની જરૂરત નથી તમે ઘણીવાર આવશો. જેથી એના પછી અઢારવાર આવ્યા. ૧૮મી વખતે પરત થવા લાગ્યા તો ફરી ફાતિહાની દરખાસ્ત કરી એ નિય્યતથી કે પહેલીવાર ફર્માવ્યું હતું કે ઘણીવાર આવશો, એ સમયથી અત્યાર સુધી ૧૯ ફેરા થઈ ગયા, હવે ફરી ફાતિહાની દરખાસ્ત કરું કે એકવાર અધિક આવીને વીસ હાજરીઓ થઈ જાય. પરંતું શયખ ખામોશ રહ્યા. શયખ નજીબુદ્દીન સમજ્યા કે કદાચ સાંભળ્યું નથી એટલા માટે તેમણે ફરી અર્ઝ કરી, પણ શયખે જવાબ ન આપ્યો. છેવટે તે પરત આવી ગયા અને ત્યારબાદ તેમના વચ્ચે મુલાકાત ન થઈ.

પછી શયખ બહાઉદ્દીન ઝકરિયાનો ઝિક્રે ખૈર આવ્યો કે તે શયખુશ્શોયૂખ શહાબુદ્દીન સુહરવર્દી قدس سرہ ની ખિદમતમાં ગયા પણ તેમની ખિદમતમાં ૧૭ દિવસથી વધુ ન રહ્યા. ૧૭મા દિવસે જ શયખ શહાબુદ્દીને તેમને નેઅમતોથી માલામાલ કરી આપ્યા. જ્યારે શયખ બહાઉદ્દદીન હિંદુસ્તાન આવ્યા તો બીજીવાર ઈરાદો કર્યો કે શયખની ખિદમતમાં હાજર થાઉં. જ્યારે રવાના થયા તો શયખ જલાલુદ્દીન તબરેઝી સામેથી આવ્યા અને શયખ બહાઉદ્દીનને પરત કરી આપ્યા કે શયખુશ્શોયૂખનું ફર્માન એ જ છે કે તમે પરત ચાલ્યા જાવ.

ત્યારબાદ શયખ બહાઉદ્દીનની બુઝુર્ગીની ચર્ચા ચાલી. ઈર્શાદ થયો કે ૧૭ દિવસોમાં જ તેમણે તે નેઅમતો હાંસલ કરી લીધી જેને અન્ય મુરીદો વરસોમાં હાંસલ ન કરી શક્યા, ત્યાં સુધી કે તેમના અમુક પૂરાણા મુરીદોને નાપસંદ પણ પડયું કે અમે આટલા વરસોથી ખિદમત કરી રહ્યા છીએ પણ અમને તો આટલી નેઅમત મળી નહીં, અને એક હિંદુસ્તાની આવ્યો અને આટલી થોડી મુદ્દતમાં તેને ખિલાફત મળી ગઈ, અને અસંખ્ય નેઅમતો પણ મળી. એ વાત શયખના કાનો સુધી પણ પહોંચી. તેમણે જવાબ આપ્યો કે તમે લોકો ભીની લાકડીઓ લાવ્યા હતા તો ભીની લાકડીઓ આગ કેવી રીતે પકડી શકે છે ?! ઝકરિયા સૂકી લાકડીઓ લાવ્યા હતા જે એક ફૂંકમાં સળગી ઉઠી.

## (ત્રીજી મજલિસ)

એ જ વરસે માહે ઝીલ હજ્જની ૧૩મી તારીખ જુમેરાતે કદમબોસીની સઆદત નસીબ થઈ. તાઅત (ફર્માંબરદારી) અને હક્કમાં મશગૂલીનો ઉલ્લેખ થયો. આદેશ થયો કે જે પણ વજૂદ (અસ્તિત્વ) છે અદમો (અન અસ્તિત્વ)ની દરમિયાન છે, અને જે વજૂદ એ અદમોની વચ્ચે હોય તેને પણ અદમ (ગૈર મૌજૂદ) સમજવું જોઈએ. જેમ કે સ્ત્રીઓના જાણીતા દિવસોમાં જો એક દિવસ લોહી નજર આવે છે અને બીજા દિવસે પાકી રહે છે અને ફરી ત્રીજા દિવસે લોહી જોવા મળે છે, તો એ પાકીના બારામાં પણ લોહીનો જ હુકમ છે. ત્યારબાદ ફર્માવ્યું કે તે વજૂદ જે બે અદમોની વચ્ચે હોય તે ગૈર મુતવાતિર પાકીની જેમ છે જે બે લોહીઓના દરમિયાન હોય. મતલબ એ છે કે એ જિંદગીનો શું ભરોસો જેના વજૂદ પર અદમનો હુકમ લાગી શકે છે. એ થોડા સમયગાળાને બેકારી તથા ગફલતમાં શા માટે પસાર કરવામાં આવે.

પછી એક બુઝુર્ગની હિકાયત વર્ણવી કે તે હમેશાં મશગૂલે બરહક્ક રહેતા અને લોકો સાથે મેલજોલ રાખતા ન હતા. તેમને કહેવામાં આવ્યું કે તમે આ શું હાલ કરી રાખ્યો છે કે કોઈની સાથે પણ ઉઠવા બેસવાનું નથી ?! એ પીરે જવાબ આપ્યો કે એનાથી પહેલાં હું કેટલાય હજાર સાલો સુધી મઅદૂમ (ગૈર મૌજૂદ) રહ્યો, ત્યાર બાદ ફરી જમાનાઓ માટે મઅદૂમ (ગૈર મૌજૂદ) થઈ જઈશ. આ જે થોડી સરખી ઉમર દરમ્યાનમાં મળી છે તેને શા માટે વેડફી નાખુ અને લોકોમાં મેલ જોલ કરીને અને નિરર્થક ચીજોમાં મશગૂલ થઈને તેને શા માટે ખર્ચી કાઢુ ?! અને આ નક્દ હયાતને હક્કની રઝામાં કેમ ન ખર્ચી કાઢું ?!

મૌલાના મહમૂદ ઓછી (તેમની પરહેઝગારી કાયમ રહે) હાજર હતા. તેમને પૂછયું કે ક્યાં રહો છો ? તેમણે અર્ઝ કરી કે મૌલાના બુરહાનુદ્દીન ગરીબ (તેમના ફઝાઈલ કાયમ રહે)ના ઘરમાં રહું છું. ઝબાને ગોહરફશાંથી ઈર્શાદ થયો કે જ્યાં પણ રહો ખરા બનીને રહો.

ત્યારબાદ ઈર્શાદ થયો કે દરરોજ જમીનનો એક હિસ્સો બીજા હિસ્સાને ઝબાને હાલથી પૂછે છે કે શું તારા પરથી આજે કોઈ ઝિક્ર કરનાર અથવા કોઈ દર્દમંદ પસાર થયો ? તો તે જવાબ આપે છે કે નથી ગુજર્યો ! તો તે જમીનનો હિસ્સો જેના પરથી એવો માણસ ગુજર્યો હોય છે તે એ હિસ્સા પર શરફ (બુઝુર્ગી) મેહસૂસ કરે છે.

## (ચોથી મજલિસ)

એ જ વરસે માહે ઝીલ હજ્જની પચ્ચીસમી તારીખ મંગળવારે કદમબોસીની દોલત હાથ આવી. શયખ એ દિવસે કોઈ અઝીઝની નમાઝે જનાઝામાં હાજરી આપીને આવ્યા હતા. મર્હૂમના બારામાં ઈર્શાદ થયો કે તે ઘણા જ નેક માણસ હતા અને નેક કામોમાં ખર્ચ પણ કરતા હતા. કોઈની અચ્છાઈ બુરાઈથી વાસ્તો રાખતા ન હતા, અને નેકીની રાહ પર ચાલતા હતા, બસ ! કોઈનો હાથ પકડયો ન હતો. પછી ફર્માવ્યું કે જ્યારે માણસ ઈલ્મ હાંસલ કરે છે તો શરફ (બુઝુર્ગી) પામે છે અને જ્યારે તાઅત (આજ્ઞાપાલન) કરે છે તો તેનું કામ બેહતર થઈ જાય છે. એ વખતે પીરની જરૂરત પડે છે કે બંનેને તોડી નાખે, એટલે કે ઈલ્મ તથા અમલને તેની નજરથી ઉતારી નાખે કે જેથી તે ઘમંડી ન બની જાય અને નુકસાનમાં ન રહે. એ વખતે એ મરનારાના બારામાં ફર્માવ્યું કે સાંભળ્યું કે ઈન્તેકાલના સમયે એ એકલા હતા, પોતાનાં પરાયાંમાંથી કોઈ પણ નજીક ન હતું. બસ એ હતા અને હક્ક તઆલા. અને આ ઘણી સારી હાલત અને ઘણી મોટી સઆદત (નેક બખ્તી) છે.

ત્યારબાદ મૌલાના શહાબુદ્દીન ખતીબ હાંસવીની હિકાયત વર્ણવી. આદેશ થયો કે તેમણે દુઆ માગી કે ખુદાવંદ ! મેં તારા ઘણા બધા વાયદા પૂરા કર્યા હવે મને ઉમ્મીદ છે કે તું પણ મારી એક વાત પૂરી કરાવી આપીશ, અને તે એ છે મારા મરતી વખતે કોઈ મારી પાસે ન હોય, ન મલકુલ મૌત અને ન અન્ય કોઈ ફરિશ્તો. બસ હું હોય અને તું હોય !

ત્યારબાદ ફર્માવ્યું કે મૌલાના શહાબુદ્દીન رحمۃ اللہ علیہ ઘણા જ બુઝુર્ગ માણસ હતા. દરેક રાતે સૂરએ બક્રહ પઢતા હતા પછી સૂતા હતા. જેમ કે ફર્માવે છે કે એક રાતે મેં આ સૂરત પઢી તો ઘરના ખૂણામાંથી પોકાર આવ્યો : ''જો અમારાથી સંબંધ છે તો ઠીક છે, અને જો નથી તો અમારા નજીકથી હટી જાવ, અમે તો દોસ્તને હલાક કરનારા છીએ, તમે એ સહી નથી શકતા''

ઘરવાળાં સૌ સૂઈ રહ્યા હતાં. હું આશ્ચર્યમાં પડી ગયો કે આ કોણ બોલી રહ્યું છે ! ઘરમાં કોઈ માણસ એવો ન હતો જે આવી વાત કહેતો. બીજી વાર ફરી એ જ સાંભળ્યું. ખ્વાજા ઝિક્રલ્લાહ બિલખૈર જ્યારે આ વાત સુધી પહોંચ્યા તો એ પ્રમાણે રૂદન (ગિર્યા) છવાઈ ગયું કે પૂરો કિસ્સો વર્ણવી ન શક્યા. રડતા જતા હતા અને હિકાયત વર્ણન કરતા હતા કે આ મૌલાના શહાબુદ્દીન આ ખિતાબ સાથે ગયા અને ઘણી મુસીબતો વેઠી અને તકલીફો વેઠી અને દુનિયાથી એ રીતે રુખસદ થયા જેવું કે તે ચાહતા હતા.

પછી સમાઅ અને સમાઅવાળાઓની ચર્ચા ચાલી. ઝબાન મુબારકથી ઈર્શાદ થયો કે સમાઅ પુરૂષો માટે જબરદસ્ત કસોટી છે. પછી એ ચર્ચા આવી કે ખૌફનું ઈમાન કેવું હોય છે ? ઈર્શાદ થયો કે કાફિર લોકો મરતી વખતે અઝાબને જોઈ લેશે એ વખતે ઈમાન લાવશે પણ એ ઈમાન કોઈ ગણત્રીમાં નથી, કેમ કે એ ગયબ પર ઈમાન નથી. જો મો'મિન મરતી વખતે તૌબા કરે તો તેની તૌબા કબૂલ થાય છે પરંતું કાફિર લોકોનું મરતી વખતનું ઈમાન કબૂલ નથી થતું. –(ક્રમશઃ)

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

ભાગ-૨

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## લિબાસ (પહેરવેશ)નું બયાન

**(૧)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે સૌથી સારાં તે કપડાં છે જેને પહેરીને તમે ખુદાની ઝિયારત કબરો અને મસ્જિદમાં કરો તે સફેદ છે. એટલે સફેદ કપડામાં નમાઝ પઢવી અને મુર્દાઓને કફન પહેરાવવું ઘણું સારું છે. *(ઈબ્ને માજા)*

**(૨)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની કમીઝની બાંયો કાંડા સુધી હતી. *(તિર્મિઝી, અબૂ દાઊદ)*

**(૩)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم અમામા શરીફ બાંધતા તો શિમ્લો (છેડો) બંને ખભા વચ્ચે લટકાવતા.

**(૪)** અને ફર્માવ્યું કે અમામો બાંધવો અખત્યાર કરો કેમ કે એ ફરિશ્તાઓની નિશાની છે અને તેને પીઠ પાછળ લટકાવો. *(બયહકી)*

**(૫)** અને ફર્માવ્યું કે અમારી અને મુશ્રિકો વચ્ચે ફર્ક એ છે કે અમારો અમામો ટોપીઓ પર હોય છે. *(તિર્મિઝી)*

**(૬)** હઝરત આઈશા رضی اللہ عنہا કહે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને ફર્માવ્યું કે આઈશા ! જો તમે મને મળવા માંગતાં હોઉ તો દુનિયાથી એટલા પર બસ કરો જેટલો સવાર પાસે સામાન હોય છે અને માલદારો પાસે બેસવાથી બચો અને જ્યાં સુધી થીંગડા ન લાગશે ત્યાં સુધી કપડાંને જૂનાં ન સમજો. *(તિર્મિઝી)*

**(૭)** હફસા બિન્તે અબ્દુર્રહમાન رضی اللہ عنہا હઝરત આઈશા رضی اللہ عنہا ની પાસે બારિક દુપટ્ટો ઓઢીને આવ્યાં તો હઝરત આઈશાએ તેમનો દુપટ્ટો ફાડી નાંખ્યો અને જાડો દુપટ્ટો આપી દીધો. *(ઈમામ માલિક)*

**(૮)** ફર્માવ્યું કે જે માણસ શોહરત માટે મોટાઈ દેખાડવા કપડાં પહેરશે, કયામતના દિવસે અલ્લાહ તઆલા તેને ઝિલ્લતનાં કપડાં પહેરાવશે. શોહરતનો મતલબ એ છે કે ઘમંડના તોર પર સારાં કપડાં પહેરે યા જે માણસ દુર્વેશ ન હોય અને તે દુર્વેશનાં કપડાં એટલા માટે પહેરે કે લોકો એને દુર્વેશ સમજે યા આલિમ ન હોય અને આલિમ જેવાં કપડાં પહેરીને પોતે આલિમ છે એવું લોકોને બતાવતો હોય. એટલે કે કપડાંથી મતલબ કોઈ ખૂબીને જાહેર કરવા માટે હોય.

*(ઈમામ અહમદ, અબૂ દાઊદ, ઈબ્ને માજા)*

**(૯)** ફર્માવ્યું કે જે માણસ શક્તિ હોવા છતાં પણ સાદગી માટે સારાં કપડાં પહેરવાનું છોડી દે અલ્લાહ તઆલા કરામતનો જન્નતી લિબાસ પહેરાવશે. *(અબૂ દાઊદ)*

**(૧૦)** હઝરત અબુલ અહવસના વાલિદ (સાહેબ) કહે છે કે હું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયો. મારાં કપડાં હલકા પ્રકારનાં હતાં (મેં હલકા પ્રકારનાં કપડાં પહેરેલાં હતાં). હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે શું તમારી પાસે માલ નથી ? મેં અર્ઝ કરી કે હા ! છે. ફર્માવ્યું કે ક્યા પ્રકારનો માલ છે ? મેં અર્ઝ કરી, ખુદાએ મને આપેલો દરેક પ્રકારનો માલ છે. ઊંટ, ગાય, બકરીઓ, ઘોડા, ગુલામ. ફર્માવ્યું કે જ્યારે ખુદાએ તમને માલ આપ્યો છે તો તેની નેઅમત, કરામતની અસર તમારા પર દેખાવી જોઈએ. *(નિસાઈ વગેરે)*

**(૧૧)** ફર્માવ્યું કે દુનિયામાં જે રેશમી પહેરશે એને માટે આખેરતમાં કોઈ હિસ્સો નથી. *(બુખારી, મુસ્લિમ)*

**(૧૨)** ફર્માવ્યું કે સોનુ અને રેશમ (રેશમી કાપડ) મારી ઉમ્મતની ઓરત માટે હલાલ છે અને મરદો પર હરામ. *(તિર્મિઝી, નિસાઈ)*

**(૧૩)** રસૂલુલ્લાહ ﷺ એ જાનવરનું ચામડું પાથરવાનું મના ફર્માવ્યું છે. *(તિર્મિઝી)*

## ★ કપડાં પહેરવાની દુઆ ★

**(૧૪)** તિર્મિઝીમાં છે : હઝરત ઉમર رضی اللہ عنہ એ નવાં કપડાં પહેર્યાં અને એવું પઢયા :

اَلْحَمْدُ لِلّٰہِ الَّذِیْ كَسَانِیْ مَا اُوَارِیْ بِہٖ عَوْرَتِیْ وَاَتَجَمَّلُ بِہٖ فِیْ حَیَاتِیْ

પછી એવું બોલ્યા કે મેં રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું છે કે જે માણસ નવા કપડાં પહેરતી વખતે આ પઢે અને જુનાં કપડાંનો સદકો કરી આપે તે જિંદગીમાં મને મરવા પછી અલ્લાહ તઆલાની પનાહ, હિફાઝત સતરમાં રહેશે. ત્રણે શબ્દોનો એક જ અર્થ છે. એટલે અલ્લાહ તઆલા એની હિફાઝત કરનાર, નિગેહબાન છે. અને ફર્માવ્યું કે જે શખ્સ જે કોમની મુશાબેહત કરે તે એમનામાંથી છે.

## ★ લિબાસ તથા આદતોમાં મળતાપણાના કાયદા તથા હુકમો ★

આ હદીષ એક અસલ કડી છે કે લિબાસ (પહેરવેશ) આદતો અને અતવાર (તૌર તરીકા)માં કયા લોકોની મુશાબેહત (મળતાપણુ) કરવી જોઈએ અને કયા લોકોની ન કરવી જોઈએ. કાફિરો, મુશ્રિકો અને ફાજિરોની મુશાબેહત કરવી બુરું છે અને નેક લોકો તથા પરહેઝગારોની મુશાબેહત સારી છે. મુશાબેહતના પણ દરજ્જાઓ છે અને તે પ્રમાણેના હુકમો પણ અલગ અલગ છે. કાફિરો અને ફાસિકોથી મળતાપણાનો અદના મર્તબો કરાહત છે. મુસલમાન પોતાને કાફિરો અને ફાસિકોથી અલગ રાખે કે જેથી ઓળખી શકાય અને ગેરમુસ્લિમ હોવાની શંકા એના પર ન જાય. *(અબૂ દાઊદ વગેરે)*

**(૧૬)** રસૂલુલ્લાહ ﷺ એ તે ઓરતો પર લાઅનત કરી છે જેઓ મરદોની મુશાબેહત કરે છે અને તે મરદો પર જેઓ ઓરતોની મુશાબેહત કરે છે. *(અબૂ દાઊદ)*

**(૧૭)** રસૂલુલ્લાહ ﷺ એ તે મરદ પર લા'નત કરી જે ઔરતનો લિબાસ પહેરે છે અને તે ઓરત પર લા'નત કરી જે મર્દાના લિબાસ પહેરે છે. *(અબૂ દાઊદ)*

**(૧૮)** ફર્માવ્યું કે હું લાલ જીનવાળા ઘોડા પર સવાર થતો નથી અને કસુમ (એક પ્રકારના ફૂલનું નામ જેના રસથી લાલ કપડાને રંગવામાં આવે છે)થી રંગેલું કપડું પણ પહેરતો નથી અને તે કમીસ પણ નથી પહેરતો જેમાં રેશમના કફ લાગેલ હોય છે (એટલે કે ચાર આંગળથી વધારે). સાંભળી લો ! મરદોની ખુશ્બુ તે છે જેમાં રંગ હોય, ગંધ ન હોય. એટલે કે મરદોમાં ખૂશ્બૂ મકસૂદ છે એનો રંગ દેખાવો ન જોઈએ કે જેનાથી શરીર કે કપડાં રંગાય જાય. ઓરતો હલ્કી ખુશ્બુ અખત્યાર કરે કેમ કે અહીં ઝીનત મકસૂદ હોય છે અને એ રંગીન ખુશ્બુ દા.ત. ખલુકથી હાસંલ થાય છે. તેમજ ખુશ્બુથી ન ચાહવા છતાં લોકોની નજરો ઉઠશે.

*(અબૂ દાઊદ)*

બુખારી તથા મુસ્લિમમાં છે કે રસૂલુલ્લાહ ﷺ નું બિછાનું જેના પર તેઓ આરામ કરતા હતા તે ચામડાનું હતું, જેમાં ખજૂરની છાલ ભરેલી હતી. મુસ્લિમમાં એક રિવાયતમાં છે કે હુઝૂર ﷺ નો તકિયો ચામડાનો હતો જેમાં ખજૂરની છાલ ભરી હતી.

### ★ કેટલાં કપડાં પહેરવાં ફર્ઝ છે ? ★

**મસ્અલા :** એટલો લિબાસ જેનાથી સતરે ઔરત (ઢાંકવાની ચીજો) ઢંકાય જાય અને ગરમી, શરદીની તકલીફથી બચી જાય એ ફર્ઝ છે. એનાથી વધારાના લિબાસનો મકસદ શણગાર હોય અને એ હોય કે અલ્લાહે દીધું છે તો એની નેઅમત જાહેર થઈ જાય એ મુસ્તહબ છે. ખાસ મોકા (પ્રસંગો) પર દા.ત. ઈદ યા જુમ્આના દિવસે ઉમદા કપડાં પહેરવાં મુબાહ છે. એવા પ્રકારનાં કપડાં દરરોજ ન પહેરવાં કેમ કે બની શકે છે કે આમ કરવાથી ઘમંડ કરવા લાગે અને ગરીબો કે જેમની પાસે એવાં કપડાં ન હોય તેમને હિકારતની નજરે જોવા લાગે પરિણામે એનાથી બચવું જોઈએ. આ તે અભિમાન, તકબ્બુરના તોર પર જે લિબાસ હોય તેની મના છે. તકબ્બુર છે કે નથી તેની પેહચાન એ રીતે કરવી કે એ કપડાં પહેરતાં પહેલાં એની જે રીતભાત જોવામાં આવતી હતી તેવી જ હાલત પહેર્યા પછી છે તો એ કપડાંથી અભિમાન પેદા નથી થયું અને જો તે હાલત બાકી રહેવા ન પામી હોય તો અભિમાન પેદા થઈ ગયું. પરિણામે એવાં કપડાંથી બચો, કેમ કે અભિમાન બહું જ ખરાબ દુર્ગુણ છે. *(રદ્દુલ મુહ્તાર)*

### ★ કપડું કેવું હોવું જોઈએ ? ★

**મસ્અલા :** બેહતર એ છે કે ઊની, સૂતરાઉ કે કંતાનનાં કપડાં બનાવવામાં આવે જે સુન્નત માફક હોય, બહું ઊંચી કવોલીટીનાં ન હોય તેમજ બહું જ હલકી ક્વોલિટીનાં ન હોય, બલ્કે દરમિયાની પ્રકારનાં હોય. કેમ કે જે રીતે બહુ ઊંચા પ્રકારનાં કપડાં પહેરવાથી જાહેરી પ્રદર્શન થાય છે એ રીતે બહું હલકા પ્રકારનાં કપડાં પહેરવાથી પણ જાહેરી પ્રદર્શન થાય છે. લોકોની નજરો ઉઠે છે અને સમજે છે કે આ કોઈ સાહિબે કમાલ અથવા તો દુનિયા તર્ક કરનાર (માણસ) છે. સફેદ કપડાં બેહતર છે. કેમ કે હદીષ શરીફમાં એની તારીફ આવી છે અને કાળાં કપડાં પણ બેહતર છે, કેમ કે મક્કાની ફતેહના દિવસે જ્યારે મક્કામાં આવ્યા ત્યારે સર મુબારક પર કાળા રંગનો અમામો બાંધ્યો હતો. લીલાં કપડાંને કેટલીક કિતાબોમાં સુન્નત બતાવ્યાં છે.

*(રદ્દુલ મુહ્તાર)*

### ★ કુર્તાની બાંચ તથા દામન કેટલો જોઈએ ? ★

**મસ્અલા :** સુન્નત એ છે કે દામનની લંબાઈ અડધી પીંડલી સુધીની હોય અને બાંયોની લંબાઈ વધારેમાં વધારે આંગળીઓનાં બેડકાં સુધીની હોય અને પહોળાઈ એક વેંત બરાબરની હોય. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા :** મુસલમાન પાયજામાની જગ્યાએ જાંગિયા પહેરવા લાગ્યા છે એના નાજાઈઝ હોવામાં શું કહેવું ? કેમ કે ગુંથણનું ખુલ્લુ હોવું હરામ છે. ઘણા લોકો કોણીઓની ઉપર બાંયો રાખે છે, એ પણ સુન્નતની ખિલાફ છે અને એ બંને કપડાં નસારાના અનુસરણમાં પહેરવામાં આવે છે એણે એની કબાહતમાં (ખરાબીમાં) વધારો કરી આપ્યો. અલ્લાહ તઆલા મુસલમાનોની આંખો ખોલે કે તેઓ કાફિરોની તકલીદ અને તેમની વજેઅ કતઅથી (તેમની જેવા દેખાવ શકલો સૂરત) બચે.

અમીરુલ મોઅમેનીન હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ નો ઈર્શાદ જે તેમણે પોતાના લશ્કરીઓને મોકલ્યો હતો જેમાં વધારે પડતા (લશ્કરીઓ) સહાબાએ કિરામ હતા એને મુસલમાનો નજર સામે રાખે અને એના પર અમલ કરવાની કોશિશ કરે તે ઈર્શાદ આ પ્રમાણે છે : અજમીઓના વેશ (પહેરવેશ)થી બચો, એમના જેવી શકલો સૂરત ન બનાવી લેશો.

## ★ રેશમી કપડાંના મસાઈલ ★

**મસ્અલા** : રેશમનાં કપડાં મરદ માટે (પહેરવાં) હરામ છે. શરીર અને કપડાંની વચ્ચે બીજું કોઈ કપડું હોય કે ન હોય બંને હાલતમાં હરામ છે. યુધ્ધના પ્રસંગે પણ નર્યા રેશમનાં કપડાં પહેરવાં હરામ છે. હા ! જો તાણા સૂતરાઉ હોય અને વાણા રેશમના હોય તો દરેક માણસ માટે દરેક પ્રસંગે પહેરવાં જાઈઝ છે. મુજાહિદ અને ગેરમુજાહિદ બંને પહેરી શકે છે જ્યારે કે કપડું ઘટ્ટ હોય (જાડું હોય) જો બારિક હોય તો નાજાઈઝ છે. કેમ કે એનો જે ફાયદો હતો તે એવી હાલતમાં નહીં થાય. *(હિદાયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : તાણા રેશમના હોય અને વાણા સૂતરાઉ હોય પરંતુ કપડાની બનાવટ એવી હોય કે એકલું રેશમનું લાગતું હોય તો એને પહેરવું મકરૂહ છે. (આલમગીરી) કેટલીક પ્રકારનું મખમલ એવું હોય છે કે એની રૂંવાટી રેશમની હોય છે એને માટે પણ આ જ હુકમ છે. એની ટોપી અને સદરી વગેરે ન પહેરવી જોઈએ.

**મસ્અલા** : રેશમની પથારી પર બેસવું, સૂવું અને એનો તકિયો લગાડવો પણ મના છે. જો કે એના કરતાં પહેરવામાં વધારે બુરાઈ છે. *(આલમગીરી)* પરંતુ દુર્રે મુખ્તારમાં એને મશહૂરની વિરૂધ્ધ બતાવ્યું છે અને જાહેરમાં એવું છે કે એ જાઈઝ છે.

**મસ્અલા** : ઔરતોએ રેશમ પહેરવું જાઈઝ છે ભલે પૂરેપૂરું રેશમી (રેશમ) હોય એમાં સુતરાઉની બિલ્કુલ મેળવણી ન હોય. *(આમ્મ કુતુબ)*

**મસ્અલા** : મર્દોના કપડાંમાં ચાર આંગળ સુધીની રેશમની પટ્ટી જાઈઝ છે. એનાથી વધારે જાઈઝ નથી. એટલે કે એની પહોળાઈ ચાર આંગળ જેટલી હોય, લંબાઈની કોઈ ગણતરી નથી. એ રીતે કપડાંની કિનારી રેશમી હોય જેમ કે કેટલાક અમામા, ચાદરો યા તેહબંદની કિનારીઓ એ રીતની હોય છે એને માટે પણ આજ હુકમ છે. જો ચાર આંગળ સુધીની કિનાર હોય તો જાઈઝ છે નહીંતર જાઈઝ નથી (નાજાઈઝ છે). *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)* એટલે કે જ્યારે એની કિનારીની બનાવટ પણ રેશમી હોય અને જો સૂતરની બનાવટ હોય તો ચાર આંગળથી વધારે પણ જાઈઝ છે. અમામા કે ચાદરના પાલવ (છેડા) રેશમથી વણેલા હોય તો જો કે વાણા રેશમના હોવા નાજાઈઝ છે પરિણામે એ છેડા પર ચાર આંગળ સુધીના હોવા જોઈએ, વધારે ન હોવા જોઈએ.

## ★ પુરૂષ કેટલું રેશમ વાપરી શકે ? ★

**મસ્અલા** : બાંયો, ગરદન યા દામનના કિનારા પર રેશમનું કામ કરેલું હોય તે પણ ચાર આંગળ સુધીનું જ હોય. ઝભ્ભા યા સદરીની સજાવટ રેશમની હોય તો ચાર આંગળ સુધીની જાઈઝ છે. રેશમની ગુંદીઓ જાઈઝ છે. ટોપીની ટોચ પણ ચાર આંગળનો જાઈઝ છે. પાયજામોનો નેફો પર ચાર આંગળ સુધીનો જાઈઝ છે. અચકન યા જુબ્બાના ખભા અને પીઠ પર રેશમનાં પાન યા કળી ચાર આંગળ સુધીનાં જાઈઝ છે. *(રદ્દુલ મુહ્તાર)*

આ હુકમ ત્યારે લાગુ પડે છે જ્યારે કે પાન વગેરે ઝગમગતું હોય અને કપડું દેખાતું ન હોય અને ઝગમગતુ ન હોય તો ચાર આંગળથી વધારે પણ જાઈઝ છે.

**મસ્અલા** : ટોપીમાં લેસ લગાડવામાં આવી યા અમામામાં કિનારી, લેસ લગાડવામાં આવી, જો એ ચાર આંગળથી ઓછી પહોળી હોય તો જાઈઝ છે નહીંતર જાઈઝ નથી.

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

## તઝકેરતુલ અવલિયા

# હઝરત ઉમર ઈબ્ને ઉષ્માન મકકી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ** : આપ શરીઅત તથા તરીકત પર પૂર્ણ આકર્ષણ સાથે ચાલી રહ્યા હતા. અને આપની ગણના અહલે વરઅ તથા અહલે તક્વા બુઝુર્ગોમાં થાય છે. તદ્ઉપરાંત ઘણી બધી કિતાબો પણ આપે છોડી છે. લાંબા અરસા સુધી મક્કા મોઅઝ્ઝમામાં એતેકાફ કરવાના કારણે આપને પીરે હરમના લકબથી નવાઝવામાં આવ્યા. આપ હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہના પીરો મુર્શિદ છે. અને હઝરત અબૂ સઈદ ખઝાઝની સોહબતના ફયઝથી ફયઝો હાંસલ કરતા રહ્યા.

**બનાવો** : હઝરત મન્સૂર હલ્લાજનો બનાવ આપની જ બદદુઆનું પરિણામ છે કેમ કે મન્સૂરને આપે એક દિવસ કાંઈક લખતા જોઈને કહ્યું કે શું લખી રહ્યા છો ? તેમણે કહ્યું કે એવું લખાણ લખી રહ્યો છું જે કુર્આનનો મુકાબલો કરી શકે. આ સાંભળતાં જ આપે ગુસ્સે ભરાઈને એ બદદુઆ આપી જેના કારણે મન્સૂરને એ બનાવ પેશ આવ્યો.

આપના જાનમાઝની નીચે ગંજનામાનો તર્જુમો રાખેલો હતો અને જ્યારે આપ વુઝૂના માટે ઉઠયા તો કોઈ ચોરી કરીને લઈ ગયું. આપે વુઝૂ દરમિયાન જ ફર્માવ્યું કે લઈ ગયો, પરંતું જે પણ લઈ ગયો છે તેના હાથ પગો કત્લ કરીને ફાંસી પર લટકાવી દેવામાં આવશે અને તેને આગને હવાલે કરીને રાખ થતા સુધી ઈજા આપવામાં આવશે, અને તેને ગંજનામાથી એટલા માટે કોઈ ફાયદો ન પહોંચી શકશે કે તે તેના ભેદ સુધી પહોંચ નથી ધરાવી શકતો. આ ગંજનામાનો ભાવાર્થ એ હતો કે અમે આદમના સર્જન બાદ જ્યારે ફરિશ્તાઓને સજદાનો હુકમ આપ્યો તો ઈબ્લીસ સિવાય સૌએ એટલા માટે સજદો કર્યો કે તેઓ આદમના સર્જનના ભેદથી વાકેફ ન હતા અને ઈબ્લીસે ભેદોથી વાકેફ હોવાના કારણે સિજદાથી ઈન્કાર કરી આપ્યો. એ જ પ્રમાણે હઝરત આદમ પણ જેટલા અંશે ઈબ્લીસના રાઝથી વાકેફ હતા એટલો કોઈ ન હતો. અને આ જ કારણે ઈબ્લીસને રબની બારગાહથી મરદૂદ કરી દેવામાં આવ્યો છે. પછી અમે કહ્યુ કે જમીનની અંદર અમે એક એવો ખજાનો છુપાવી દીધો છે કે જે એનાથી માહિતગાર થવા ચાહશે તેનું માથુ કતલ કરી દેવામાં આવશે. પરંતું ઈબ્લીસે કહ્યું કે જે ખજાનો મને અતા કરવામાં આવ્યો છે તો એના બાદ મારે કોઈ ખજાનાની જરૂરત નથી, છતાં પણ જો મને આ છુપા ખજાનાનો ઈલ્મ થઈ ગયો તો હું એનાથી જરૂરત જાણકારી પ્રાપ્ત કરીશ. હુકમ થયો કે તને મોહલત આપવામાં આવે છે પરંતું અમારા બંદા તને જૂઠો ધારીને કહેશે કે ઈબ્લીસ એક એવો જિન હતો જેણે રબના હુકમની નાફર્માની કરી અને ખયાલ હેઠળ તારા કથનને સાચુ ન કહેશે. અને આ જ ગંજનામા મહોબ્બતની કિતાબમાં દર્શાવેલુ છે કે ખુદાએ દિલને રૂહથી સાત હજાર સાલ પહેલાં પેદા કરીને ઉન્સ (મહોબ્બત)ના બાગમાં રાખ્યું અને માથાને રૂહથી એક હજાર સાલ પહેલાં પેદા કરીને મકામે વસ્લમાં રાખીને દરરોજ ૩૬૦ નજરો તેના પર નાખી અને મહોબ્બતના કલમાઓથી રૂહોને વાકેફ કરાવી. પછી ૩૬૦ લતાઈફ તે દિલ પર ઉતારવામાં આવ્યા, અને ૩૬૦ વાર જમાલના કશ્ફની તજલ્લીઓ માથા પર નાખી. અને જ્યારે એ સૌએ મળીને બીજી મખ્લૂકને જોઈ તો પોતાના કરતાં વધુ કોઈને વધીને ન પામ્યો. પછી ઈમ્તેહાનના તૌર પર ખુદા તઆલાએ માથાને રૂહમાં અને રૂહને દિલમાં અને દિલને શરીરોમાં કેદ


❑ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❑ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

કરીને અંબિયાએ કિરામને હિદાયત માટે મોકલ્યા. અને જયારે તેઓ સૌ પોત પોતાના મકામની તલાશવાળા બન્યા તો અલ્લાહે નમાઝનો હુકમ મોકલ્યો. જેથી શરીરે નમાઝની મુતાબિકત કરી, દિલે મહોબ્બત કરી, રૂહે કુર્બત કરી અને માથાએ વિસાલની મુતાબિકત કરી.

આપે બયતુલ્લાહથી હઝરત જુનેદ અને હઝરત શિબ્લીને પત્ર લખ્યો કે આપ લોકો ઈરાકવાસીઓના મુર્શિદોમાંથી છો જેથી જે શખ્સ કાબાના જમાલને જોવા ચાહે તેને બતાવી દો કે નફસને તોડયા પહેલાં તમે તેને નથી જોઈ શકતા. અને જે કુર્બે ઈલાહીનો ઈચ્છુક હોય તેને કહી દો કે રૂહને તોડી કાઢયા પહેલાં તમે કદાપિ કુર્બે ઈલાહી હાંસલ નથી કરી શકતા. પરંતુ આ રાહમાં કદમ રાખતા પહેલાં એ પણ સમજી લો કે આ રસ્તામાં બે હજાર આગના પહાડ અને એક હજાર હલાક કરી દેનારા અસીમ સમંદરો પણ છે. અને જે આ બંનેથી ડર્યા વિના રસ્તો પાર કરવા ચાહે છે તે જ એમાં કદમ રાખે. અને જયારે આ પત્રને હઝરત જુનૈદે ઈરાકના સર્વ મુર્શિદોની સમક્ષ ચિંતન વિચારણા માટે રજૂ કર્યો તો સૌની સર્વ સંમતિવાળી રાય એ જ થઈ કે આગની મુરાદ નેસ્તો નાબૂદ થવું છે, એટલે કે જ્યાં સુધી બંદો બે હજાર વાર પોતાને નેસ્ત ન કરી લે અને અને એક હજાર વાર હસ્તની મંઝિલમાં દાખલ ન થાય ત્યાં સુધી કદી કુર્બ હાંસલ નથી કરી શકતો. આ સાંભળીને હઝરત જુનેદે ફર્માવ્યું કે હું તો હજી એ બે હજારમાંથી કેવળ એક રાહ પાર પાડી શકયો છું. હઝરત હરીરીએ ફર્માવ્યું કે, તમે એટલા માટે ખુશનસીબ છો કે હું તો હજી આ રાહમાં ત્રણ જ કદમ ચાલ્યો છું. અને હઝરત શિબ્લીએ કહ્યું કે, તમે બંનેવ જ ખુશનસીબ છો કેમ કે હું તો હજી આ રાહની નજીક સુધી નથી પહોંચ્યો.

કોઈ દોસ્તની બીમારીના સમયમાં તેમને મળવા અસ્ફહાન તશરીફ લઈ ગયા. તેણે આપને ફર્માઈશ કરી કે કવ્વાલથી કોઈ શેઅર સંભળાવી દો. જેથી કવ્વાલે એ ભાવાર્થનો શેઅર પઢયો કે મારી બીમારીમાં કોઈ અયાદત (ખબર લેવા) માટે નથી આવતો અને હું સૌની અયાદત માટે જયા કરતો હતો. આ શેઅર સાંભળતાં જ તે તંદુરસ્ત થઈ ગયો અને આપની સોહબતના ફયઝથી કમાલની મેઅરાજે પહોંચ્યો.

**આપના ઈર્શાદો** : જયારે આપનાથી أَفَمَنْ شَرَحَ اللّٰهُ صَدْرَهٗ لِلْإِسْلَامِ નો ભાવાર્થ પૂછવામાં આવ્યો તો ફર્માવ્યું કે જ્યારે બંદાની નજર ઈલ્મ, અઝમત તથા વહદાનિયત તથા રબૂબિયતના જલાલ પર પડે છે તો તેના સીનામાં એવી ફર્રાખી (વિશાળતા, સમૃધ્ધિ) પેદા થાય છે કે તેને દરેક ચીજ નેસ્ત મેહસૂસ થવા લાગે છે. ફર્માવ્યું કે અઝમત તથા વહદાનિયતમાં દખલઅંદાઝી ગુનોહ તથા કુફ્ર છે. ફર્માવ્યું કે દોસ્તોનો વજૂદ ખુદાનો એવો છુપો રાઝ છે જેને કોઈ કિંમત પર જાહેર નથી કરી શકાતો. ફર્માવ્યું કે મહોબ્બત પણ રઝામાં સામેલ છે અને મહોબ્બતથી રઝાને એટલા માટે અલગ નથી કરી શકાતી કે બંદાને દરેક તે ચીજ અઝીઝ હોય છે જેનાથી તે રાજી રહે, અને જેનાથી તે રાજી ન થયો તેને મહબૂબ પણ નથી સમજતો. ફર્માવ્યું કે બંદો તેને જ મહબૂબ જાણે જેનાથી વધુ કોઈ મહબૂબિયતના પાત્ર ન હોય. ફર્માવ્યું કે સબ્ર નામ છે ખુદાના હુકમ પર અડગપણે મુસીબતો સહન કરવાનું.


**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**ના મેમ્બર બનવા માટે
ફક્ત **રૂા. ૮૦૦/-** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! *–તંત્રી...*

બેંક ઓફ બરોડા | A/c. No. **34620100000301** | **Islamic Welfare Mission** | **IFSC Code : BARB0DAYADR** (પાંચમો અંક ઝિરો છે.) | Phone pay Google pay Mo. 9427464411 | WhatsApp No. Mo.9664521477

મસ્અલા 9

# વસીલો તથા પોકારવું

## હદીષોની રોશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર : દારુલ ઈફતા જામિઆ અશ્રફિયા–મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

### ★ રસૂલુલ્લાહ ﷺના વિસાલ બાદ વસીલાની સાબિતી ★

અબૂ ઉમામા બિન સહલ બિન હુનૈફથી રિવાયત છે કે તેમના કાકા હઝરત ઉષ્માન બિન હુનૈફ رضی اللہ عنہએ બતાવ્યું કે એક શખ્સ અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માન ઈબ્ને અફ્ફાન رضی اللہ عنہના દરબારમાં પોતાની કોઈ જરૂરતથી જતો આવતો રહેતો હતો અને હઝરત અમીરુલ મો'મિનીન તેના પ્રતિ ન ધ્યાન ધરતા ન તેમની જરૂરત પર નજર કરતા. તો તે શખ્સ હઝરત ઉષ્માન બિન હુનૈફને મળ્યો અને તેમને આ વાતની શિકાયત કરી. તો હઝરત ઉષ્માન બિન હુનૈફે ફર્માવ્યું કે વુઝૂ ખાના પર જઈને વુઝૂ કરો પછી મસ્જિદમાં જઈને બે રકાત નમાઝ પઢો, ત્યારબાદ આ પ્રમાણે અર્ઝ કરો :

"હે અલ્લાહ ! હું તારાથી સવાલ કરું છું અને તારી તરફથી અમારા નબી, નબીયે રહમત ﷺના વસીલાથી ધ્યાન કરું છું. યા રસૂલલ્લાહ ! બેશક ! હું આપના વસીલાથી મારા રબની તરફ ધ્યાન કરું છું કે મારી હાજત પૂર્ણ કરો."

ત્યારબાદ તમારી હાજત વર્ણવો. પછી સાજે મારી પાસે આવજો તો હું પણ તમારી સાથે આવીશ. તે શખ્સે વુઝૂ નમાઝ બાદ બારગાહે ઈલાહીમાં દુઆ, અને સરકાર ﷺની બારગાહમાં નિદા તથા વિનવણી કરી. પછી હઝરત અમીરુલ મો'મિનીનના દરવાજા પર ગયો તો દરબાન તેનો હાથ પકડીને હઝરત ઉષ્માન ઈબ્ને અફફાનની ખિદમતમાં લઈ ગયો, અને આપે તેને પોતાની બેઠક પર બેસાડીને પૂછયું કે શું કામ છે ? તે શખ્સે પોતાની હાજત બતાવી તો હઝરત અમીરુલ મો'મિનીને તરત જ તેની હાજત પૂરી કરી દીધી. પછી ફર્માવ્યું, આટલા દિવસોમાં તમે હવે પોતાની હાજત દર્શાવી ? ભાવિમાં જ્યારે તમને કોઈ હાજત પેશ આવે. તો આવીને બતાવી દેજો. (હાજત પૂરી કરી દેવામાં આવશે)

તે માણસ હઝરત અમીરુલ મો'મિનીનની પાસેથી વિદાય થઈને હઝરત ઉષ્માન ઈબ્ને હુનૈફની પાસે આવ્યો અને તેમને કહ્યું કે અલ્લાહ તઆલા આપને જઝાએ ખૈર આપે ! અમીરુલ મો'મિનીન મારી હાજત પર ધ્યાન ધરતા ન હતા, ન મારી તરફ ધ્યાન આપતા હતા, ત્યાં સુધી કે આપે મારા બારામાં તેમને સિફારિશ કરી.

તો ઉષ્માન ઈબ્ને હુનૈફ رضی اللہ عنہએ ફર્માવ્યું કે અલ્લાહની કસમ ! મેં તો અમીરુલ મો'મિનીનને કાંઈ પણ નથી કહ્યું. હકીકત એ છે કે હું રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં હાજર હતો. આપની પાસે એક નાબીના સહાબી આવ્યા, અને પોતે નાબીના હોવાની શિકાયત કરી. નબી કરીમ ﷺએ ફર્માવ્યું : સબ્ર કરો. તો તે કહેવા લાગ્યા, હુઝૂર ! મને કોઈ રસ્તો બતાવનાર નથી અને એ મારા માટે કઠિન છે.

તો નબી ﷺએ ફર્માવ્યું કે વુઝૂની જગાએ જઈને વુઝૂ કરો, પછી બે રકાત નમાઝ પઢો અને આ દુઆ કરો. હઝરત ઉષ્માન બિન હુનૈફે ફર્માવ્યું કે અલ્લાહની કસમ ! અમે લોકો હજી ત્યાંથી ખસ્યા પણ ન હતા, વાતો જ કરી રહ્યા હતા એટલામાં તે માણસ

અમારી પાસે દેખતો થઈને આવી ગયો, જાણે કે તેને આંખોમાં તકલીફ થઈ જ ન હતી ? *(અલ મોઅજમુસ્સગીર લિલ ઈમામિત્તબરાની, પેજ-૧૭૩, ૧૭૪, બાબુત્તાઅ મન ઈસ્મહુત્તાહિર, દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત, લબનાન)*

આ હદીષ સહીહ છે, જેમ કે ઈમામ હાફિઝ અબુલ કાસિમ સુલૈમાન બિન અહમદ તિબ્રાની આ હદીષની વિવિધ હદીષો વર્ણવીને લખે છે : والاحدیث صحیح, "આ હદીષ **સહીહ** છે."

*(અલ મુસ્દરુસ્સાબિક઼)*

ઈમામ હાફિઝ અબ્દુલ અઝીમ બિન અબ્દુલ ક઼વી અલ્મુન્ઝરી (૫૮૧-૬૫૬) લખે છે : "ઈમામ તિબ્રાનીએ આ હદીષના તુર્ક઼ ઝિક્ર કયા (તરીકા વર્ણવ્યા) બાદ ફર્માવ્યું કે, આ હદીષ **સહીહ** છે." *(અત્તરગીબ વત્તરહીબ, ૧/૩૧૦, કિતાબુન્નવાફિલ, અત્તરગીબ ફી સલાતિલ હાજત વ દુઆઈહા, મકતબુલ મઆરિફ, અર્રિયાઝ)*

ઈમામ મુન્ઝરી رحمۃ اللہ علیہ નક઼દ તથા તન્ક઼ીહના ઈમામોમાંથી છે તેમણે આ **સહીહ** હોવાને સાબિત થયેલ તથા યથાવત રાખ્યું.

હઝરત ઉષ્માન બિન હુનૈફ رضی اللہ عنہ રસૂલે પાક ﷺના સહાબી છે. બારગાહે રિસાલતથી ડાયરેક્ટ તાલીમો તર્બિયત પામી છે. નબવી હદીષોના ભાવાર્થો તથા મક઼સદો પર ગહરી નજર ધરાવે છે. તેમણે ઉષ્માની યુગના એક હાજતમંદને હાજત પૂર્ણ થવા માટે એ જ દુઆ તાલીમ ફર્માવી જે સરવરે કાઈનાત ﷺએ પોતાની જાહેરી હયાતમાં એક નાબીના (અંધ) સહાબીને તાલીમ ફર્માવી હતી, અને એ દુઆમાં અલ્લાહના રસૂલ ﷺને **"યા" શબ્દ વડે પોકારવું પણ છે** અને **આપનાથી "ઈલ્તિજા"** (વિનવણી) પણ છે, અને બારગાહે ઈલાહીમાં આપની ઝાતે શરીફથી **"તવસ્સુલ" (વસીલો લેવું) પણ છે.** સારાંશ એ ચારેવ સ્થિતિઓ અહીં પણ રસૂલે પાક ﷺની જાતથી વસીલો લેવાની જોવા મળે છે જે હદીષ નં. ૩માં વિસ્તારપૂર્વક વર્ણન થઈ ચૂકી છે.

ફરક઼ એ છે કે હદીષ (૩)માં રસૂલે પાક ﷺની જાતથી તવસ્સુલ (વસીલા)ની ચારેવ સ્થિતિઓ હુઝૂરની જાહેરી હયાતથી સંબંધિત છે અને આ હદીષમાં તવસ્સુલ (વસીલો પકડવા)ની ચારેવ સ્થિતિઓ સરકાર ﷺના **વિસાલના ઘણા સમય બાદ** જોવામાં આવી છે.

એનાથી સાબિત થાય છે કે સહાબીએ રસૂલ હઝરત ઉષ્માન ઈબ્ને હુનૈફ رضی اللہ عنہએ એતેક઼ાદ (અક઼ીદો, માન્યતા) ધરાવતા હતા કે રસૂલે કાઈનાત ﷺથી આપની જાહેરી હયાતમાં પણ પોકારવું અને વિનવણી તથા વસીલો લેવો જાઈઝ છે અને વિસાલ બાદ પણ જાઈઝ છે, એટલા માટે તો ખિલાફતે ઉષ્માનીયામાં તેમણે એક હાજતમંદને એ દુઆ તાલીમ ફર્માવી.

વળી અલ્લાહ તબારક વ તઆલાને એ તવસ્સુલ એટલો પસંદ આવ્યો કે તરત જ તેમની દુઆ કબૂલ કરી, અને હઝરત ઉષ્માન સુધી તેમની પહોંચ પણ આસાન થઈ ગઈ અને તેમની હાજત પણ પૂર્ણ થઈ ગઈ, બલ્કે ભવિષ્યના માટે હાજત રવાઈની બશારત પણ મળી ગઈ !

**શું ખૈરે કુરૂન (રસૂલ તથા સહાબાના જમાના)માં આ બધો શિર્કનો કારોબાર થઈ રહ્યો હતો ?! શું હઝરત ઉષ્માન બિન હુનૈફ (સહાબી)એ શિર્કની તાલીમ આપી હતી ? અને શું એ ખુદાના બંદાએ પોતાની હાજતના માટે શિર્કનું કામ કર્યું હતું ?** તે સહાબી નહીં તો તાબઈ જરૂર હતા જે એક ક઼ૌલ પ્રમાણે :

وَ الَّذِیۡنَ اتَّبَعُوۡھُمۡ بِاِحۡسَانٍ ۙ رَّضِیَ اللّٰہُ عَنۡھُمۡ وَ رَضُوۡا عَنۡہُ

(અને જેઓ ભલાઈની સાથે તેમને અનુસરનાર બન્યા, અલ્લાહ તેનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી. સૂ. તૌબા, ૯/૧૦૦) ના એઝાઝથી મુશર્રફ હતા. **એટલા માટે પોકારવાને તથા વસીલો પકડવાને શિર્ક ઠરાવવું સહીહ હદીષો, સલફે સાલેહીન (આગલા બુઝુર્ગો)ના અમલ તથા ખુદ સરકારે દો આલમ ﷺની તાલીમાતની વિરૂધ્ધ ભાગવું છે.**

**હદીષ-૫** : હઝરત અવસ બિન અબ્દુલ્લાહનું બયાન છે કે મદીનાવાળાઓ સખત દુકાળમાં સપડાય ગયા તો તેમણે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી શિકાયત કરી (કે જેથી તે દુઆ કરે અથવા કોઈ તદબીર બતાવે).

તેમણે ફર્માવ્યું : આપ લોકો નબી અકરમ ﷺની કબ્રે અન્વર જુઓ અને તેની છતમાં આસ્માનની તરફ વિવિધ સ્થાનોએ કાણા પાડી દો કે જેથી કબ્ર શરીફ અને આસ્માનની વચ્ચે છત આડી ન રહે.

અવસ બિન અબ્દુલ્લાહનું બયાન છે કે મદીનાવાસીઓએ કબ્ર મુબારકની છત ખોલી આપી તો ખૂબ વરસાદ પડયો. જમીન પર (દરેક બાજુ) લીલોતરી ઉગી નીકળી, ઊંટ તાજાં થઈ ગયાં અને તેમના શરીર પર ચરબી ચઢી ગઈ અને (ચરબીની અધિકતાના કારણે) એ વરસનું નામ "ચરબીનું વરસ" રાખી દેવામાં આવ્યું. *(મુસ્નદે દારમી અલ મઅરૂફ સુનને દારમી, ૧/૨૨૮, બાબ-મા અકરમલ્લાહુ તઆલા નબિય્યહ બઅ્દ મૌતિહી ﷺ, હદીષ નં. ૯૩)*

આ હદીષથી સાબિત થાય છે કે :-

**(અ)** મદીનાવસીઓએ હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہاના હુકમ પર હુઝૂર રહમતે આલમ, મહબૂબે રબ્બે અકરમ ﷺની ઝાતે બાબરકતને બારગાહે ઈલાહીમાં "વસીલા" રૂપે પેશ કર્યા અને ઝબાને હાલથી જાણે એ અરજ કરી આપી કે પરવરદિગારે આલમ ! આ તારા પ્યારા રસૂલ છે જેમને તેં રહ્મતુલ્ લિલ્ આલમીન બનાવ્યા, અમે તેમને જ તારી બારગાહમાં વસીલો બનાવીએ છીએ અને બારાને રહમતના નુઝૂલ (રહમતભર્યા વરસાદ પડવા)ની ઉમ્મીદ રાખીએ છીએ.

અહીં નમાઝ, રોઝા, હજ્જ વગેરે ફર્માબરદારીઓ તથા ઈબાદતોના વસીલાથી દુઆ નથી કરવામાં આવી બલ્કે કબ્ર શરીફ અને આસ્માનના વચ્ચેથી છતથી આડ હટાવીને એ જાહેર કરી દેવામાં આવ્યું છે કે, ઈલાહલ આલમીન ! અમે બેસહારાઓની પાસે તારી બારગાહ સુધી પહોંચ માટે જે સૌથી મહબૂબ અને મકબૂલ ઝરીયો છે તે મુસ્તફા જાને રહમત ﷺ છે. હવે તે છે, તેમની કબ્ર શરીફ છે અને તારો ફય્ઝાને કરમ છે !

**આ વિના શંકાએ "ઝાતે શરીફ"થી તવસ્સુલ (વસીલો લેવું) છે, અને તે પણ વિસાલ પછી !**

**(બ)** મુહક્કિકે અલલ ઈત્લાક હઝરત શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہએ આ સ્પષ્ટતા કરી છે : "કબર શરીફ અને આસ્માનથી પર્દો હટાવવાનો સબબ એ છે કે એ કબ્ર શરીફથી શફાઅત માગવું છે, કેમ કે આ હઝરત ﷺની હયાતમાં મદીનાવાસીઓ આપની જાત શરીફથી વરસાદ માટે દરખાસ્ત કરતા હતા અને જ્યારે આપ પર્દો ફર્માવી ગયા તો હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاએ કબ્ર શરીફ ખોલવાનો હુકમ આપ્યો કે જેથી વરસાદ થાય, તો તે જાહેરી રીતે કબ્ર શરીફને વરસાદ માટે વસીલો બનાવવું થયું, અને હકીકતમાં એ સરકાર ﷺની ઝાત શરીફથી ઈલ્તિજા (વિનવણી) છે કે આપ બારગાહે ઈલાહીમાં વરસાદના માટે સિફારિશ કરી આપે, દુઆ કરે, અને કબ્રે અન્વરનો પર્દો હટાવવો મુબાલગા (અતિશયોક્તિ) માટે છે.

*(અશિઅતુલ લમ્આત, ૪/૩૨૯, કિતાબુલ ફઝાઈલો શમાઈલ, બાબુલ કરામાત, ફસ્લે ષાની, લમ્આતુત્ તન્કીહ ફી શરહે મિશ્કાતિલ મસાબીહ, ૯/૫૧૯, ૫૨૦)*

આ સ્પષ્ટતા મુજબ મદીનાવાસીઓએ કશ્ફે હિજાબ (પર્દો હટાવીને) ઝાતે અક્દસ ﷺને વસીલો બનાવ્યો જેથી આપ બારગાહે ઈલાહીમાં વરસાદના માટે દુઆ કરી આપે અને શિફારિશ કરે.

પ્રથમ સ્પષ્ટતા (અ)માં સરવરે કાઈનાત ﷺની ઝાત શરીફ નુઝૂલે રહમત તથા ફયઝાને કરમના માટે હાલતની દલીલના વસીલા રૂપે બની રહી છે.

અને બીજી સ્પષ્ટતા (બ) પર જાત શરીફને જાણે બારગાહે ઈલાહીમાં રહમતના નુઝૂલની સિફારિશ તથા દુઆ માટે વસીલો બનાવવામાં આવી છે.

આ હૈષિયતથી જોવામાં આવે કે સરકાર ﷺ વિસાલ બાદ ફરીથી ઝિંદા ફર્માવી દેવામાં આવ્યા અને આપની બારગાહમાં ઉમ્મતના અહવાલ પેશ થાય છે. બીજી સ્પષ્ટતા અધિક મુનાસિબ છે અને પ્રથમ સ્પષ્ટતા પણ યોગ્ય છે. અને **બંનેવ જ સ્થિતિઓમાં આપના વિસાલ બાદ આપની ઝાતે અક્દસને વસીલો બનાવવામાં આવ્યો છે.**

હવે વહાબી હઝરાતને અખત્યાર છે કે જે તશરીહ (સ્પષ્ટતા) ચાહે પસંદ કરે, અમે તો બસ એટલુ જ કહી શકીએ છીએ કે આપ આપનો મખ્સૂસ અકીદો હદીષને સ્વીકારવાના માર્ગમાં આડો ન થવા દેશો.

આ હદીષ પર ઈમામ ઈબ્ને હબ્બાને પોતાની માલૂમાતના આધારે કાંઈક ચર્ચા કરી છે અને બાદમાં મુહદ્દિષે વહાબિયા શયખુલ બાનીએ પણ એ જ રવિશ અપનાવી, પણ હક્ક એ છે કે તેમને હકીકતે હાલનો ઈલ્મ ન થઈ શક્યો. અને સહીહ એ છે કે આ હદીષના રિજાલ ક્વી (મજબૂત), દલીલને પાત્ર છે. એની તેહકીક ઈમામ દારકુત્ની رحمۃ اللہ علیہએ ફર્માવી છે. અને ફન્હુલ મનાન શરહે દારમીના ખુલાસાથી પણ જાહેર છે (આનો વધુ ખુલાસો અરબીમાં મૂળ કિતાબમાં જુઓ)

**હદીષ-૬ :** માલિકુદ્દાર જે હઝરત ઉમરની તરફથી અનાજના ખજાનચી હતા. રિવાયત કરે છે કે (એકવાર) હઝરત ઉમર رضی اللہ عنہના જમાનામાં લોકો પર દુકાળ આવ્યો તો એક શખ્સ નબી અકરમ ﷺની કબ્રે અન્વર પર આવ્યા અને અર્ઝ કરી, **યા રસૂલલ્લાહ ! ﷺ તમારી ઉમ્મતના માટે વરસાદની દુઆ કરો કેમ કે આપની ઉમ્મત હલાકતની (નષ્ટ થવાની) નજીક છે.** તો રસૂલુલ્લાહ ﷺ એ શખ્સના ખ્વાબમાં તશરીફ લાવ્યા, પછી તેને કહેવામાં આવ્યું : ઉમર رضی اللہ عنہની પાસે જાવ અને તેમને સલામ કહો અને તેમને ખબર આપો કે તમારા પર રહમતની વર્ષા થશે, અને એ પણ કહો : સમજદારીને લાઝિમ પકડો, સમજદારીને લાઝિમ પકડો. તે શખ્સ હઝરત ઉમર رضی اللہ عنہની પાસે આવ્યો અને તેમને એની ખબર આપી. તો હઝરત ઉમર રડી પડયા, પછી કહ્યું : હે મારા રબ ! હું ઉણપ નથી કરતો પણ એમાં જેમાં હું આજિઝ (લાચાર) છું. *(મુસન્નફે ઈબ્ને અબી શયબા, ૧૨/૩૧, ૩૨, કિતાબુલ મનાકિબ)*

આ હદીષ સહીહ છે, અને જે સાહબે સરકાર ﷺના ખ્વાબમાં દીદાર કર્યા છે તે સહાબીયે રસૂલ બિલાલ બિન હારિષ મુઝની છે. જેમ કે હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہ ફત્હુલ બારીમાં લખે છે :

ઈમામ ઈબ્ને અબી શયબાએ આ હદીષ સહીહ અસ્નાદ સાથે અબૂ સાલેહ સમાનથી અને તેમણે હઝરત ઉમરના ખજાનચી માલિક દારથી રિવાયત કરી.... અને મુહદ્દિષ સૌફે "અલ્ ફતૂહ"માં રિવાયત કરી કે ખ્વાબમાં જે ખુશનસીબને હુઝૂરની ઝિયારત થતી હતી તે આપના સહાબી હઝરત બિલાલ ઈબ્ને હારિષ મુઝની હતા. *(ફત્હુલ બારી શરહે સાહીહ બુખારી, ૨/૪૯૫)*

આ હદીષથી જાહેર છે કે સરકાર ﷺના

વિસાલ બાદ ફારૂકી ખિલાફતમાં એક સહાબી (હઝરત બિલાલ ઈબ્ને હારિષ મુઝની رضی اللہ عنہ)એ રોઝએ અન્વર પર હાજર થઈને અર્ઝ કરી : "યા રસૂલલ્લાહ ! તમારી ઉમ્મતના માટે વરસાદની દુઆ કરો !"

એનાથી બે વાતોની સાબિતી મળી :–

★ સરકાર ﷺના વિસાલ બાદ આપને "યા રસૂલલ્લાહ !" કહીને પોકારવું તથા વિનવણી કરવી.

★ બારગાહે ઈલાહીમાં દુઆ માટે આપનો વસીલો લેવો.

રોઝએ અન્વર પર હાજર થઈને એ અર્ઝ કરવું કે:

"યા રસૂલલ્લાહ ! તમારી ઉમ્મતના માટે વરસાદની દુઆ કરો !" આ હુઝૂર ﷺથી બારગાહે ઈલાહીમાં દુઆ કરાવવા માટે આપને વસીલો બનાવવું છે, તો આ પણ નબીની જાતથી તવસ્સુલ (વસીલો પકડવું) છે.

વહાબી ફિર્કાના મુહદ્દિષે કબીર શયખ અલ્બાનીએ આ હદીષ પર કેટલીય રીતે કલામ (ચર્ચા) કરીને તેને સાકિતુલ હુજ્જત (દલીલ માટે) અવિશ્વસનીય ઠરાવી છે, જ્યારે કે આ હકીકતમાં સહીહ અને દલીલને પાત્ર છે. મુસ્નદે જામેઅ (મુસ્નદે દારમી)ના શારેહ (શરહકર્તા) અબૂ આસિમ નબીલ બિન હાશિમ ઉમરી (જન્મ : હિ.સ. ૧૩૮૦)એ શયખુલ બાનીના કલામ (વાત)નું પરીક્ષણ કરીને હદીષના સહીહ હોવા પર યોગ્ય ચર્ચા કરી છે. અમે એ પૂરી ચર્ચા અહીં નકલ કરીએ છીએ. (જેમને આ ચર્ચા વાંચવી હોય તે વાંચે મૂળ કિતાબ *"અહાદીષે સહીહૈનસે ગૈર મુક્લ્લિદીનકા ઈન્હેરાફ,* ૧/૩૦૦, ૩૦૧)

**હદીષ-૭** : "ઝયદ બિન અસ્લમથી રિવાયત છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું કે રમાદાવાળા વરસે (જ્યારે જમીન તાપથી સળગીને રાખની જેમ થઈ ગઈ હતી) હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہએ હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબના વસીલાથી વરસાદના માટે દુઆ કરી. શબ્દો આ પ્રમાણે છે : –

હે અલ્લાહ ! આ તારા નબીના કાકા અબ્બાસ છે, અમે તેમના વસીલાથી તારી તરફ ધ્યાનિત થઈએ છીએ, તું અમારા પર વરસાદ વરસાવી દે.

એ લોકો હજી ત્યાંથી હટયા પણ ન હતા એવામાં અલ્લાહે રહમતની વર્ષા વરસાવી.

ઈબ્ને ઉમરનું બયાન છે કે પછી ઉમરે લોકોને આ પ્રમાણે ખુત્બો આપ્યો : હે લોકો ! બેશક ! રસૂલુલ્લાહ ﷺ હઝરત અબ્બાસને એ રીતે કદરની નિગાહથી જોતા હતા જેવી રીતે ઔલાદ પોતાના પિતાને કદરની નજરે જુએ છે. આપ હઝરત અબ્બાસની તાઝીમ તથા અદબ કરતા હતા અને તેમની કસમ પૂરી કરતા હતા. તો હે લોકો ! હુઝૂર ﷺના કાકા અબ્બાસની તાઝીમ તથા તકરીમમાં હુઝૂરની ઈક્તેદા (પયરવી) કરો અને તેમને અલ્લાહની બારગાહમાં પોતાની મુસીબતોમાં વસીલો બનાવો." *(અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૩/૩૩૪, કિતાબુલ મઅરિફતિસ્સહાબા)*

આ હદીષના શબ્દો :–

★ اسْتَسْقَى عُمَرُ بِالْعَبَّاسِ (અબ્બાસ બિન મુત્તલિબના વસીલાથી વરસાદની દુઆ કરી)

★ نَتَوَجَّهُ إِلَيْكَ بِهِ (અમે અબ્બાસના વસીલાથી તારી તરફ ધ્યાન કરીએ છીએ.)

★ وَاتَّخِذُوهُ وَسِيلَةً إِلَى اللهِ (અબ્બાસને અલ્લાહની બારગાહમાં વસીલો બનાવો.)

અલ્લાહના વલીની જાત શરીફથી વસીલો પકડવા વિશેની આ સ્પષ્ટ દલીલ છે.

ઈમામ ઝહબી رحمۃ اللہ علیہ આ હદીષ હેઠળ ફર્માવે છે : وصحّ نحوه من حديث أنس فأمّا داؤد فمتروك એનો સારાંશ એ છે કે આ હદીષના એક રાવી દાઊદ મત્રૂક છે અને અનસની હદીષ એના સમાનઅર્થી છે જે સહીહ છે. –*(ક્રમશઃ)*

ઈસ્લામના
મુજદ્દિદો વિશે વર્ણન

**ત્રીજી સદીના મુજદ્દિદ ૪**

# હઝરત ઈમામ અબૂ જઅફર અહમદ બિન મુહમ્મદ સલામહૂ તહાવી હનફી رضی اللہ عنہ

*(હિ.સ. ૨૧૫ થી ૩૦૩)*

*(કાર્યાલય)*

## ★ હદીષ તથા ફિક્હમાં નિપૂણતા ★

હિ.સ. ૨૭૦ પછી ઈમામ તહાવી رحمۃ اللہ علیہએ મિસરના કાઝી અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન અબદા رحمۃ اللہ علیہના નાયબપણાનો હોદ્દો સ્વીકારી લીધો. ઈમામ તહાવી ફર્માવે છે કે એકવાર જ્યારે હું કાઝીની મજલિસમાં બેઠેલો હતો. એક શખ્સ આવ્યો અને કહેવા લાગ્યો, અબૂ ઓબૈદા બિન અબ્દુલ્લાહે પોતાનાં માથી, અને તેમણે પોતાના પિતાથી કઈ હદીષ રિવાયત કરી ? જ્યારે મજલિસમાં હાજરજનોમાંથી કોઈને જવાબ ન આવડયો તો મેં મારી સનદની સાથે આ હદીષ વર્ણવી : "આપ ફર્માવે છે કે અમને બકાર બિન કતીબાએ હદીષ વર્ણવી. કતીબા ફર્માવે છે કે અમને અબૂ અહમદે વર્ણવી. અને અબૂ અહમદ ફર્માવે છે, અમને સુફયાને વર્ણન કરી. અને સુફયાન અબ્દુલ્લાહ અલ આ'લા લષઅલબીથી રિવાયત કરે છે, અને તે અબૂ ઓબૈદુલ્લાહથી રિવાયત કરે છે, અને તે પોતાનાં માથી, તેમણે પોતાના બાપથી રિવાયત કરી કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمનો ઈર્શાદ છે : "અલ્લાહ તઆલા મો'મિનના માટે ગૈરત કરે છે, તેણે પણ ગૈરતમંદ હોવું જોઈએ." *(તઝકિરતુલ હુફ્ફાઝ લિલ્ ઝહબી, ૩/૨૨, પ્રકાશક : દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત, લબનાન, આવૃત્તિ–૧, ઈ.સ. ૧૯૯૮)*

ઈમામ તહાવી ફર્માવે છે : મને આ હદીષ આ સનદ સાથે પણ મળી છે :–

حدثنا إبراهيم بن أبي داود نا سفيان بن وكيع عن أبيه عن سفيان موقوفاً

જ્યારે આ હદીષ ઈમામે વર્ણન કરી તો સવાલ કરનાર ઈમામ તહાવીને કહેવા લાગ્યો : આપ જાણો છો આપ શું કરી રહ્યા છો ? ખબર છે કે આપ કયા ફન (વિષય, વિદ્યા)માં વાત કરી રહ્યા છો ? મેં કહ્યું, કેમ ? શું વાત છે ? બોલ્યો, મેં આપને કાલે સાંજના સમયે ફકીહોના મેદાનમાં જોયા હતા અને હવે આપ અસ્હાબે હદીષના મેદાનમાં દેખાય રહ્યા છો, અને આ બંને વિદ્યા કલાઓ કોઈની અંદર બહુ ઓછી જોવા મળે છે. મેં કહ્યું, આ અલ્લાહ તઆલાનો ફઝ્લ અને તેનું ઈનામ છે. *(તઝકિરતુલ હુફ્ફાઝ લિલ્ ઝહબી, ૩/૨૨, પ્રકાશક : દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત, લબનાન, આવૃત્તિ–૧, ઈ.સ. ૧૯૯૮)*

## ★ ઈલ્મી મહાનતા ★

શાફઈઓનો મસ્લક છે કે પુરૂષની ઈન્દ્રિયને સ્પર્શવાથી વુઝૂ તૂટી જાય છે ઈમામ તહાવીએ "શરહે મઆનિયુલ આષાર"માં આ હદીષની સર્વ અસ્નાદો પર જરહ (પકડ) કરી છે, અને સાબિત કરી આપ્યું છે કે આ હદીષની સર્વ અસ્નાદો કમજોર તથા મજરૂહ છે જેના કારણે આ હદીષ દલીલ કરવાને પાત્ર નથી. ઈમામ બયહકી (વફાત : હિ.સ. ૪૫૮)એ "કિતાબુલ મઅરિફત"માં આ ચર્ચાનો ઉલ્લેખ કર્યો છે, તેમનાથી ઈમામ તહાવીની દલીલોનો જવાબ તો ન બની શક્યો પણ કેવળ એટલુ કહી આપ્યું : إن علم الحديث لم يكن من بضاعته કે ઈલ્મે હદીષ ઈમામ તહાવીનો ફન ન હતો. પરંતું ઈલ્મવાળાઓ નજીક ઈમામ બયહકીના આ દલીલ વિનાના કથનનું કોઈ વજન નથી. હદીષ વિદ્યા (ફન)માં ઈમામ

તહાવીના દબદબાના બારામાં અને પાછલા વર્ણનમાં હાફિઝ ઈબ્ને અબ્દુલ બર ઉન્દલુસી માલિકી (વફાત : હિ.સ. ૪૬૩)ની શહાદત પેશ કરી ચૂક્યા છીએ જે મિસર તથા પશ્ચિમના ઉલમા પર ઈમામ બયહકી કરતાં અધિક નજર ધરાવે છે. તેમના ઉપરાંત અબૂ સઈદ યૂનુસ મિસરના ઈતિહાસકાર તેમજ અન્ય અગ્રગણ્ય ઈમામો તથા ઉલમાએ રિજાલે હદીષના ફન (વિદ્યા)માં ઈમામ તહાવીના ફઝ્લો કમાલનો સ્વીકાર કર્યો છે. હકીકતમાં ઈમામ બયહકીનો આ કૌલ અહનાફના વિરૂધ્ધ પૂર્વગ્રહ સિવાય કાંઈ નથી અને એ જ પૂર્વગ્રહના કારણે ઈમામ બયહકીએ સુનને કુબરામાં હનફીઓની મુવય્યિદ (સમર્થક) રિવાયતોની તઝઈફ (ઝઈફ દર્શાવવું) અને શાફઈઓની સમર્થક રિવાયતોની તસ્હીહ (સહીહ દર્શાવવું) કરી, અને રિજાલની તખરીજ તથા તૌષીકમાં સખત લગ્ઝિશો ખાધી છે, અને ઠેક ઠેકાણે ગલતીઓ કરી છે. જેમ કે શયખ અલાઉદ્દીન અલી બિન ઉષ્માન મઅરૂફ બિન ઈબ્ને તર્કમાની (વફાત : ૭૫૦)એ "અલ્જવાહિરુલ હનફી ફીર્રદ્દિ અલલ બયહકી"માં આ સર્વ લગ્ઝિશો તથા ગલતીઓની સ્પષ્ટતા કરી આપી છે. હાજી ખલીફાએ "કશ્ફુલ ઝનૂન"માં ઈત્તેફાકીથી નકલ કરતાં લખ્યું : ઈમામ તહાવીની ઈલ્મી મહાનતા અને તેમના ઈજતેહાદ, વરઅ, તક્વા અને મઅરેફતે મઝહબમાં તેમની પ્રાધાન્યતા (તકદ્દુમ)ને જોતાં એ લોકોના ઈન્કારની કોઈ અસર નથી પડતી, કેમ કે એ ઈમામ તહાવીના મુન્કિરોથી ઘણા પાછળ છે. જો કોઈ શખ્સે ઈમામ તહાવીની હદીષની મહારત (નિપૂણતા)માં શક હોય તો તે કેવળ "શરહે મઆનિયુલ આષાર"નો અભ્યાસ કરે જે તેમની પ્રથમ કિતાબ છે. આપણો મસ્લક તો અલગ રહ્યો, શું કોઈ શખ્સ કોઈ (અન્ય) મઝહબથી પણ આ કિતાબના જેવી કિતાબ લાવી શકે છે ?

*(તઝકિરતુલ મુહદ્દિષીન, અલ્લામા ગુલામ રસૂલ સઈદી, પેજ–૧૫૮, પ્રકાશક : અર્શદ બિરાદર્સ, દિલ્હી, આવૃત્તિ–૧, ઈ.સ. ૧૯૭૭)*

## ★ એ'ઝાઝો ઈકરામ (ઈજ્જત તથા સમ્માન) ★

ઈમામ તહાવીની ઈલ્મી મહાનતાનો સિક્કો પૂરા મિસર પર ચાલતો હતો, ઉલમા હોય કે અવામ, સલ્તનતના સત્તાધારીઓ કે હોદ્દેદારો સર્વે પોતાની રીતે અને માન સમ્માનની સાથે આપની ઈલ્મી શૌકતનો સ્વીકાર કરે છે.

ઈબ્ને ઝવલાક વર્ણન કરે છે કે જયારે અબ્દુર્રહમાન બિન ઈસ્હાક મઅમર જોહરી મિસરના કઝા (ન્યાયાધીશ)ના હોદ્દા પર બિરાજમાન થયા તો તે ઈમામ તહાવીના અદબો એહતેરામનો પૂરો ખયાલ રાખતા હતા, અને સવારી પર હમેશાં તેમના બાદ સવાર થતા હતા અને તેમના બાદ ઉતરતા હતા. જયારે તેમને એનો સબબ પૂછવામાં આવ્યો તો કહેવા લાગ્યા, "ઈમામ તહાવી ઉમરમાં મારા કરતાં અગીયાર વરસ મોટા છે, અને જો તે અગીયાર કલાક પણ મોટા હોત તો પણ મારા પર એમનું સમ્માન કરવું લાઝિમ હતું કેમ કે કઝાનો હોદ્દો કોઈ એવી મોટી ચીજ નથી જેના કારણે હું ઈમામ તહાવી જેવી શખ્સિયત પર ફખ્ર કરી શકું."

## ★ તજદીદ તથા ઈસ્લાહ ★

તજદીદનો અર્થ એ છે કે મુજદ્દિદમાં એક ગુણ અથવા અમુક ગુણો (સિફતો) એવાં જોવામાં આવે જેનાથી ઉમ્મતે મુહમ્મદિયાને દીની લાભ થાય, જેમ કે તાલીમો તદીરીસ, વઅઝ તથા નસીહત, અમ્ર બિલ મઅરૂફ નહી અનિલ મુન્કર (સારી વાતોનો હુકમ આપવો બુરી વાતોથી રોકવું), લોકોથી મકરૂહ ચીજો દૂર કરવી, અને હક્કવાળાઓની મદદ કરવી. *(હયાતે આ'લા હઝરત, મલિકુલ ઉલમા ઝફરૂદ્દીન બિહારી رحمۃ اللہ علیہ,*

૨/૪૧૯, પ્રકાશક : મર્કઝે અહલે સુન્નત બરકાતે રઝા, પોરબંદર, ગુજરાત, ઈ.સ. ૨૦૦૩)

અલ્લામા હક્કીની સ્પષ્ટતા પ્રમાણે મુજદ્દિદના માટે એ જરૂરી છે કે જે સદીમાં પેદા થાય તેના ખાત્મા અને જે સદીમાં ઈન્તેકાલ કરે તેના પ્રારંભમાં મશહૂર તથા પ્રખ્યાત હોય, જેના પ્રતિ નિર્દેશ થઈ ગયો હોય માયઝાફ હોય. *(હયાતે આ'લા હઝરત, મલિકુલ ઉલમા ઝફરૂદ્દીન બિહારી رحمۃ اللہ علیہ, ૨/૪૧૯, પ્રકાશક : મર્કઝે અહલે સુન્નત બરકાતે રઝા, પોરબંદર, ગુજરાત, ઈ.સ. ૨૦૦૩)*

ઈમામ તહાવીની ઝાતેવાલા સિફાતમાં એ સર્વ સિફતો (ખૂબીઓ) ઉચ્ચ કક્ષાએ મૌજૂદ હતી જેનો ઉલ્લેખ એક મુજદ્દિદના બારામાં ઉપરોક્ત લખાણોમાં કરવામાં આવ્યો. આપ ત્રીજી સદીના આખરમાં અને ચોથી સદીની શરૂઆતમાં મશહૂરો મઅરૂફ જ નહીં, બલ્કે લોકાના શરણસ્થાન હતા. આપની ઈલ્મી કદર તથા ઉચ્ચતાનો ડંકો વાગતો હતો. આપ હમેશાં શરીઅતે મુતહહરા અને મઝહબે હક્કની મદદ તથા સમર્થનનો ફરીઝો અંજામ આપતા હતા અને મઝહબ તથા મિલ્લતના વિરોધીઓનો સારી રીતે રદ કરતા તથા તેમની પકડ કરતા. એમાં કદી કોઈની રજમાત્ર પરવા કરી અને ન કોઈનાં મહેણા ટોણાના ખયાલથી હક્ક કહેવામાં ઉણપ વર્તી. એ જ વિશિષ્ટતાઓના કારણે મજમએ બિહારુલ અન્વારમાં તાહિર મુહદ્દિષ પટનીએ, મજદુદ્દીન ઈબ્ને અષીર જઝરીએ જામિઉલ ઉસૂલમાં, તઝકેરએ મુજદ્દિદીને ઈસ્લામમાં ગુલામ મુસ્તફા મુજદ્દિદી પાકિસ્તાનીએ અને "ઈમામ અહમદ રઝા વ તજદીદે ઈફકારો નઝરિયાત"માં મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી رحمۃ اللہ علیہએ તેમને મુજદ્દિદ ગણ્યા છે.

એના અનુસંધાનમાં હાફિઝ ઈબ્ને હજર અસ્કલાનીએ "લિસાનુલ મીઝાન"માં એક બનાવ નકલ કર્યો છે. આપ ફર્માવે છે : "ઈમામ તહાવી, કાઝી અબૂ ઓબૈદાના નાયબ હતા, પરંતું હમેશાં તેમને સહીહ રવિશની તલ્કીન (સૂચન) કર્યા કરતા હતા. એકવાર આપે કાઝી સાહબને કહ્યું કે તે પોતાના કાર્યકરોની જાંચ પડતાલ કર્યા કરે. કાઝી સાહબે જવાબ આપ્યો, ઈસ્માઈલ બિન ઈસ્હાક પોતાના કાર્યકરોનો હિસાબ લેતા ન હતા. ઈમામ તહાવીએ ફર્માવ્યું કે કાઝી બકાર પોતાના કાર્યકરોની જાંચ કર્યા કરતા હતા. કાઝી સાહબે ફરી ઈસ્માઈલનું દષ્ટાંત આપ્યું. ઈમામ તહાવીએ ફર્માવ્યું કે, હુઝૂર ﷺ પોતાના કાર્યકરોની જાંચ કર્યા કરતા હતા, અને એના અનુસંધાનમાં ઈબ્ને તયતાનો કિસ્સો સંભળાવ્યો. જ્યારે કાર્યકરોને આ બનાવની ખબર પડી તો તેઓ ગુસ્સે થઈ ગયા અને તેમણે કાઝી સાહબને ઈમામ તહાવીની વિરૂધ્ધ ભડકાવવાનું શરૂ કરી દીધું ત્યાં સુધી કે કાઝી સાહબ ઈમામ તહાવીની વિરૂધ્ધ થઈ ગયા. એ જ અરસામાં કાઝી સાહબને બરતરફ કરી દેવામાં આવ્યા. જ્યારે ઈમામ તહાવીએ તેમની બરતરફીનો પરવાનો વાંચ્યો તો કેટલાક લોકો કહેવા લાગ્યા, આપને મુબારક થાય ! ઈમામ તહાવી આ સાંભળીને સખત નારાજ થઈ ગયા અને કહેવા લાગ્યા, કાઝી સાહબ ગમે તેમ પણ એક ઈલ્મવાળા માણસ હતા, હવે હું કોની સાથે ઈલ્મી ચર્ચા કર્યા કરીશ !" *(લિસાનુલ મીઝાન, ૧/૪૨૩, પ્રકાશક : દારે અહયાઉત્તરાષ અલ અરબી, બૈરૂત, આવૃત્તિ–૨, ઈ.સ. ૨૦૦૧)*

## ★ કિતાબ લેખનની ખિદમતો ★

ઈમામ તહાવીની ખિદમતો ઈલ્મો વિદ્યાઓના મેદાનમાં મુસલ્લમ છે, પરંતું લેખનની ખિદમતો એ સૌમાં તરી આવે છે. આપ ખૂબ જ અધિક પ્રમાણમાં કિતાબોના લેખક હતા. તફસીર, હદીષ, ફિકહ, ઉસૂલે ફિકહ, ઈતિહાસ, રિજાલ તથા મનાકિબ, આ સર્વ વિષયો પર અમૂલ્ય કિતાબો છોડી જેની વિગત આ પ્રમાણે છે :

(૧) અહકામુલ કુર્આન (૨) શરહે મઆનિયુલ

આષાર (૩) મુશ્કિલુલ આષાર (૪) ઈખ્તિલાફુલ ઉલમા (૫) કિતાબુશ્શુરૂત (૬) શુરૂતુસ્સગીર (૭) શુરૂતિલ અવસાત (૮) મુખ્તસરુત્તહાવી ફિલ્ ફિક્હ (૯) અન્નુવાદિરિલ ફિક્હિય્યહ (૧૦) કિતાબુન્નવાદિર વલ્ હિકાયાત (૧૧) હુકમે અર્દ્િ મક્કા (૧૨) હુકમુલ ફઈ વલ્ગનાઈમ (૧૩) નક્દ્ કિતાબુલ મુદલિસીન (૧૪) કિતાબુલ અશ્રબા (૧૫) અર્રદ્દિ અલા ઈસા બિન અબાન (૧૬) અર્રદ્દિ અલા અબી ઓબૈદ (૧૭) ઈખ્તિલાફુર્રિવાયાત (૧૮) અર્રિઝ્યહ (૧૯) શરહુલ જામિઉલ કબીર (૨૦) શરહુલ જામિઉસ્સગીર (૨૧) કિતાબુલ મહાદ્દિર વસ્સજલાત (૨૨) કિતાબુલ વસાયા વલ્ફરાઈઝ (૨૩) કિતાબુત્તારીખુલ કબીર (૨૪) અખ્બારે અબી હનીફા (૨૫) અક્રીદતુત્તહાવી (૨૬) તસ્વીહ બયૂન અખ્બરના વ હદ્દષના (૨૭) સુનને શાફઈ (૨૮) સહીહુલ આષાર. *(મરજઅ સાબિક્)*

### ★ શરહે મઆનિયુલ આષાર ★

અલ્લામા તહાવીની સર્વ કિતાબોમાં જે ખ્યાતિ તથા આમ કબૂલિયત "શરહે મઆનિયુલ આષાર"ને હાંસલ છે તે બીજી કિતાબોના હિસ્સામાં ન આવી શકી. વિના શંકાએ આ કિતાબ હદીષની વિદ્યા (ફન)માં એક મહાન કૃતિ અને હિઝ્બે અહનાફ (હનફીઓના વર્તુળ) માટે ગર્વ કરવા સમાન સરમાયો છે. આ કિતાબમાં હદીષ, ફિક્હ તથા રિજાલના વિવિધ ઈલ્મોને જે હુસ્નો ખૂબી સાથે જમા કરી આપ્યા છે, એ કેવળ હનફી મસ્લકમાં જ નહીં બલ્કે અન્ય મસ્લકોમાં પણ એની જોડ નથી મળતી.

અલ્લામા અમીર ઈત્કાની ફર્માવે છે : "શરહે મઆનિયુલ આષાર" પર વિચારણા કરો. શું તમે અમારા હનફી મઝહબના સિવાય બીજા મઝહબમાં પણ એની જોડ પામી શકો છો ?

અલ્લામા અયની ફર્માવે છે : "સુનને અબૂ દાઊદ, જામેઅ તિર્મિઝી અથવા અન્ય ઈબ્ને માજહ પર આની અગ્રતા એટલા પ્રમાણમાં સ્પષ્ટ છે કે કોઈ નાવાકેફને જ એમાં શક થઈ શકે છે. ઈસ્તિંબાતના કારણ, નાસિખ તથા મન્સૂખના ફરક, વજૂહે મઆરિઝાત અને કલામની ગોઠવણીમાં આ કિતાબ અજોડ છે. *(મુહદ્દિષીને એઝામ હયાતો ખિદમાત, ડો. આસિમ આઝમી, પેજ–૪૦૫, પ્રકાશક : કમાલ બુક ડેપો, ઘોસી, બીજી આવૃત્તિ, ઈ.સ. ૨૦૦૮)*

**વફાત :** ઈમામ તહાવીની પૂરી જિંદગી મિલ્લતે ઈસ્લામિયાની ખિદમતો અને દીનો ઈલ્મોના પ્રચાર તથા પ્રસારમાં ખર્ચાઈ. તેમણે પોતાની જિંદગીની ૮૨ વસંતો ઈસ્લામના ચમનને નિખારવામાં ગુજારી. ૧ ઝી કઅદા હિ.સ. ૩૨૧ના રોજ મહબૂબે હકીકીને જઈને મળ્યા અને મિસરમાં આવેલ "કરાફા" સ્થળે હઝરત ઈમામ શાફઈના મઝારથી લગોલગ દફન થયા. *(મરજઅે સાબિક્)*


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન**
*(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂા. ૫૫૦/–** (ટપાલ ખર્ચ રૂા.૧૫૦ અલગ)

## રૂહાનિયત તથા તસવ્વુફના વિષય પર વિશ્વ વિખ્યાત મક઼બૂલ કૃતિ

# કશ્ફુલ મહજૂબ

**(તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ)**

(હફતો : ૮)

**ફારસી લેખક** : વલીયે કામિલ હઝરત મખ્દૂમ સૈયદ અલી હજવૈરી **દાતા ગંજબખ્શ લાહોરી** رحمۃ اللہ علیہ

**ઉર્દૂ અનુવાદક : મુફતી ગુલામ મુઈનુદ્દીન નઈમી**

**ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*اَلْحَمْدُ لِلّٰہِ આ લેખમાળા ક્રમશઃ રજૂ કરતાં હું નાચીઝ ગુનેહગાર અલ્પજ્ઞાની ખુશી અનુભવું છું કે એક મહાન બુઝુર્ગની કૃતિને વાંચકો સમક્ષ રજૂ કરી રહ્યો છું. હઝરત દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ ખૂબ જ પાયાના બુઝુર્ગોમાંથી છે. આપની વિશેષ શાન હાલ રજૂ કરી શકતા નથી પણ કેવળ એટલું જ કહેવું પૂરતુ સમજું છું કે, આ તે મહાન બુઝુર્ગ છે જેમના આસ્તાના પર સુલ્તાનુલ હિંદ, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી رحمۃ اللہ علیہ જેવા બુઝુર્ગે અજમેર શરીફ આવતા પહેલાં ચાલીસ દિવસનો ચિલ્લો કર્યો હતો અને ત્યાંથી રૂહાની ફયઝ પામ્યા હતા. તો ત્યાંથી વિદાય વેળા ખ્વાજા સાહબે હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ વિશે ફર્માવ્યું કે :–*

*ગંજબખ્શ ફયઝે આ'લમ – મઝહરે નૂરે ખુદા*
*નાકિસારા પીરે કામિલ–કામિલારા રહનુમા*

*એવા મહાન બુઝુર્ગ હઝરત દાતા ગંજબખ્શની તસવ્વુફના વિષયે રહનુમા કિતાબ ''કશ્ફુલ મહજૂબ'' નો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો તો જરૂર હિદાયત પામશો, ઈન્શાઅલ્લાહ ! –તંત્રી*

### ★ તસવ્વુફની ઓળખ ★

તસવ્વુફનો શબ્દ બાબે તફઈલથી છે જેની ખાસિયત એ છે કે એ તકલ્લુફે ફેઅલનો તકાઝો કરનાર હોય અને આ અસલની શાખ છે. શબ્દકોશના હુકમ અને જાહેરી અર્થમાં આ શબ્દની વ્યાખ્યાનો તફાવત મૌજૂદ છે :–

الصفا ولایۃ و لھا آیۃ و روایۃ و التصوف حکایۃ للصفا بلا شکایۃ

સફા વિલાયતની મંઝિલ છે અને તેની નિશાનીઓ છે અને તસવ્વુફ સફાની એવી હિકાયત તથા તાબીર છે જેમાં ફરિયાદ ન હોય, સફાનો જાહેરી અર્થ રોશન (પ્રકાશિત) છે અને તસવ્વુફ આ ભાવાર્થની તાબીર તથા હિકાયત છે.

### ★ તસવ્વુફના પ્રકારો ★

તસવ્વુફના માનનારાઓ અને એના પર અમલ કરનારાઓના ત્રણ પ્રકારો છે : (૧) એકને સૂફી (૨) બીજાને મુતસવ્વિફ (સૂફી બનનાર) (૩) મુસ્તસવ્વિફ કહે છે.

**(૧) સૂફી** તે છે જે ખુદને ફના કરીને હક્ક઼ની સાથે મળી જાય અને નફસાની ખ્વાહિશોને મારીને હક઼ીકતથી મળી જાય.

**(૨) મુતસવ્વિફ** તે છે જે રિયાઝત તથા મુજાહિદાઓ થકી એ મક઼ામની તલબ કરે અને તે મક઼ામની તલબ તથા પ્રાપ્તિમાં સાચો તથા સચ્ચાઈવાળો રહે.

**(૩) મુસ્તસવ્વિફ** તે છે જે દુનિયવી ઈજ્જત તથા હોદ્દા અને માલ તથા દોલતને ખાતર ખુદને એવો બનાવી લે અને તે વર્ણવેલ મંઝિલો તથા મક઼ામોની તેને કાંઈ ખબર ન હોય. એવા નકલી સૂફીઓના માટે આરિફોની કહેવત છે :–

المستصوف عند الصوفية كالذباب و عند غيرهم كالذياب

**''સૂફિયાએ કિરામની નજીક નકલી સૂફી માખીની જેમ ઝલીલો ખાર છે. તે જે કરે છે તે કેવળ નફ્સની ખ્વાહિશના માટે કરે છે અને બીજાઓની નજીક વરૂઓની જેમ છે, જેવી રીતે વરૂ પોતાની સર્વ શક્તિ મુરદારની પ્રાપ્તિ પાછળ ખર્ચ કરે છે, એ જ હાલ આ નકલી સૂફીનો છે.** એટલે સૂફી સાહબ વુસૂલ છે અને મુતસવ્વિફ સાહબ ઉસૂલ છે અને મુસ્તસવ્વિફ સાહબ નુફૂલ તથા ફુઝૂલ છે.''

જેને વસ્લ નસીબ થઈ ગયો તે મકસદોને પામવા અને મુરાદને હાંસલ કરવામાં પોતાના નફસાની ઈરાદાઓથી બેનિયાઝ થઈ ગયો, અને જેને ઉસૂલની મંઝિલ નસીબ થઈ ગઈ તે તરીકતના અહવાલ પર બિરાજમાન અને લતાફત તથા મઅરેફત પર મજબૂત થઈ ગયો. અને જેના નસીબમાં ફુઝૂલ છે અને નકલી સૂફી છે તે હકીકત તથા મઅરેફતની મંઝિલથી મેહરૂમ રહીને કેવળ રસ્મો રિવાજની ચોખટ પર બેસી ગયો છે તેના માટે આ જ જાહેરી રસમ તથા રિવાજ તથા તૌર તરીકા અર્થ તથા હકીકતથી છુપા હોય છે કેમ કે વસ્લ વાસિલથી પર્દામાં રહે અયબદાર છે. એના બારામાં મશાઈખના ઘણા રાઝો તથા રહસ્યો છે. આ જગાએ એમને સંપૂર્ણપણે વર્ણવવું મુશ્કેલ છે, અલ્બત્ત અમુક રાઝો તથા રહસ્યો વર્ણન કરું છું. وباللہ التوفیق

## ★ સૂફિયાએ કિરામના ઉચ્ચ ગુણો ★

**(૧)** હઝરત ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''સૂફી તે છે કે જ્યારે વાત કરે તો તેનું બયાન તેના હાલની હકીકતોના પ્રદર્શન માટે હોય. મતલબ એ કે તે કોઈ એવી વાત નથી કહેતો જે ખુદ એનામાં મૌજૂદ ન હોય. જ્યારે ખામોશ રહે તો તેનો મામલો તથા સુલૂક (વર્તાવ) તેના હાલ જાહેર કરે અને સંબંધોથી દૂરી તેના હાલ પર નાતિક હોય એટલે તેનું બોલવું વાત કરતી વખતે તરીકતના ઉસૂલ પર સહીહ હોય અને તેનો કિરદાર મૌન રહેવાના સમયે મુજર્રદ મહઝ (દુનિયાનો ત્યાગી) હોય, અને આ બંને હાલતો દુરુસ્ત છે. જ્યારે બોલે તો તેની દરેક વાત હક્ક હોય અને જ્યારે ખામોશ રહે તો તેનું દરેક કામ ચિંતન હોય.

**(૨)** હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : તસવ્વુફ એવી ખૂબી છે જેમાં બંદાને કાયમ કરવામાં આવ્યો છે. કોઈએ પૂછયું કે આ હક્કની સિફત (ગુણ, ખૂબી) છે કે બંદાની ? આપે ફર્માવ્યું, એની હકીકત હક્કની સિફત છે અને તેની જાહેરી રસ્મ તથા હાલત બંદાની સિફત છે. મતલબ એ છે કે તેની હકીકત બંદગીની સિફતની ફના ચાહે છે, અને બંદગીની સિફતની ફના હક્કની સાથે બકાની સિફત છે અને એ હક્કની સિફત છે, અને તેની જાહેરી રસમ તથા હાલત બંદાની કાયમની રિવાયત તથા મુજાહિદાનો તકાઝો કરનારી છે, અને કાયમી મુજાહિદો એ બંદાની સિફત છે. અને જ્યારે બીજા અર્થમાં જોવા ચાહો તો એ રીતે સમજો કે તૌહીદની હકીકત કોઈ બંદાની સિફતમાં સહીહ નથી થઈ શકતી એટલા માટે બંદાની સિફતોમાં હમેશગી તથા કાયમીપણુ નથી. અને ખલ્કની સિફત અમુક રસમો તથા જાહેર સિવાય કાંઈ નથી કેમ કે ખલ્ક (મખ્લૂક)ની સિફતમાં બકા નથી બલ્કે હકીકતમાં હક્કનો ફેઅલ છે, જેથી એ સિફતોની હકીકત હક્કની સાથે થશે.

આ ભાવાર્થને એ રીતે સમજો કે હક્ક તઆલાએ બંદાને રોઝો રાખવાનો હુકમ કર્યો. રોઝો રાખવાના કારણે બંદો રોઝાદાર કહેવાયો. આ રોઝો જાહેરી રસમ પ્રમાણે બંદાની સિફત થશે પરંતું હકીકતની રૂએ હક્ક તઆલાની સાથે છે. જેમ કે હક્ક તઆલાએ પોતાના હબીબ ﷺ થકી આપણને ખબર આપી :

الصُّوفِیُّ لَا یَمْلِكُ وَلَا یُمْلَكُ એટલે **"સૂફી તે છે જેના કબજામાં કાંઈ ન હોય, અને ન ખુદ કોઈના કબજામાં હોય.** આ ઈબારત (લખાણ) અયન ફનાનું છે કે ફાનીઉસ્સિફત ન માલિક હોય છે ન મમલૂક (કોઈના તાબા હેઠળ), કેમ કે સહીહ માલિકી મૌજૂદાત પર દુરુસ્ત આવે છે. મતલબ એ છે કે સૂફી દુનિયાવી સાઝો સામાન અને આખેરતની ઝેબો ઝીનતમાંથી કોઈ ચીજનો માલિક નથી હોતો, કેમ કે તે પોતે પણ તો કોઈની માલિકીમાં છે. તે પોતાના નફ્સના હુકમનો પાબંદ નથી હોતો, એટલા માટે કે ગૈરની ખ્વાહિશ તથા ઈરાદાના ગલ્બાથી ખુદને ઓગાળી ચૂક્યો હોય છે ત્યાં સુધી કે તે ગૈરને પણ બંદગીની લાલમથી ફના કરી ચૂક્યો હોય છે. આ કૌલ (કથન) મુબારક પેચીદા તથા બારીક છે, આ મંઝિલને સૂફીઓનો ગિરોહ "ફનાએ ગુલ"થી સરખાવે છે. અમે એના ગલત મકામોનો આ કિતાબમાં ઈન્શા અલ્લાહ ! નિર્દેશ કરીશું.

**(૬)** હઝરત ઈબ્ને જલાબી દમિશ્કી رحمۃ اللہ علیہ ફર્માવે છે : التَصَوُّفُ حَقِیْقَةٌ لَا رَسْمٌ "તસવ્વુફ સરાપા હકીકત છે જેમાં રસ્મ તથા મજાઝની દખલ નથી." કેમ કે મામલાઓ તથા ફેઅલો (કાર્યો)માં રસ્મ તથા મજાઝને દખલ છે, અને એની હકીકત હક્ક તઆલા સાથે ખાસ છે. જ્યારે કે તસવ્વુફ ખલ્ક (મખ્લૂક, લોકો)થી કિનારાકશીનું નામ છે, જેથી એના માટે રસ્મ તથા મજાઝની દખલ શક્ય જ નથી.

**(૭)** હઝરત અબૂ અમ્ર મુશ્કી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

التَّصَوُّفُ رُؤْيَةُ الْكَوْنِ بِعَيْنِ النَّقْصِ بَلْ غَضُّ الطَّرْفِ عَنِ الْكَوْنِ

"દુનિયાને ખામી તથા અયબની આંખથી જોવી નહીં, બલ્કે દુનિયાથી મોં ફેરવી લેવાનું નામ તસવ્વુફ

الصوم لی وانا اجزی بہ કે રોઝો મારા માટે છે અને હું જ એનો બદલો આપીશ. મતલબ એ છે કે રોઝો મારા કારણે છે અને જે કાંઈ એના મફઉલાત (કાર્યો)થી છે તે સૌ એની મિલ્કિયત છે. પરંતુ સર્વ ઈબાદતો અને ચીજોની નિસ્બત બંદાની નિસ્બતથી રસમ તથા મજાઝના તરીકાથી હશે ન કે હકીકતમાં.

**(3)** હઝરત અબુલ હસન નૂરી رحمۃ اللہ علیہ ફર્માવે છે : التَّصَوُّفُ تَرَكُ كُلِّ حَظِّ النَّفْسِ **"તસવ્વુફ સર્વ નફસાની લિજ્જતો તથા મજાઓથી હાથ ખેંચી લેવાનું નામ છે.** એના બે પ્રકારો છે : એક રસ્મ એટલે મજાઝ અને બીજી હકીકત. એનો ભાવાર્થ એ છે કે બંદો જો નફસાની લિજ્જતોને છોડી ચૂકયો છે, તો લિજ્જતને ત્યજવું પણ એક લિજ્જત છે, એને રસ્મ તથા મજાઝ કહેવામાં આવે છે. અને જો એનો પણ ત્યજનારો છે તો એ લિજ્જત તથા મજાની ફના કહેવાય છે. આ અર્થનો સંબંધ હકીકતથી મુશાહિદાથી છે, જેથી લિજ્જત મજાને ત્યજવું બંદાનું કાર્ય છે અને લિજ્જત તથા મજાની ફના હક્ક તઆલાનો ફેઅલ છે જેથી બંદાના ફેઅલને રસ્મ તથા મજાઝ અને હક્કના ફેઅલને હકીકત કહેવામાં આવશે. આ કૌલથી તે પહેલો ફેઅલ જે હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہનો છે તે ખૂબ સ્પષ્ટ થઈ જાય છે.

**(૪)** હઝરત અબુલ હસન નૂરી رحمۃ اللہ علیہનો કૌલ છે : સૂફિયાએ કિરામનો ગિરોહ તે છે જેમની જિંદગીઓ કદૂરતે બશરી (માનવીય ખરાબીઓ)થી મુક્ત અને નફસાની આફતોથી પાક તથા સાફ થઈને આઝાદ અને તમન્નાઓથી બેનિયાઝ થઈ ગઈ છે, ત્યાં સુધી કે હક્ક તઆલાની હુઝૂર ઉચ્ચ દરજજા અને પ્રથમ સફમાં આરામ પામનારા છે અને અલ્લાહ સિવાયના સર્વથી કૃતઅન્ દૂર થઈ ચૂક્યા છે.

**(૫)** તે એવું પણ ફર્માવે છે :–

છે. મતલબ એ છે કે દુનિયાને અયબ તથા ખામીઓથી ભરપુર જુઓ, કેમ કે આ દલીલ બકાએ સિફતની છે. બલ્કે દુનિયાથી આંખોને બંધ કરી લો કેમ કે એ ફનાએ સિફતની દલીલ છે. એટલા માટે કે જ્યારે કાઈનાત પર નજર હશે તો નજરની હદ બાદ નજરની મંઝિલ પણ ખત્મ થઈ જશે, અને દુનિયાથી આંખો બંધ કરી લેવામાં રબ્બાની બસીરતની બક્ા છે, એટલે કે જે શખ્સ પોતે નાબીના હશે તે હક્ક્ને જોઈ શકશે, કેમ કે હસ્તીનો તાલિબ પણ તાલિબ જ હોય છે અને તેનું કામ એનાથી એની તરફ થઈ જાય છે, ત્યાં સુધી કે પોતાની હસ્તીથી બહાર નીકળવાનો તેને કોઈ માર્ગ નથી મળતો.

સારાંશ, એક તે હોય છે જે ખુદને જુએ છે પણ તેને અપૂર્ણ નજર આવે છે. અને બીજો તે છે જે પોતાના તરફથી નજરને બંધ કરી લે છે, તેને નથી જોતો તો તે શખ્સ જે ખુદને જોઈ લે છે ભલે ખુદમાં તેને ખામી તથા અયબો દેખાય છે પણ આ જ નઝારો એક હિજાબ (આડ) છે. અને જે જુએ છે તે નજરમાં પર્દા હેઠળ રહે છે. અને જે પોતાની હસ્તીને જોતો જ નથી તે નાબીનાઈમાં મહજૂબ (છુપો) નથી હોતો. અહલે મઆની અને ઓરફા (આરિફો)ની નજીક આ ભાવાર્થ તથા મુરાદ અસલ ક્વી (મજબૂત) છે. પણ આ મક્ામ તેની શરહનો નથી.

**(૮)** હઝરત અબૂ બક્ર શિબ્લી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

التَّصَوُّفُ شِرْكٌ لِاَنَّهٗ صِيَانَةُ الْقَلْبِ عَنْ رُؤْيَةِ الْغَيْرِ وَلَا غَيْرَ

"તસવ્વુફમાં શિર્ક છે એટલા માટે દિલને ગૈરના દીદારથી બચાવવું, જ્યારે કે ગૈરનું વજૂદ જ નથી." મતલબ એ છે કે તૌહીદની સાબિતીઓમાં ગૈરની રૂયત (જોવું) શિર્ક છે. જ્યારે દિલમાં ગૈરની કોઈ કદર તથા કિંમત નથી તો દિલને ગૈરના ઝિક્રથી બચાવવું અશક્ય છે.

**(૯)** હઝરત હસરી رحمۃ اللہ علیہ ફર્માવે છે :– التَّصَوُّفُ صِفَاءُ السِّرِّ عَنْ كُدُوْرَةِ الْمُخَالَفَةِ "દિલને મુખાલફત (વિરૂધ્ધતા)ની ખરાબીથી પાક તથા સાફ રાખવાનું નામ તસવ્વુફ છે." મતલબ એ છે કે બાતિન (અંતર)ને હક્ક્ તઆલાની વિરૂધ્ધતાથી મેહફૂઝ રાખો, કેમ કે દોસ્તી મુવાફિકત (વિરૂધ્ધ ન હોવું)નું નામ છે અને મુવાફિકત એ મુખાલફતનું વિરૂધ્ધાર્થી છે. દોસ્ત માટે લાઝિમ છે કે આખી દુનિયામાં દોસ્તના એહકામની હિફાઝત કરે, અને જ્યારે મત્લૂબ તથા મુરાદ (હેતુ) એક હોય તો મુખાલફત (વિરૂધ્ધતા)ને અવકાશ નથી.

## ★ અખ્લાક્ ★

**(૧૦)** હઝરત મુહમ્મદ બિન અલી બિન ઈમામ હુસૈન બિન અલીયે મુર્તઝા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ફર્માવે :–

التَّصَوُّفُ خُلُقٌ فَمَنْ زَادَ عَلَيْكَ فِي الْخُلُقِ زَادَ عَلَيْكَ فِي التَّصَوُّفِ

**"પાકીઝા અખ્લાક્નું નામ તસવ્વુફ છે. જેના જેટલા પાક્ીઝા અખ્લાક્ હશે એટલો જ વધુ તે સૂફી હશે."**

પાકીઝા અખ્લાક્ના બે પ્રકારો છે : એક હક્ક્ તઆલાની સાથે બીજા મખ્લૂકની સાથે. હક્ક્ તઆલા સાથે નેક ખૂઈ (સારા અખ્લાક્) એ છે કે તેની ક્ઝા તથા કદર પર રાજી રહે. અને મખ્લૂક્ સાથે નેક ખૂઈ એ છે કે હક્ક્ તઆલાની રઝાને ખાતર મખ્લૂક્ની સોહબતનો બોજ સહન કરે. આ બંને પ્રકારો તાલિબની તરફ જ વળે છે, કેમ કે હક્ક્ની સિફત ઈસ્તિગના, એટલે તે તાલિબની નારાજી તથા રઝા (રાજીપા) બંનેથી બેનિયાઝ છે. આ બંને સિફતો તૌહીદના નઝારાથી સંબંધિત છે.

**(૧૧)** હઝરત અબૂ મુહમ્મદ મર્તઅશ رحمۃ اللہ علیہ ફર્માવે છે : الصُّوفِي لَا يَسْبَقُ هِمَّتَهٗ خُطْوَتَهٗ البتت એટલે કે **સૂફી તે છે કે તેનું બાતિન (અંતર, દિલ)**

**તેના કદમની સાથે બરાબર હોય** મતલબ એ છે કે દિલ સંપૂર્ણપણે હાજર રહે.

એટલે કે દિલ ત્યાં હોય જ્યાં કદમ હોય અને કદમ ત્યાં હોય જ્યાં દિલ હોય. એક કૌલ એ છે કે **કદમ ત્યાં હોય જ્યાં કૌલ હોય (વાણી તથા વર્તન સમાન હોય)** આ હુઝૂરીની નિશાની ગાયબ થયા વિના છે. એનાથી ઉલ્ટુ કેટલાક લોકો એવું કહે છે કે ખુદીથી ગાયબ થઈને હક્કની સાથે જાહેર થાય, જ્યારે કે એવું કહેવું જોઈતુ હતું કે હક્કની સાથે જાહેર થઈને ખુદીથી હાજર થાય. આ જમઉજ્ જમઅના કબીલથી ઈબારત (વર્ણન) છે, કેમ કે જે વખતે આપો આપ રૂયત (દીદાર) થશે. તો ખુદીથી ગયબત (અદશ્ય થવું) ન રહેશે. જ્યારે રૂયત ઉઠી જશે તો હુઝૂરી ગાયબ થયા વિના (બેગયબત) થશે. આ અર્થનો સંબંધ હઝરત શિબ્લી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَالرِّضۡوَانُ ના આ કૌલથી છે કે :–

**(૧૨)** الصُّوفِیُّ لَا یَرٰی فِی الدَّارَیۡنِ مَعَ اللّٰہِ غَیۡرَ اللّٰہِ

**"સૂફી તે છે જે બંને જહાનમાં ઝાતે ઈલાહી વગર કાંઈ ન જુએ."** કેમ કે બંદાની પૂરી હસ્તી ગૈર છે, અને જ્યારે તે ગૈરને જોશે નહીં તો ખુદને પણ ન જોશે અને પોતાની નફી તથા અષ્બાતના વખતે તે ખુદથી સંપૂર્ણપણે ફારિગ હશે.

## ★ તસવ્વુફની પાયાની ખાસિયતો ★

**(૧૩)** હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, તસવ્વુફનો પાયો આઠ ભાગો પર છે : સખાવત, રઝા, સબ્ર, ઈશારા, ગરીબી, ગુદળી, સયાહત અને ફક્ર. આ આઠ ખાસિયતો આઠ નબીઓની ઈક્તેદામાં છે : સખાવત હઝરત ખલીલ علیہ السلامથી, કેમ કે પોતાના ફરઝંદને ફિદા કર્યો. રઝા હઝરત ઈસ્માઈલ علیہ السلامથી, કેમ કે ઝબહ વખતે પોતાની રઝા અને પોતાની પ્રિય જાનને બારગાહે ખુદાવંદીમાં પેશ કરી આપી. સબ્ર હઝરત ઐયૂબ علیہ السلامથી કે આપે બેહદ તથા અતિશય મુસીબતો પર સબ્ર કરી અને ખુદાની મોકલેલી મુસીબતો તથા આજમાઈશો પર અડગ રહ્યા. ઈશારા હઝરત ઝકરિયા علیہ السلامથી કે હક્ક તઆલાએ ફર્માવ્યું : اَلَّا تُکَلِّمَ النَّاسَ ثَلٰثَۃَ اَیَّامٍ اِلَّا رَمۡزًا (તારી નિશાની એ છે કે ત્રણ દિવસ તું લોકોથી વાત ન કરે. સૂ. આલે ઈમરાન, ૩/૪૧) આપે ત્રણ દિવસ લોકો સાથે ઈશારા સિવાય વાત ન કરી. અને એના અનુસંધાનમાં ઈર્શાદ છે : اِذۡ نَادٰی رَبَّہٗ نِدَآءً خَفِیًّا (જ્યારે તેણે પોતાના રબને ધીમેથી પોકાર્યો. સૂ. મરયમ, ૧૯/૩) કે તેમણે પોતાના રબને ધીરેથી પોકાર્યો. ગુર્બત (ગરીબી) હઝરત યહ્યા علیہ السلامથી કે તે પોતાના વતનમાં મુસાફિરોની જેમ રહીને પોતાનાંઓથી બેગાના રહ્યા. સિયાહત હઝરત ઈસા علیہ السلامથી કે આપે એકલી રીતે એકલાએ અવિવાહિત જિંદગી ગુજારી અને એક પ્યાલો તથા કાંસકા સિવાય કાંઈ પાસે ન રાખ્યું. જ્યારે તેમણે જોયું કે કોઈએ પોતાના બંને હાથોને મિલાવીને પાણી પીધું છે તો તેમણે પ્યાલો પણ તોડી નાખ્યો, અને જ્યારે કોઈને જોયો કે આંગળીઓ વડે વાળોમાં કાંસકી કરી રહ્યો છે તો કાંસકો પણ તોડી નાખ્યો. ગોદળી એટલે સૌફ (શણ)નો લિબાસ હઝરત મૂસા علیہ السلامથી કે તેમણે ઉની કપડાં પહેર્યાં. અને ફક્ર (ફકીરી) સૈયદે આલમ صلی اللہ علیہ وسلمથી કે જેમને પૃથ્વીના પટના સર્વ ખજાનાઓની કુંજીઓ અતા કરી દેવામાં આવી હતી, અને ઈર્શાદ થયો કે આપ ખુદને તકલીફમાં ન નાખો બલ્કે આપ તે ખજાનાઓને ઉપયોગમાં લે, એશ આરામ અપનાવે, પરંતુ બારગાહે ઈલાહીમાં આપે અર્ઝ કર્યું, હે ખુદા ! મને એની હાજત નથી, મારી ખ્વાહિશ તો એ છે કે એક રોજ પેટ ભરું તો બે દિવસ ફાકા કરું.

તસવ્વુફની આ આઠ ખાસ ખૂબીઓ છે જે કાર્યો તથા અમલોમાં પસંદીદા છે.

**(૧૪)** હઝરત હસ્રમી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ ફર્માવે છે :–

الصُّوفِي لَا يُوْجَدُ بَعْدَ عَدَمِ وَلَا بِعَدَمٍ بَعْدَ وَجُودِهِ

"સૂફી મઅદૂમ (અન અસ્તિત્વ) થયા બાદ હસ્તીની તમન્ના નથી કરતો, અને મૌજૂદ થયા બાદ મઅદૂમ થવાની તમન્ના નથી કરતો. " મતલબ એ છે કે તેણે જે કાંઈ પામ્યુ છે તેને કોઈ હાલમાં ગુમ નથી કરતો, અને જે ચીજ ગુમ થઈ જાય તેને કોઈ હાલમાં પણ હાંસલ કરવાની કોશિશ નથી કરતો. એનો બીજો અર્થ એ છે કે તેની યાફત (પામેલુ) કોઈ રીતે નાયાફત ન થશે. અને તેની નાયાફત કોઈ રીતે યાફત ન થશે, કે અષ્બાત બેનફી અને નફી વિના અષબાત ન થઈ જાય. અને આ ક઼ૌલનો મક઼સદ એ છે કે, સૂફીની બશરીયત (માનવ હોવું) સંપૂર્ણપણે ફના થઈને તેના શારીરિક સાક્ષીઓ તેના હક્ક઼થી જતા રહે અને તેની નિસ્બત સૌથી કટ થઈ જાય જેથી બશરીયતનો ભેદ કોઈના હક્ક઼માં જાહેર ન થાય, ત્યાં સુધી કે એ ફરક પોતાના અયનમાં જમા થઈને આપોઆપ ક઼યામ (સ્થાન) પામી જાય. આ સ્થિતિ બે નબીઓમાં જાહેર થઈ છે, એક હઝરત મૂસા علیہ السلامમાં કે જેમના વજૂદમાં અદમ ન હતું, ત્યાં સુધી કે દુઆ કરી :–

رَبِّ اشْرَحْ لِي صَدْرِي ۝ وَيَسِّرْ لِي أَمْرِي ۝ "મારા રબ ! મને શરહે સુદૂર અતા કર (મારો સીનો ખોલી આપ) અને મારો મામલો મારા પર આસાન કરી દે." (સૂ. તાહા, ૨૦/૨૫) અને બીજી મુબારક જાત રસૂલે અકરમ ﷺની છે કે આપના અદમમાં વજૂદ ન હતું, જેવો કે ઈર્શાદ થયો : أَلَمْ نَشْرَحْ لَكَ صَدْرَكَ ۝ "શું અમે તમારા માટે શરહે સુદૂર (તમારો સીનો વિશાળ) ન કર્યું." સૂ. ઈન્શિરાહ, ૯૪/૧)

**(૧૫)** હઝરત અલી બિન પન્દાર સીર ફી નીશાપૂરી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

التَّصَوُّفُ إِسْقَاطُ الرُّؤْيَةِ وَلِلْحَقِّ ظَاهِرًا وَ بَاطِنًا

"તસવ્વુફ એ છે કે સૂફી પોતાના જાહેરી તથા બાતિનમાં હક્ક઼ને ખાતર ખુદને ન જુએ, જેથી જ્યારે તમો જાહેર પર નજર નાખશો તો જાહેરમાં તૌફીકનું નિશાન પામશો, અને જ્યારે તમે વિચારણા કરશો તો જાહેરી મામલાઓને હક્ક઼ની તૌફીક઼ની સરખામણીમાં જોશો તો મચ્છરની પાંખના બરાબર વજન ન આપશો અને જાહેરી જોવાનું છોડી આપશો. અને જ્યારે બાતિન પર નજર નાખશો તો બાતિનમાં હક્ક઼ના સમર્થનનાં નિશાન પામશો. પછી જ્યારે વિચારણા કરશો તો બાતિની મામલાઓને હક્ક઼ના સમર્થનના બાજુમાં જોઈને રજમાત્ર વજન નહીં આપો. જેથી બાતિનને જોવાને પણ છોડી દઈને અસ્રારે હક્ક઼ (રબનાં રહસ્યો)નો મુશાહિદો (દીદાર) કરશો. જ્યારે હક્ક઼નો મુશાહિદો કરશો તો ખુદને પણ જોઈ શકશો નહીં.

**(૧૬)** હઝરત ઉમર બિન અહમદ મુક઼રી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

التَّصَوُّفُ إِسْتِقَامَةُ الْأَحْوَالِ مَعَ الْحَقِّ "હક્ક઼ તઆલાની સાથે અહવાલ (હાલતો)ની અડગતાનું નામ તસવ્વુફ છે." મતલબ એ કે, સૂફીના અહવાલ કોઈ અન્ય હાલ બદલાશે નહીં, અને તે કોઈ દુરાચારમાં સપડાશે નહીં એટલા માટે જેનું દિલ હાલતોના ચક્રાવાથી મેહફૂઝ છે તે ઈસ્તિક઼ામત (અડગતા)ના દરજાથી નથી ગુજરતો અને ન તે હક્ક઼ તઆલાથી દૂર રહે છે. –(ક્રમશઃ)

❖ ❖ ❖

# ઝર્બે હૈદરી

(હફ્તો : ૬)

**અઝ** : *શયુખલ હદીષ વત્તફસીર પીર સાઈં*
**ગુલામરસૂલ ક઼ાસમી ક઼ાદરી નક્શબંદી** دام ظلہ العالی
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*વર્તમાન સમયમાં કેટલાક કહેવાતા સુન્નીઓમાં શીઆઈયત જેવા ખયાલોનો પગપેસારો થઈ રહ્યો છે જેનાથી ઘણા સુન્ની ભાઈઓ ગુમરાહીનો શિકાર થઈ રહ્યા છે, એવા સમયે 'અહલે સુન્નત વ જમાઅત'નો હક્ક઼ મઝહબ સુન્ની હઝરાત સમક્ષ રજૂ કરી ઈમાનની સલામતીનો માર્ગ સમારતી આ કિતાબ **'ઝર્બે હૈદરી'** નામથી અત્રે લેખમાળા રૂપે રજૂ કરીએ છીએ જે કુર્આન, હદીષ તથા ઉલમાના અક઼વાલથી રાફઝિયતના અંધકારને દૂર કરી અહલે સુન્નતની રોશની ફેલાવવા માટે ખૂબ જ સહાયકર્તા છે. એને જરૂરથી વાંચો વંચાવો અને ઈમાનમાં તાજગી મેળવો.*
*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**હદીષ–૮** : હઝરત મૌલા અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે :–

لَا أَجِدُ أَحَداً فَضَّلَنِي عَلىٰ أَبِي بَكْرٍ وَعُمَرَ إِلَّا جَلَّدْتُهُ حَدَّ الْمُفْتَرِيّ

**"હું જેને જોઈશ કે મને અબૂબક્ર તથા ઉમર કરતાં અફઝલ કહે છે તેને આક્ષેપ કરવાની (બાહેતાન)ની સજાના તૌર પર ઍંસી કોરડા મારીશ."** *(ફઝાઈલે સહાબા, ઈમામ અહમદ બિન હંબલ, હ–૪૯, અન હકમ બિન હજલ, ૩૮૭, અન હકમ બિન હજલ ક઼ાલ સમિઅ્ત અલિય્યા رضی اللہ عنہ યકૂલ, અસ્સુન્નહ લિઅબ્દિલ્લાહ ઈબ્ને અહમદ, હ–૧૨૪૨, અનહકમ બિન હજલ, ૧૩૨૨, અન અલ્ક઼મા, અસ્સુન્નહ લિ ઈબ્નિ અબી આસિમ, હ–૧૦૨૭, અન અલ્ક઼મા, ૧૨૫૪, અન હકમ બિન હજલ, અલ એતેક઼ાદ લિલ્બયહક઼ી, પેજ–૩૫૮, અન હકમ બિન હજલ, ક઼ાલ ખતબના અલી બિલ બસરા, ૩૬૧, અન અલ્ક઼મા વ ક઼ાલ લહૂ શવાહિદ ઝિક્રેનાહા ફી કિતાબિલ ફઝાઈલ, ફઝાઈલુ અબી બકર સિદ્દીક઼ મુઅલ્લિફહૂ અબૂ તાલિબ મુહમ્મદ બિન અલી અલ અશારી, મુતવફ્ફી હિ. ૪૫૧, હ–૩૯, તોહફતુસ્સિદ્દીક઼ લિ ઈબ્નિ બિલ બાન, સફા–૮૭, અલ ઈસ્તીઆબ, સફા–૪૩૪, ઈબ્ને અસાકિર, ૩૦/૩૬૯, અન અબ્દિ ખૈર, ૩૭૧, અન અલ્ક઼મા, ૩૮૩, અન હકમ અન અબિયહ, ઈબ્ને અસાકિર, ૪૪/૩૬૫, અન જાબિર બિન હમીદ વ હદીષ આખિર અન હકમ બિન હજલ વ હદીષ આખિર અન હકમ હજલ ઈઝન્ વ હદીષ આખિર અન અલ્ક઼મા, અર્રિયાઝ અન નઝરહ, ૧/૮૮, અલ મુઅત્તલફ વલ મુખ્તલફ લિલ દારકુત્ની, ૩/૯૨, અન હકમ બિન હજલ, અલ મુષ્ક઼ા લિ ઝહબી, સફા–૩૬૧, અન મુહમ્મદ બિન હનફિયા બલફ્ઝે કાન યકૂલ, તારીખુલ ખુલફા, સફા–૩૮, સવાઈક઼ે મુહર્રિક઼ા, સફા–૬૦, તફસીરે કુર્તબી, ૧૭/૨૦૬, કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૩૬૧૫૨, ઈઝાલતુલ ખફા, ૧/૩૧૭)*

આ હદીષના સર્વ હવાલાઓ પર વિચારણા કરો તેના રાવીઓમાં હઝરત મુહમ્મદ બિન હનફિયા, હઝરત અલ્ક઼મા, હઝરત અબ્દે ખૈર, હઝરત જાબિર બિન હમીદ, હઝરત હકમ બિન હજલ, અને તેમના પિતા હઝરત હજલ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ સામેલ છે આ સૌ ડાયરેક્ટ મૌલા અલીથી રિવાયત કરી રહ્યા છે. હકમ બિન હજલ પોતાના પિતાથી પણ રિવાયત કરી રહ્યા છે અને પોતે પણ કહી રહ્યા છે કે મેં હઝરત અલી رضی اللہ عنہને ફર્માવતાં સાંભળ્યા. બીજી જગાએ ફર્માવી રહ્યા છે કે હઝરત અલી رضی اللہ عنہએ અમને બસરામાં સંબોધન કર્યું. સ્પષ્ટ થઈ રહ્યું છે કે હઝરત હકમ બિન હજલ رحمۃ اللہ علیہની મુલાકાત સૈયદના અલીયે મુર્તઝા رضی اللہ عنہથી થઈ છે. રિજાલની કિતાબોમાં હકમ બિન હજલને ષિક઼હ લખવામાં આવ્યા છે, અને જ્યારે તે ષિક઼હ છે તો એ થઈ જ નથી શકતુ કે હઝરત અલીયે મુર્તઝાની ઝિયારતના બારામાં જૂઠુ બોલે. મઆઝલ્લાહ ! આમ તો હદીષ

રિવાયત કરવા માટે સમકાલિન હોવું જ પૂરતું છે, જેનાથી મુલાકાત દૂર નથી રહેતી. અને જો ધારો કે હદીષમાં ઈરસાલ જ હોય તો મુરસલ હદીષ આપણી નજીક હુજ્જત (દલીલને પાત્ર) છે, એટલા માટે કે ઈરસાલ કરનાર હદીષના સહીહ હોવા પર વિશ્વાસ કરીને ઈરસાલ કરે છે.

આ જ કારણે ઉલમાએ આ હદીષને સહીહ ઠરાવી છે. શાહ અબ્દુલ અઝીઝ સાહબ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ એ એને સહીહ લખી છે. (ફતાવા અઝીઝી, ઉર્દૂ પેજ–૩૮૩) અને આ'લા હઝરત عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ એ એને ઝહબીના હવાલાથી સહીહ લખી છે :–

قَالَ سُلۡطَانُ الشَّانِ اَبُوۡ عَبۡدِ االلّٰهِ الذَّهۡبِيُّ حَدِيۡثٌ صَحِيۡحٌ

*(અઝ્ઝલાલુલ ઈન્કા, પેજ–૯૫)*

આ હદીષને હઝરત અલ્કમાએ આ પ્રમાણે વર્ણવેલ છે :–

عَنۡ إِبۡرَاهِيمَ قَالَ ضَرَبَ عَلۡقَمَةُ هٰذَا الۡمِنۡبَرَ فَقَالَ : خَطَبَنَا عَلِيٌّ عَلٰى هٰذَا الۡمِنۡبَرِ فَحَمِدَا اللّٰهِ وَ اَثۡنٰى عَلَيۡهِ ثُمَّ ذَكَرَ مَا شَاءَ اللّٰهِ اَن يَّذۡكُرَ ثُمَّ قَالَ : اَلَا اَنَّهُ بَلَغَنِي اَنَّ قَوۡماً يُفَضِّلُوۡنِي عَلٰى اَبِي بَكۡرٍ وَعُمَرَ وَ لَوۡ كُنۡتُ تَقَدَّمۡتُ فِي ذَالِكَ لَعَاقَبۡتُ فِيهِ وَلٰكِنۡ اَكۡرَهُ الۡعُقُوۡبَةَ قَبۡلَ التَّقَدُّمِ، مَنۡ قَالَ شَيۡئاً مِنۡ ذَالِكَ فَهُوَ مُفۡتَرٍ عَلَيۡهِ مَا عَلَى الۡمُفۡتَرِيِّ، خَيۡرُ النَّاسِ كَانَ بَعۡدَ رَسُوۡلِ اللّٰهِ أَبُو بَكۡرٍ ثُمَّ عُمَرُ ثُمَّ أَحۡدَثۡنَا بَعۡدَهُمۡ اِحۡدَاثاً يَقۡضِي اللهُ فِيهَا۔

*(અસ્સુન્નહ લિ અબ્દિલ્લાહ, હદીષ–૧૩૨૨, અસ્સુન્નહ લિઈબ્નિ અબી આસિમ, હ–૧૦૨૭)* અસ્નાદહૂ સહીહ.

આ હદીષથી અને એના જેવી બીજી હદીષોથી સ્પષ્ટ શક્યતા મેહસૂસ થાય છે કે હદ્દે મુફતરી (આક્ષેપ મૂકવાની સજા)વાળી હદીષ એ હદીષે મુતવાતિરનો ટુકડો છે જેને ૮૦ રાવીઓએ રિવાયત કરી છે કે :–

خَيۡرُ النَّاسِ بَعۡدَ رَسُولِ اللهِ ﷺ اَبُو بَكۡرٍ وَ خَيۡرُ النَّاسِ بَعۡدَ اَبِيۡ بَكۡرٍ عُمَرُ

(લોકોમાં રસૂલુલ્લાહ ﷺ પછી સૌથી અફઝલ અબૂબક્ર છે અને અબૂબક્ર બાદ લોકોમાં સૌથી અફઝલ ઉમર છે.) કોઈ રાવી આ ટુકડાને વર્ણવે છે અને કોઈ નથી વર્ણવતો.

ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ રિવાયત કરે છે કે : એક માણસ સૈયદના અલી رضی اللہ عنہ ની પાસે આવ્યો અને કહ્યું, મેં આપનાથી બેહતર કોઈને નથી જોયો. આપે ફર્માવ્યું, શું તમે નબી કરીમ ﷺ ને જોયા છે ? તેણે કહ્યું, નહીં ! ફર્માવ્યું, શું તમે અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما ને જોયા છે ? તેણે કહ્યું, નહીં ! ફર્માવ્યું કે જો તમે કહેતા કે મેં નબી કરીમ ﷺ ને જોયા છે, તો હું તમને કત્લ કરી આપત. અને જો તમે કહેતા કે મેં અબૂબક્ર તથા ઉમરને જોયા છે, તો હું તમને કોરડા મારતો.

لَوۡ اَخۡبَرۡتَنِي اَنَّكَ رَأَيۡتَ اَبَا بَكۡرٍ وَّعُمَرَ لَاَوۡ جَعۡتُكَ عَقُوۡبَةً

*(કિતાબુલ આષાર લિઅબી યૂસુફ, હ–૯૨૪)*

અહીં એ પોઈન્ટ યાદ રાખવા પાત્ર છે કે ઈબ્ને સબા એન્ડ કુંપનીને મૌલા અલી رضی اللہ عنہ એ જીવતા સળગાવી દીધા હતા. *(મુસ્તદરકે હાકિમ, હ–૬૪૦૫)* સહીહ વલ ફિક્હુઝ્ઝહબી.

એક અન્ય હદીષમાં છે કે, "હઝરત ષૌર બિન ઝયદ દયલમી ફર્માવે છે કે હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ એ શરાબના બારામાં મશ્વરો લીધો જેને માણસે પીધી હોય. હઝરત અલી رضی اللہ عنہ એ આપને અર્ઝ કર્યું કે મારા ખયાલમાં આપણે તેને ૮૦ કોરડા મારીએ. એટલા માટે કે તે પીશે તો નશામાં આવશે. જ્યારે નશામાં હશે તો બકવાસ કરશે. જ્યારે બકવાસ કરશે તો આક્ષેપ લગાડશે. (અને આક્ષેપ લગાડવાની સજા ૮૦ કોરડા છે) તો હઝરત ઉમર رضی اللہ عنہ એ શરાબ પીવા પર ૮૦ કોરડા માર્યા. એના પર સર્વ સહાબાનો

ઈજમાઅ છે. *(મોઅત્તા ઈમામ માલિક, હ–૨, મિન કિતાબિલ અશ્રબા, સુનને દારકુત્ની, હ–૩૨૯૦, અલ મુસ્તદરક લિલ હાકિમ, હ–૮૨૯૯, બુખારી, હ–૬૭૭૮, ૬૭૭૯, મુસ્લિમ, હ–૪૪૫૭, ૪૪૫૮, અબૂ દાઊદ, હ–૪૪૮૬, ૪૪૮૮, ઈબ્ને માજહ, હ–૨૫૭૦, ૨૫૭૧)*

વિચાર કરો ! જો તફઝીલીઓ પર હદ (શરઈ સજા) લાગુ કરવાનો અખત્યાર મૌલા અલી رضی اللہ عنہને ન હતો તો પછી રાફઝીઓને ઝિંદા જલાવવાનો અને શરાબીને ૮૦ કોરડા મારવાનો હક્ક઼ કેવી રીતે મળી ગયો ?!

આપ رضی اللہ عنہ કહી રહ્યા છે કે શરાબી જ્યારે શરાબ પીએ છે તો નશામાં આવે છે. જ્યારે નશામાં આવે છે તો બકવાસ કરે છે, અને બકવાસ કરે છે તો આક્ષેપ લગાડે છે. અને જે આક્ષેપ મૂકે તેની સજા ૮૦ કોરડા છે. બિલ્કુલ એ જ પ્રમાણે તફઝીલીઓના અક઼ીદાથી પણ સર્વ સહાબાએ કિરામ, મુહાજિરો તથા અન્સાર પર આક્ષેપ લાઝિમ આવે છે જેથી તેમની સજા પણ ૮૦ કોરડા છે. અલ્લામા પરહારવી رحمۃ اللہ علیہ લખે છે કે : રાફઝીઓ સૈયદના અલી رضی اللہ عنہને અફઝલ ઠરાવે છે. પછી તેને આધાર બનાવીને કહે છે કે આપને ખિલાફત ન આપવી જુલ્મ હતો, અને જે જાલિમ હોય તે આદિલ નથી હોતા, અને જે આદિલ ન હોય તેમની રિવાયત કરેલી હદીષો વિશ્વાસપાત્ર નથી, જેથી અહલે સુન્નતનો સર્વ હદીષોનો ઝખીરો અવિશ્વસનીય થયો. એ લોકો આવા ક્રમ હેઠળ ભોળા ભાળા મુસલમાનોને ગુમરાહ કરે છે. *(નબરાસ પેજ–૩૦૨)*

**હદીષ–૯** : મુહદ્દિષ અબ્દુર્રઝ્ઝાક઼ رحمۃ اللہ علیہ ખત્નૈન رضی اللہ عنہماના મામલામાં મુસ્તશીઅ હતા, પરંતુ કેમ કે **ખુદ મૌલા અલી رضی اللہ عنہએ અબૂબક્ર તથા ઉમરને પોતાનાથી અફઝલ ઠરાવ્યા છે,** જેથી ફર્માવતા હતા કે, **મારી એનાથી વધીને બદબખ્તી શું હશે કે અલીની મહોબ્બતનો દાવો પણ કરું અને અલીનું કહ્યું પણ ન માનું ?!** મૂળ શબ્દો આ છે :–

أُفَضِّلُ الشَّيْخَيْنِ بِتَفْضِيْلِ عَلِيٍّ اِيَّاهُمَا عَلٰى نَفْسِهِ وَاِلاَّ لَمَافَضَّلْتُهُمَا كَفَاىِٔ وِزْراً اَنْ اُحِبَّهُ ثُمَّ اَخَالِفَه

*(સવાઈક઼ે મુહર્રિકા, પેજ–૬૨)*

**હદીષ–૧૦** : સૈયદના ઈમામ ઝયનુલ આબિદીન رضی اللہ عنہને કોઈએ પૂછયું કે રસૂલુલ્લાહ ﷺની સૌથી નજીક કોણ હતું ? આપે ફર્માવ્યું, તે જ લોકો નજીક હતા કે જેઓ આજે પણ નજીક છે, અને આપની બાજુમાં આરામ કરી રહ્યા છે.

*(મુસ્નદે અહમદ, ૯૬/૪, હ–૧૬૭૧૪, ફઝાઈલુસ્સહાબા લિલ્ દારકુત્ની, હદીષ–૨૫, અલ એ'તેક઼ાદ લિલ્ બયહક઼ી, પેજ–૩૬૨)*

સૈયદના અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ફર્માવે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, હે અલી ! તમારું દષ્ટાંત એવું જ છે જેમ કે ઈસા. તેમનાથી યહૂદીઓએ અદાવત રાખી અને તેમનાં વાલિદા મરયમ પર ઈલ્ઝામ લગાડી દીધો. અને ઈસાઈઓએ મહોબ્બત રાખી અને તેમને એ મર્તબો આપી દીધો જેના તે હક્ક઼દાર ન હતા. પછી મૌલા અલી ફર્માવે છે કે મારા બારામાં બે પ્રકારના માણસો હલાક થઈ જશે : **એક** હદથી વધુ મહોબ્બત કરનાર જે મારી એવી શાન બયાન કરશે જેનો હું હક્ક઼દાર નથી. **બીજો** મારાથી અદાવત રાખનાર જેને મારી દુશ્મની મારા પર આક્ષેપ લગાડવા તૈયાર કરશે. *(મુસ્નદે અહમદ, ૧/૧૬૦, હ–૧૩૮૦, મિશ્કાત, હ–૬૧૦૨)*

રાફઝીઓની પ્રખ્યાત કિતાબ નહજુલ બલાગામાં છે કે : સૈયદના અલી મુર્તઝા ફર્માવે છે : **મારા બારામાં બે જાતના લોકો હલાક થઈ જશે, એક હદથી વધુ મહોબ્બત કરનારો જેને એ મહોબ્બત હદથી દૂર લઈ જશે, અને બીજો મારાથી અદાવત રાખનારો જેને એ અદાવત હક્ક઼થી દૂર લઈ જશે. મારા બારામાં મધ્યમ માર્ગે ચાલનારા જ**

**સહીહ હશે.** હમેશાં મોટા ગિરોહની પયરવી કરો. બેશક ! અલ્લાહનો હાથ જમાઅત પર છે. ભાગલાવૃત્તિથી હમેશાં બચો. જમાઅતથી અલગ થનાર શૈતાનનો શિકાર થઈ જાય છે, જેવી રીતે એકલી બકરી ટોળાથી વિખૂટી થઈને વરૂનો શિકાર બની જાય છે. *(નહજુલ બલાગા, ખુત્બા નં. ૧૨૭, પ્રેસ ઈરાન)*

કુર્આની આયતો બાદ એ અસંખ્ય હદીષોમાં પણ સિદીકે અકબર رضی اللہ عنہની ખાસિયતો ગણી લો. કેવળ ખાસિયતો જ નહીં, કુર્આન તથા સુન્નત તથા આષારમાં સિદીકે અકબર رضی اللہ عنہના માટે નીચેના સેગાઓ ફઝીલત દર્શાવતા વપરાયેલા છે :–

اَعْظَمُ دَرَجَةً (અલ હદીદ, આ. ૧૦) اَلْاَتْقٰى (અલ્ લૈલ, આ. ૧૭) خَيْرُ الصَّحَابَةِ (બુખારી, હ–૩૬૬૮) خَيْرُ النَّاسِ (ઈબ્ને માજહ, હ–૧૦૬) اَعْلَمُ (બુખારી, હદીષ–૪૬૬) اَرْحَمُ (તિર્મિઝી, હ–૩૭૯૦) اَرَاْفُ (મુસ્તદરક, હ–૬૩૯૦) اَمَنُّ النَّاسِ عَلٰى رَسُوْلِ اللّٰهِ ﷺ (બુખારી, હ–૪૬૬) اَفْضَلُ الْاُمَّةِ (અબૂ દાઊદ, હ–૪૬૨૮) خَيْرُ الْاَوَّلِيْنَ وَالْآخِرِيْنَ (સવાઈકે મુહર્રિકા, પેજ–૭૬) احبُّ اِلٰى رَسُوْلِ اللّٰهِ ﷺ (બુખારી, હ–૩૬૬૮) اَحَقُّ بِالْاِمَامَةِ بَعْدَ رَسُوْلِ اللّٰهِ ﷺ (મુસ્તદરક, હાકિમ, હ–૪૪૭૮) اَعْلَمُ بِالسُّنَّةِ (તારીખુલ ખુલફા, પેજ–૩૫) اَعْبَرُ هٰذِهِ الْاُمَّةِ (તારીખુલ ખુલફા, પેજ–૮૩, અસ્સવાઈકુલ મુહર્રિકા, પેજ–૩૪, અર્રિયાઝુન્નઝરહુ, ૧/૯૫) اَعْلَمُ بِالْاَنْسَابِ (અર્રિયાઝુન્નઝરહ, ૧/૧૫૨) اَشْجَعُ (તારીખુલ ખુલફા, પેજ–૩૨, اَلْاَوَّاهُ (તારીખુલ ખુલફા, પેજ–૪૯, અસ્સવાઈકે મુહર્રિકા, પેજ–૮૫) اَلصِّدِّيْقُ الْاَكْبَرُ، اَلْاَكْرَمُ رضی اللہ عنہ –*(ક્રમશઃ)*

પેજ 49 નું ચાલુ..

(શાયરીની) ઝબાનમાં જેણે પણ કહી હક્ક કહી છે કે :–

*વાદી રઝાકી કોહે હિમાલા રઝા કા હૈ*
*જિસ સમ્ત દેખિયે વો ઈલાકા રઝાકા હૈ*
*અગલોંને તો લિખા હૈ બહોત ઈલ્મે દીન પર*
*જો કુછ હૈ ઈસ સદીમેં વો તન્હા રઝા કા હૈ*

## ★ બેંકનો નફો ★

**હિંદુસ્તાનની બેંકોમાં રૂપિયા જમા કરવા પર જે વધારાની રકમ મળે છે તે મુસલમાનો માટે હલાલ માલ છે કે હરામ માલ ?** દેવબંદી વર્ગ શરૂથી જ તેને વ્યાજ તથા હરામ ઠરાવે છે જેના નુકસાનકારક પરિણામોથી કોમ અજાણ નથી. આ ફત્વો હનફી ફિક્હની વિરૂધ્ધ બુધ્ધિ વિહોણાઓ જેવું પગલુ છે.

ફકીહે ફકીદુલ મિષાલે (ઈમામ અહમદ રઝાએ) પોતાના વિવિધ ફત્વાઓમાં ફિક્હી દલીલોથી એ સાબિત કર્યું કે, **એ વધારાની રકમ વ્યાજ નથી બલ્કે મુબાહ તથા હલાલ છે. એના પર ઉલમાએ એહલે સુન્નતની એકમતી છે,** અને આજે આખી દુનિયા એ જ ફત્વાની પાછળ ચાલી રહી છે અને જે લોકો આ ધોરી માર્ગથી હટયા તેમનાથી ખુદ તેમના માનવાવાળા પણ અમલી રીતે દૂર થઈ ગયા.

આ વિશ્વકક્ષાને લગતા અમુક મસાઈલ નમૂના રૂપે અમે રજૂ કર્યા છે જેનાથી ફકીહે ફકીદુલ મિષાલ (આ'લા હઝરત)ના ઈલ્મી કમાલનો અંદાજો કરવામાં આવી શકે છે અને જેની રોશની આજે વિશ્વના સર્વ કિનારાઓને પ્રકાશિત કરી રહી છે.

*નગ્મા સંજી ઝમઝમા ખ્વાની મેરા મક્સદ નહીં*
*હૈ મુઝે મહબૂબ યૂં હી આપકા ઝિક્રે હુસ્ન*
*આપકે અવસાફ તક કિસકી રસાઈ હો ભલા*
*હો નબી કે મોજિઝા બસ ખત્મ હૈ ઈસ પર સુખન*

*(સેહમાહી સુન્ની દા'વતે ઈસ્લામી, ઓક્ટોબર તા ડિસેમ્બર, ઈ.સ. ૨૦૦૫ બહવાલા : નુકૂસે ફિક્રે રઝા)*

(ઉર્સ મુબારક : ૨૫ સફરુલ મુઝફ્ફર)

# ઈમામ અહમદ રઝા

## અને અર્વાચીન ફિકહી મસાઈલ

અઝ : મુહક્કિકે મસાઈલે જદીદા **મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી** *(સદર ફતાવા વિભાગ–જામિઆ અશરફિયા–મુબારકપુર)*

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા)*

મુજદ્દિદે આ'ઝમ, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃاللہعلیہ આયતુમ મિન્ આયાતિ રબ્બિલ આલમીન અને મોઅજિઝતુમ્ મિન મોઅજિઝાતિ સૈયિદિલ મુરસલીન હતા. આપની ઝાતે બાબરકાતમાં ખુદાએ ઝુલ જલાલે એવી ભરચક ખૂબીઓ એકત્ર કરી આપી હતી જેને જોઈને હરમે મક્કા વ હરમે તયબહ زادھما اللہ تعالیٰ شرفا وتکریما ના મહાન ઉલમા તથા ફકીહો પોકારી ઉઠયા :–

وَلَيْسَ عَلَى اللهِ بِمُسْتَنْكِرٍ ۞ اَنْ يَّجْمَعَ الْعَالَمَ فِيْ وَاحِدٍ

*ખુદાસે કુછ ઈસમેં અચંબા ન જાન*
*કે ઈક શખ્સ મેં જમા હો સબ જહાં*

આ વિના શંકાએ ઈલ્મો ફઝ્લના ચમકતા આફતાબ (સૂરજ) અને હકીકત તથા મઅરેફતના પ્રકાશિત માહતાબ (ચંદ્ર), اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللهِ اَتْقٰكُمْ (બેશક ! અલ્લાહની નજીક તમારામાં અધિક ઈજ્જતવાળો તે જે તમારામાં અધિક પરહેઝગાર (ખુદાથી ડરનાર) છે. સૂ. હુજુરાત, ૪૯/૧૩)ના મઝહરે સાદિક, મુત્તબેએ સુન્નત, આશિકે રસૂલ અને ૧૪મી સદીના અજોડ આલિમે દીન ફકીહે ફકીદુલ મિષાલ હતા.

*યાદગારે બૂહનીફા, ગૌષે આ'ઝમ કે શબીહ*
*નાઝિશે મર્દાને હક્ક હો ઝીનતે બાગો ચમન*
*તેરે ઈલ્મો ફનકા હૈ વો દબદબએ જાહો શિકવા*
*ઝુક ગએ સબ તેરે આગે ફીલોસોફાને ઝમીન*

આપની અજોડ ફકાહત (ફિકહી ઈલ્મ પર પહોંચ)ની સાબિતીના માટે આપની મહાન શાનવાળી કિતાબો ખાસ કરીને "અલ્ અતાયન્નબવિય્યહ" ન્યાયી સાક્ષી છે. આપના ફતવાઓમાં તેહકીકનો કમાલ, તન્કીહની નુદરત (છાનબિનની ખૂબી), તત્બીકનો હુસ્ન (વર્ગીકરણની ખૂબસૂરતી), દલીલોની ભરમાર, લોકોના ઉર્ફનો લેહાઝ, જમાનાના હાલાતની કાળજી, ઈસ્તંબાતની લતાફત, તખરીજની ગહરાઈ (મસાઈલ કાઢવાનું ઉમદાપણુ, ગહરાઈ તથા પકડ), તખરીજની મહારત, તમીઝનું જૌહર, સાવધાની તથા એહતેયાત, જમાઓ ઈજાદ, તા'બીરના માટે બેહતરથી બેહતર શબ્દોની પસંદગી અને સાથોસાથ ઈશ્કે રિસાલતનો જમાલ જોવા મળે છે. આપ ખુદ એને પોતાનો શાહકાર (શ્રેષ્ઠ કારનામુ) નથી કહેતા બલ્કે મુસ્તફા જાને રહમત ﷺનો ખાસ ફયઝ તથા અતા માને છે.

### ★ નવા ઉપસ્થિત થયેલા મસાઈલ ★

ફતાવા રઝવિય્યહમાં અતિ અધિક પ્રમાણમાં મસાઈલના હુકમો વર્ણન કરવામાં આવેલા છે, જેની યાદી સો (૧૦૦)થી અધિક છે, દષ્ટાંતરૂપે અમુક મસાઈલ આ પ્રમાણે છે :–

★ શેર બજારનો મસ્અલો ★ દુકાન તથા મકાનની પાઘડીનો ★ ઠેકા પર ખેતીનો મસ્અલો ★ વસંત આવતા પહેલાં બાગોનો ઈજારો ★ ગૈર સૂદી (વ્યાજ વિહોણી) બેંકોના માર્ગો ★ આલ્કોહોલ અને એનાથી બનેલી દવાનો મસ્અલો ★ બેંક તથા પોસ્ટ ઓફીસના નફાની હૈસિયત ★ જાનવરોના હાડાકાંઓથી સાફ કરવામાં આવેલ ખાંડનો મસ્અલો ★ મિસ્રીની (દાણાદાર મીઠાઈ)ની પડીકીઓની

નજાસત અને ઉમૂમે બલવા ★ નસબંધીનો મસ્અલો ★ કરન્સીના બાર મસ્અલા ★ મની ઓર્ડરના મસ્અલો ★ હિંદુસ્તાન દારુલ ઈસ્લામ છે ★ પૃથ્વી તથા આકાશ સ્થિર હોવું ★ ગ્રામોફોનના હુકમો ★ ફોટાનો અક્સ ક્યારે જાઈઝ ક્યારે નાજાઈઝ ★ સૂરજના ભ્રમણનો મસ્અલો વગેરે વગેરે નવા ઉદ્‌ભવનાર મસ્અલાઓની તલાશ, શોધ અને તેહકીક તથા તન્કીહ (છાનબિન)માં આપે જે ઈલ્મી કમાલ, અભ્યાસની વિશાળતા, યાદશક્તિ, બારીક દષ્ટિ, મસાઈલો કાઢવાના ઉમદાપણાનું પ્રદર્શન કર્યું છે તે આપ જેવા જ કામિલ ફકીહનો હિસ્સો છે. એ જ કારણે આપની મહાન તેહકીકોની સામે દુનિયાએ સ્વીકારનું માથુ નમાવી આપ્યું, અને જેમણે એમનાથી રાયમાં મતભેદ કર્યો તે સૌથી કપાયને રહી ગયો.

અમે નૂમના રૂપે અમુક એવા મસાઈલ પેશ કરીએ છીએ જે આંતરરાષ્ટ્રીય કક્ષાએ દુનિયાના ક્ષિતિજ પર જાહેર થયા અને જોત જોતામાં આખી દુનિયામાં ચર્ચાનો વિષય બની ગયા.

## ★ કરન્સી નોટનો મસ્અલો ★

જ્યારે સોના તથા ચાંદીના સિક્કાઓની જગાએ કાગળની નોટની શોધ થઈ તો ઉમ્મતના ફકીહોની સામે આ સવાલો ખડા થયા :–

(૧) શું એ માલ છે કે દસ્તાવેઝની જેમ કોઈ સનદ છે ? (૨) જ્યારે તે નિસાબ જેટલો હોય અને તેના પર વરસ પસાર થઈ જાય તો એના પર ઝકાત વાજિબ થશે કે નહીં ? (૩) શું એને મહેર નક્કી કરી શકીએ છીએ ? (૪) જો કોઈ તેની મેહફૂઝ જગાએથી ચોરી કરે તો તેનો હાથ કાપવો વાજિબ થશે કે નહીં ? (૫) જો તેને કોઈ નષ્ટ કરી દે તો બદલામાં તેને નોટ જ આપવા પડશે કે રૂપિયા (સિક્કા) ? (૬) શું રૂપિયાઓ (Coins) કે અશરફીઓ કે પૈસાઓના બદલામાં તેનું વેચાણ જાઈઝ છે ? (૭) જો દા.ત. કોઈ કપડાથી તેને બદલીએ તો એ બયએ મુત્લક્ થશે કે મકાએઝા ? (જેમાં બંને બાજુ માલ હોય છે) (૮) શું એને કરજે આપવું જાઈઝ થશે, અને જો જાઈઝ છે તો તેને કરજ આપતી વખતે નોટ આપવામાં આવે કે રૂપિયા ? (૯) શું રૂપિયાઓના બદલામાં એક નિશ્ચિત વાયદા પર એને ઉધાર વેચવું જાઈઝ છે ? (૧૦) શું એમાં બયએ સલમ જાઈઝ છે ? એ રીતે કે રૂપિયા એડવાન્સમાં આપવામાં આવે કે દા.ત. એક મહીના બાદ આ પ્રકારની આવી નોટ લેવામાં આવશે. (૧૧) શું એ જાઈઝ છે કે જેટલી રકમ એમાં લખી છે એનાથી વધારેમાં વેચવામાં આવે ? દા.ત. દસની નોટ બાર કે વીસમાં અથવા એ જ પ્રમાણે એનાથી ઓછામાં ? (૧૨) જો એ જાઈઝ છે તો શું એ પણ જાઈઝ છે કે જ્યારે ઝયદ અમ્રથી દસ રૂપિયા કરજ લેવા ચાહે તો અમ્ર કહે રૂપિયા તો મારી પાસે નથી પણ હું દસની નોટ બારમાં વરસભરના હપ્તે આપુ છું કે તું દર મહીને એક રૂપિયો આપ્યા કરે, તો શું એને મના કરવામાં આવશે ? કે વ્યાજનો હીલો છે. અને જો મને કરવામાં ન આવે તો એમાં અને વ્યાજમાં શું ફરક છે ? શું આ હલાલ થયું અને તે હરામ ? જ્યારે કે માલ બંનેનો એક છે એટલે કે વધારાનું હાંસલ થવું ?

આ સવાલો ઘણા મહત્વના હતા અને ખાસ કરીને પહેલો સવાલ તો બાદના સર્વ સવાલોનો પાયો હતો, અને એનો જવાબ સૌથી અધિક મુશ્કેલ હતો. એનો અંદાઝો આ પરથી લગાડી શકાય છે કે મર્કઝે મક્કા મોઅઝ્ઝમાના મહાન આલિમે દીન હઝરત મૌલાના જમાલ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર મક્કી ﷺ મુફતીએ હનફિયા મક્કા મુકર્રમાની ખિદમતમાં આ સવાલ પેશ થયો તો આપે તેહકીક તથા છાનબિન બાદ જે જવાબ લખ્યો એના શબ્દો હતા : اَلْعِلْمُ اَمَانَةٌ فِيْ اَعْنَاقِ الْعُلَمَاءِ ''ઈલ્મ ઉલમાની

ગરદનોમાં અમાનત છે."

લગભગ દરેક બાજુથી આ મસઅલા સંબંધે મૌન જ અપનાવવામાં આવ્યું હતું. અને એ જ ઈલ્મની શાન છે કે હક્ક તેહકીક ન થઈ શકે તો મૌન ધારણ કરવામાં આવે, અથવા એ જ વાત કહે જે મક્કા મોઅઝ્ઝમાના મુફતીયે હનફિયાએ કહી અથવા لَاأَدْرِی (હું નથી જાણતો) કહે.

અલ્બત્ત ગંગોહ અટકયુ નહીં ! બલ્કે એ ફર્માન જારી કરી આપ્યું કે નોટ માલ નથી બલ્કે માલની રસીદ છે. ફતવાના શબ્દો આ પ્રમાણે છે : "નોટ તથા એગ્રિમેન્ટ એ રૂપિયાનો છે જે હાકિમના ખજાનામાં દાખલ કરવામાં આવેલ છે તમસ્સુક (પ્રોમિસરી નોટ)ની જેમ એટલા માટે કે નોટમાં નુકસાન આવી જાય સરકારથી બદલો લઈ શકીએ છીએ અને જો ગુમ થઈ જાય તો ષબૂતની શરત સાથે તેનો બદલ લઈ શકીએ છીએ. અને જો નોટ મુબીઅ (ખરીદેલી ચીજ) તો કદાપિ અદલ બદલ ન થઈ શકતો હતો. દુનિયામાં કોઈ મુબીઅ (ખરીદેલ ચીજ) પણ એવી છે જે મુશ્તરી (ખરીદનાર)ના કબજા બાદ જો નુકસાન પામે કે નષ્ટ થઈ જાય તો વેચનારથી બદલો લઈ શકે. તો તકરીરથી તમને સ્પષ્ટ થઈ જશે કે નોટ ફુલૂસ (તાંબાના સિક્કા) જેમ નથી, ફુલૂસ મુબીઅ (ખરીદેલ ચીજ) છે અને નોટમાં ઝકાત નથી."

*(ફતાવા રશીદિયા, દેવબંદ)*

તમ્સિક (હૂંડી, પ્રોમિસરી નોટ) અથવા રસીદ સ્વજાતે માલ નથી, હોતા અને એના પર માલના હુકમો પણ લાગુ નથી થતા **એટલા માટે આ (દેવબંદી પેશવાના) ફત્વાની રોશનીમાં બાકીના સર્વ સવાલોના જવાબો નકારમાં થશે. કોઈની પાસે એક કરોડ નોટ પણ હોય તો એનાથી શું ફાયદો કે તે કેવળ રસીદ છે.**

પરંતું ફકીહે ફકીદુલ મિષાલે (આ'લા હઝરતે) જ્યારે આ મસ્અલા પર કલમ ઉઠાવી તો તેહકીકનાં જૌહર વિખેરી કાઢયાં.

એ જમાનાના ઈમામે હરમ હઝરત અલ્લામા અબ્દુલ્લાહ મિરદાદ અને હઝરત મૌલાના હામિદ અહમદ જદાવીએ હજના મોસમમાં આપની ખિદમતમાં ઉપરોક્ત વર્ણવેલ ૧૨ સવાલો પેશ કર્યા, તો આપે બીમાર સ્થિતિ હોવા છતાં કેવળ દોઢ દિવસના સમયમાં તેમના તેહકીકી તથા તફસીલી જવાબો *"કિફ્લુલ ફકીહ અલ ફાહિમે અરકામ"* ના નામે અર્પણ કરી દીધા. પ્રથમ સવાલોના સંબંધે ઈર્શાદ ફર્માવ્યું :–

"આપનો પ્રથમ સવાલ આપના સર્વ સવાલોનું મૂળ છે અને જ્યારે એ કાગળની હકીકત માલૂમ થઈ જશે તો સર્વ હુકમો સ્પષ્ટ થઈ જશે, જેમાં કોઈ શંકા ન રહેશે.

એની અસલ તો માલૂમ છે કે તે કાગળનો એક ટુકડો છે અને કાગળ માલે મન્કૂમ અને એ સિક્કાએ એને કાંઈ અધિક ન કર્યો, પણ એ જ કે લોકોનાં આકર્ષણો એના તરફ વધી ગયાં અને જરૂરતના સમયે લઈને રાખી મૂકવાનો અધિક પાત્ર બની ગયો. અને માલનો અર્થ એ જ છે, એટલે એ જેની તરફ તબીઅત આકર્ષણ ધરાવે અને જરૂરતના સમયે રાખી મૂકવાને પાત્ર હોય. જેવું કે બહર તથા શામી વગેરેમાં છે.

અને માલૂમ છે કે શરીઅત પાકે કદી મુસલમાનને એનાથી નથી રોક્યા કે પોતાના કાગળના ટુકડામાં જે રીતે ચાહે તસર્રુફ કરે. જેવું કે શરાબ તથા લોહીના બારામાં નહી (મનાઈ) આવી. અને માલની કિંમતવાળા હોવાનો એના પર દારોમદાર છે, જેવું કે દુરે મુખ્તારમાં છે. અને એમાં તલ્વીહથી નકલ કર્યું : માલ તે ચીજ છે જેની શાન એ હોય કે હાજત (જરૂરત)ના સમયે તેનાથી લાભ ઉઠાવવા માટે રાખી લેવામાં આવે. અને કિંમતવાળો હોવું માલ હોવા માટે

લાઝિમ છે. અને એમાં જ બહર્રુરાઈક હાવી કુદ્સીથી છે : માલ માણસ સિવાય દરેક ચીજનું નામ છે જે માણસની મસ્લેહતો માટે પેદા કરવામાં આવી, અને એને પાત્ર હોય કે તેને મેહફૂઝ રાખીએ અને પોતાના અખત્યારથી તેમાં તસર્રુફ (હેર ફેર) કરીએ. અને બેશક ! મુહક્કિકે અલલ ઈત્લાકે ફત્હુલ કદીરમાં ફર્માવ્યું છે : لَوْبَاعَ كَاغَذَةً بِأَلْفٍ يَجُوْزُ وَلَا يُكْرَهُ "જો કોઈએ પોતાના કાગળનો એક ટુકડો એક હજારના બદલામાં વેચ્યો તો જાઈઝ છે અને કરાહત પણ નથી."

## ★ નોટનો જુઝયો ★

અને તેહકીક કરો તો એ બિઐનિહી નોટનો જુઝયો છે કે એ ઈમામે તેની પેદાઈશના પાંચસો વરસો પહેલાં ફર્માવી આપ્યું કે આ જ તે કાગળ છે જે હજાર રૂપિયામાં વેચાય છે, અને કાંઈ અચંબાની વાત નથી કે એવી કરામતો આપણા ઉલમાએ કિરામ થકી ખૂબ જ પ્રમાણમાં બહાર પડી. અલ્લાહ તઆલા આપણને તેની બરકતોથી દુનિયા તથા આખેરતમાં લાભ પહોંચાડે. આમીન.

તો કોઈ શક નથી કે નોટ જાતે પોતે કિંમતવાળો માલ છે કે વેચાય છે ખરીદવામાં આવે છે અને ભેટ આપવામાં આવે છે, અને વારસામાં આવે છે, અને જેટલી વાતો માલમાં લાગુ છે તે સૌ એમાં લાગુ છે.

## ★ ગંગોહી (દેવબંદી પેશવાના) વહેમોની રદ ★

હું (આ'લા હઝરત) કહું છું : ફાસિદ ગુમાન બલ્કે **અતિશય બદતર શંકાઓમાંથી છે એ વહેમ કે** નોટ દસ્તાવેજના કબીલથી (દસ્તાવેજની જેમ) કોઈ સનદ છે, એટલે તે સલ્તનત કે જે એ કાગળોને ચાલુ કરે છે એ લેનારાઓથી રૂપિયા કરજ લે છે અને તે એમના કરજો અને તેની માત્રાઓની યાદદાશ્ત (પ્રોમિસરી નોટ) તેમને આપે છે, તો જ્યારે એ લોકો સલ્તનત પાસે એ નોટ લઈ આવે તો સલ્તનત એમના કરજો અદા કરી આપે છે અને પોતાના કાગળ પરત લે છે. અને જો નોટ લેવાવાળા પ્રજામાં અન્યોને નોટ આપે તો તે એ બીજાઓથી રૂપિયા કરજ લે છે અને પોતાનો કરજો સલ્તનત પર ઉતારી દે છે અને આ હવાલાની નિશાનીને એ જ યાદદાશ્તનો કાગળ તેમને આપી દે છે કે જેથી એમના ઝરીયાથી તે બીજાઓએ જે કરજ એ પહેલાઓને આપ્યું હતું તેને સલ્તનતથી વસૂલ કરી શકે, કેમ કે સલ્તનત એ લોકોની કરજદાર છે જેમણે સૌ પહેલાં ચાંદીના રૂપિયા આપીને સલ્તનતથી એની રસીદ નોટના રૂપમાં લીધી હતી. અને એ જ પ્રમાણે જેટલા ફેરફાર નોટોના થાય કરજ તથા હવાલા નિશ્ચિત થતા જશે, એની સનદ હોવાનો આ અર્થ છે."

અને દરેક સમજદાર બાળક પણ જાણે છે કે જેટલા લોકો નોટનો વહેવાર કરે છે કોઈના દિલમાં એ વાતોનો ખયાલ પણ નથી ગુજરતો, અને કદી આ ફેરફારથી કરજ લેવા અને આપવા અથવા હવાલાનો ઈરાદો નથી કરતા, અને કદી એ વાતોમાંથી કોઈની તરફ એમનો ખયાલ નથી જતો.

કોઈ એવો શખ્સ જોવા મળશે નહીં જે પોતાના કરજની ડાયરીમાં એનું નામ લખે જેણે નોટ આપીને તેનાથી રૂપિયા લીધા, અને ન તો પોતાની જિંદગીભર એને એવું કહે છે કે તેં મારાથી કરજ લીધુ છે અદા કરી આપ ! અથવા યાદદાશ્ત (પ્રોમિસરી નોટ) મારાથી લઈ લે.

અને અન્યોનું એના પર દેવું આવે છે એમાં પણ એનું નામ કદી નથી લખતો જેને નોટ આપીને તેમનાથી રૂપિયા લીધા, અને કદી પોતાની જિંદગીભર અને મરતી વખતે એવું નથી કહેતો કે ફલાણાનું મારા પર આટલુ દેવુ છે અદા કરી આપજો, અને મારી યાદદાશ્ત (પ્રોમિસરી નોટ) તેનાથી લઈ લેજો.

અને તે જાલિમ બેબાક જેઓ જાહેરમાં વ્યાજ ખાવાના આદી (આદતવાળા) થયા છે એક પૈસો કોઈને કરજ નહીં આપે જ્યાં સુધી દેવુ અદા કરવા અને એના પર એક પૈસો પણ નથી માગતા ન મહીના પછી ન વરસો બાદ. અને જો તેઓ જાણતા કે આ કરજ આપવું છે તો વ્યાજ લગાડયા વિના કદાપિ ન છોડતા.

તો હક્ક એ છે કે તેઓ સર્વે આ અદલા બદલીથી ખરીદ વેચાણનો જ ઈરાદો કરતા. જે નોટ લે છે તે યક઼ીન સાથે જાણે છે કે હું રૂપિયા આપીને એનો માલિક બની ગયો, અને જે નોટ આપે છે તે યક઼ીનન ! જાણે છે કે મેં રૂપિયા લઈને નોટ મારી માલિકીથી બહાર કરી આપી. અને નોટ લેનાર તેને રૂપિયા, અશરફીઓ, પૈસાઓની જેમ પોતાનો માલ અને પોતાની જમા (રકમ) સમજે છે અને તેને ગણીને રાખે છે અને ભેટ આપે છે અને એમાં વસિયત કરે છે અને સમર્થન કરે છે, તો તેને વેચાણ જ સમજે છે અને વેચાણ (બયઅ)નો જ ઈરાદો કરે છે. અને લોકોના મામલા એ જ સમજવામાં આવશે જે એમના હેતુઓ છે. અને અમલોનો આધાર નિય્યત પર જ છે અને દરેક શખ્સના માટે તે જ છે જે તેણે નિય્યત કરી.

તો એવા યક઼ીનથી સાબિત છે જેની નજીક શંકાને મુદલે અવકાશ નથી કે નોટ લોકોની નજીક કિંમતવાળો માલ છે જેને મેહફૂઝ રાખવામાં આવે છે, ભેગો કરવામાં આવે છે, તેના પ્રતિ લાલચ (આકર્ષણ) થાય છે, અને આજે તમે એની મોટી મોટી કિંમતો જુઓ છો અને એક નોટ દસની, બીજી સો ની, ત્રીજી હજારની.

## ★ કાગળની નોટની ભારે કિંમતો વિશે વર્ણન ★

હું (આ'લા હઝરત) કહું છું : અમે ફત્હુલ ક઼દીરથી વર્ણવી ચૂક્યા છીએ કે કાગળનો એક ટુકડો હજારમાં વેચાય શકે છે અને એના માટે કેવળ એટલુ જ જરૂરી છે કે વેચનાર ખરીદનાર બંનેવ એના પર રાજી હોય, તો પછી એનું તો શું કહેવું જેના પર ટોળાં ને ટોંળાં રાજી હોય, અને કાગળના આ ટુકડાઓની આ કિંમતો દસ રૂા. કે સો રૂ. વગેરે પોતાની ઈસ્તેલાહમાં (રોજનીશીમાં) ઠરાવી લીધી★. આ ઉપરાંત સિક્કા શાહી શરઅની નજીક પણ કિંમતી છે. શું તું નથી જોતો કે જે શખ્સ દસ દિરહમ સિક્કાની ચોરી કરે તેનો હાથ કાપવામાં આવે છે, અને જે એવી ચાંદી સિક્કાના દિરહમ સુધી ન પહોંચે તેનો હાથ કાપવામાં નહીં આવે. જેવું કે હિદાયહ વગેરે તમામ મઝહબની કિતાબોમાં સ્પષ્ટતા છે. અને એક રૂપિયાના સિક્કાવાળા પૈસા જેટલા આવે છે, જો તું એમના વજનનું તાંબુ લે તો કદાપિ એક રૂપિયાનું ન થશે, બલ્કે અમુક સમયે આઠ આનાનું પણ ન થશે, બલ્કે એવી હાલત ચાંદીમાં પણ જોશો. હમણા થોડો સમય પસાર થયો કે બે રૂપિયાભર ચાંદી આપણા દેશમાં એક રૂપિયાની વેચાતી હતી, અને જાહિલ લોકો ખરીદતા હતા, અને ન જાણતા હતા કે એમાં વ્યાજનો કેવો વબાલ છે. તો સિક્કાથી જયારે અધિકથી અધિક કિંમત થઈ ગઈ તો ડબલ તથા અતિ અધિક એક સમાન.

*★ સોના ચાંદી કિંમતી માલ છે કોઈ માને ન માને પણ કિંમતી છે. આખી દુનિયા એને કિંમતી માને છે, પણ જો કાગળના ટુકડા બાબતે કાગળનો ટુકડો વેચનાર તથા લેનાર રૂા. ૧૦૦૦માં બંને રાજી છે તો આ ખરીદ વેચાણ પણ સહીહ છે. તો જ્યારે કાગળનો ટુકડો બે જણના માનવાથી જાઈઝ થયો તો નોટો દસની કે સોની કે હજારની કિંમતી હોવાનું કે જેના પર જે રકમ છાપેલ હોય તેને બધા જ લોકો એટલી કિંમતની માને છે, તો પછી એ પણ જાઈઝ જ છે અને દુનિયાભરમાં એનો રિવાજ છે. –અનુવાદક*

અને દરેક શખ્સ જે શરીઅતે પાક અથવા સદ્ બુધ્ધિના ઘાટથી ગુજર્યો છે ભલે રાહ ચાલતો, એના પર રોશન છે કે એક ખૂબ જ તુચ્છ ચીજમાં એક વસ્ફ (ખૂબી) લાગી જાય છે તેને તેના જેવી હજારો હજારોથી અધિક મોંઘી કરી દે છે. અને ઘણીવાર એક કનીઝ બે લાખ રૂપિયા અથવા એનાથી અધિકમાં ખરીદવામાં આવી અને બીજીને કોઈ ત્રીસ રૂપિયામાં નથી પૂછતો, જ્યારે કે ખૂબીઓના માટે કિંમતમાંથી કોઈ હિસ્સો નથી, ત્યાં સુધી કે હાથ પગો જ્યાં સુધી કે ઈરાદાપૂર્વક નષ્ટ ન કરવામાં આવે તો તે કિંમત જાતની જ છે જેને આકર્ષણો વધવાના કારણે ખૂબીઓએ વધારી દીધી.

ભલા બતાવો કે એક પેજ કાગળ હોય જેમાં ઉમદા અજીબો ગરીબ દુર્લભ ઈલ્મ હોય અને તે શખ્સ એ ઈલ્મનો તલબગાર હોય અને તેની કદર જાણતો હોય તો તે એ પાનાને દસ હજાર રૂપિયામાં ખરીદે તો શું એમાં કોઈ વિરોધ છે ? કદાપિ નહીં ? બલ્કે હલાલ પાક છે, એના પર કુર્આને અઝીમની નસ (આયત) અને વિના ઈન્કાર તથા વિવાદ ઈજમાઅ થયેલો છે. રબ ﷻ ફર્માવે છે : "પણ એ કે કોઈ સોદો તમારી આપસની ખુશી હોય."

અને એ દસ હજાર લખેલા ઈલ્મની કિંમત નથી કે એ તો માલની કૃબીલ (વર્ગ)થી જ નથી, જેવું કે હિદાયહ તથા અન્ય બાકી સર્વ કિતાબોમાં છે જેમાં દલીલો સાથે મસાઈલ વર્ણન થયેલા છે, અને આ હિદાયાનું લખાણ છે. કુર્આન મજીદ ચોરવામાં હાથ કાપવામાં નહીં આવે, ભલે એના પર સોનુ ચઢેલુ હોય, લખેલુ કાંઈક કિંમત ધરાવે છે.

એટલા માટે લખેલાના એતબારથી તો તે માલના કબીલથી છે જ નથી, અને તેને મેહફૂઝ રાખવું તે લખાણના જ લીધે છે, ન બાઈન્ડિંગ, ન પેજો અને સોનેરી નકશીકામને લીધે છે કે એ ચીજો તો તાબે (તેના હેઠળમાં) છે. અને કોઈ પ્રકારના દફતરની ચોરીમાં હાથ કાપવામાં નહીં આવે કે એના મક્સૂદ તે જે એનામાં લખ્યું છે અને તે માલ નથી પણ હિસાબની બહી (રજીસ્ટર) કે જે એમાં લખ્યું છે તે અન્યના કામનું નથી હોતુ, તેને લેવાનો હેતુ છે તો જરૂર કાગળ જ હેતુ બન્યા.

તો સ્પષ્ટ થઈ ગયું કે એક પાના (પેજ) કાગળની જ કિંમત તેના લખાણને કારણે દસ હજાર પર પહોંચી ગઈ. તો એમાં શું આશ્ચર્ય છે આ લખાણના સબબે નોટની કિંમત દસ હજાર કે અધિક થઈ જાય જેના કારણે લોકોનાં આકર્ષણો એના તરફ ખેંચાય ગયાં, અને શરૂથી એના પર કઈ રોક છે ?

ખુલાસો એ કે મસ્અલો એના કરતાં રોશન છે કે રોશન કરવાનો હાજતમંદ હોય.

ત્યારબાદ આપે માલના ચાર પ્રકારો વર્ણન કરીને ફર્માવ્યું : જ્યારે એ માલૂમ પડી ગયું તો નોટ ચોથા પ્રકારથી છે. અસલમાં એ એક મતાઅ (મૂડી) છે એટલા માટે એક પરચો કાગળ છે અને ઈસ્તિલાહમાં ષમન (કિંમત) છે, એટલા માટે કે એની સાથે કિંમત (મૂલ્ય) જેવો મામલો કરવામાં આવે છે અને રકમો કે જે એના પર છવાયેલી છે તેની ષમનિયતનો અસલી ષમન (કિંમત) સાથે અંદાઝો છે, જેવું કે માલૂમ થઈ ચૂક્યું. તો આ એક ઈસ્તિલાહ (બોલી) છે, તેમાં કોઈ વાંધો ન તેની દલીલ પૂછવામાં આવશે. અલ્લાહના ફઝ્લથી આ તક્રીર (ચર્ચા)થી નોટની હકીકત સ્પષ્ટ થઈ ગઈ અને સર્વ હુકમો એના પર આધારિત હતા તો ઈન્શા અલ્લાહ ! હવે કોઈ મુશ્કેલી કોઈ હુકમને જાહેર કરવામાં આડે આવશે નહીં. અને સર્વ ખૂબીઓ અલ્લાહની જે દરેક ચીજનો નિગેહબાન છે.

મક્કા મોઅઝ્ઝમાના મુફતીયે હનફિયા મૌલાના અબ્દુલ્લાહ બિન સિદીકે જ્યારે આ ફત્વો જોયો અને

ફત્હુલ કદીરના જુઝિયા પર પહોંચ્યા : لَوْبَاعَ كَاغَذَةً بِأَلْفٍ يَجُوْزُ وَلَا يَكْرَهُ (જો કોઈએ પોતાના કાગળનો એક ટુકડો એક હજારમાં વેચ્યો તો જાઈઝ છે અને કરાહત પણ નથી) તો ભડકી ઉઠયા અને પોતાની જાંગ પર હાથ મારીને બોલ્યા : این جمال بن عبد الله من هذا النص الصریح "હઝરત જમાલ બિન અબ્દુલ્લાહ આ નસ (દલીલ) થી ક્યાં ગાફિલ રહી ગયા ?!"

**આ તે અજોડ તેહકીક છે જેને આખી દુનિયાએ ત્યારે પણ સ્વીકારી, આજે પણ સ્વીકારી રહી છે અને ઈન્શા અલ્લાહ ! કયામત સુધી સ્વીકારતી રહેશે. હદ એ છે કે હવે દેવબંદી મોલ્વીઓ પણ પોતાના શયખુલ કુલ મોલ્વી રશીદ અહમદ ગંગોહીથી વિમુખ થઈને ફકીહે ફકીદુલ મિષાલ (આ'લા હઝરત)ના હમનવા (સમર્થક) થઈ ચૂક્યા છે, અને આજે દુનિયામાં કદાચ કોઈ હોશવાળો એવો હોય જે "ફિક્હે ગંગોહ"નો સમર્થક જોવા મળે.**

## ★ મનીઓર્ડર જાઈઝ કે નાજાઈઝ ? ★

આ મસ્અલો પણ શરૂ શરૂમાં ઈલ્મવાળાઓ દરમિયાન ચર્ચાનો વિષય રહ્યો. એના સંબંધે ગંગોહ તથા થાનાભુવનથી (દેવબંદ) એ ફત્વો જારી થયો કે, "મનીઓર્ડર નાજાઈઝ છે, કેમ કે પોસ્ટ ઓફીસ બે રૂપિયાના બદલામાં બે રૂપિયા બે આના લે છે, જે વ્યાજ છે."

ફકીહે ફકીદુલ મિષાલે (આ'લા હઝરતે) આ વિષય પર એક વિસ્તારપૂર્વકની તેહકીકી કિતાબ લખી આપી જેનું નામ છે : "અલ્ મુના વદ્દુરર લિમન અમિદા મનીઆર્ડર" જેમાં આપે વિવિધ ફિક્હી દલીલો વડે સાબિત કર્યું કે મનીઓર્ડર કરવું જાઈઝ તથા દુરુસ્ત છે, અને બે રૂપિયા પર બે આનાનો વધારો વ્યાજ નથી, બલ્કે એ રૂપિયા પહોંચાડવાની ફી છે જેને ફિક્હની બોલીમાં ઉઝરત (મજૂરી) કહેવામાં આવે છે.

આપે મનીઓર્ડરની શરઈ અદાલતને નિશ્ચિત કરીને ફર્માવ્યું કે આ મામલો પોસ્ટ ઓફીસ અને રૂપિયા મોકલનાર વચ્ચે અક્દે ઈજારા છે. અને પોસ્ટ ઓફીસ અજીરે મુશ્તરકની દુકાન. અક્દે ઈજારા શરીઅતની રૂએ એકમતીથી જાઈઝ છે અને અજીરે મુશ્તરકને તેના કામના લેહાઝથી મજૂરી આપવી લેવી પણ જાઈઝ છે.

તદ્ ઉપરાંત પૂરા ઈસ્લામી જગતમાં મુસલમાનોનો એના પર અમલ છે, જે જાતે પોતે જાઈઝ હોવાની એક મુસ્તકિલ દલીલ છે. ઈર્શાદે નબવી છે : مَا رَآهُ الْمُسْلِمُوْنَ حَسَنًا فَهُوَ عِنْدَ اللهِ حَسَنٌ "જે ને મુસલમાનો સારુ જાણે તે અલ્લાહની નજીક પણ સારું છે."

તેમજ ફર્માવ્યું કે કરજ આપનાર કરજદારથી કાંઈ નફો દા.ત. બે આના લે તો એ વ્યાજ છે, અને એવું નથી, કેમ કે કરજ માનવાની સ્થિતિમાં કરજદાર પોસ્ટ ઓફીસ ઠરશે, એનાથી કરજ આપનારો નફા રૂપે બે આના નથી લેતો બલ્કે ખુદ કરજદાર જ પોતાને કરજ આપનારથી બે આના લે છે, અને એ નાજાઈઝ નથી.

આ મસ્અલો પણ વિશ્વવ્યાપી હૈસિયત ધરાવનાર છે. **જે તેહકીક આ'લા હઝરત** عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ **એ રજૂ કરી છે એવી કોઈ તેહકીક મન્ઝરે પર ન આવી શકી. બલ્કે આલમે ઈસ્લામના મન્ઝરનામાને જોતાં એ એહસાસ જાગે છે કે આજે આખી દુનિયા આ જ તેહકીકને અનુસરનારી છે જે ફકીહે ફકીદુલ મિષાલે (આ'લા હઝરતે) "અલમુના વદ્દુરર" માં લખી છે, અને જેણે એની વિરૂધ્ધ રાય કાયમ કરી તેના પ્રતિ આખી દુનિયાએ ધ્યાન ન કર્યું, એટલે સુધી કે તેને પેશવા માનનારાઓ પણ તેની રાયથી સહમત નથી કરતા.** એટલા માટે આ વાત રૂપકની

વધુ પેજ 42 પર..

# અહમદાબાદ ભયાનક પ્લેન ક્રેશ

**અકસ્માતની સાથે સાથે...** કાર્યાલય

*આગાહ અપની મૌતસે કોઈ બશર નહીં*
*સામાન સો બરસકા હૈ પલ કી ખબર નહીં*

તા. ૧૨–૬–૨૦૨૫ ગુરૂવાર ૧:૩૮ થી ૧:૪૦ દરમિયાન એર ઈન્ડિયાની ફ્લાઈટ અહમદાબાદ એરપોર્ટથી ટેક ઓફ લેતાં જ વધુ ઊંચુ ઉડાન ન ભરી શકી અને મેડિકલ હોસ્ટેલના મકાનમાં ઘુસી ગઈ અને તેના ટુકડાઓ થઈને વિખેરાય ગયા અને ભડકો થયો જેમાં સૌ સળગી ગયા. આ દુ:ખદ બનાવમાં લભગભગ ૨૪૦ યાત્રીઓ તથા સ્ટાફે મોતની ચાદર તાણી લીધી. એટલુ જ નહીં જે મકાનમાં ફ્લાઈટ ઘૂસ્યું અને તૂટયું ત્યાંના મેડિકલના ટ્રેઈની ડોક્ટર્સ તથા અન્ય માણસોમાં લગભગ ૩૦ જણનાં મૌત થયાં બાકીના અનેક ઘાયલ થયા. આ કરૂણ બનાવની વિગતો વાંચતાં આંખો ભરાઈ આવે છે કે કોઈ પોતાની દીકરીને કે દીકરાને ખુશી ખુશી મળવા જતાં હતાં, કોઈ પોતાના પતિને મળવા જતુ હતું તો કોઈ ફેમેલીને લઈને ત્યાં સેટલ થવા જતા હતા, કોઈનાં શું અરમાનો હતાં તો કોઈનાં શું સ્વપ્નાં હતાં, સૌ ક્ષણભરમાં ચૂર થઈ ગયાં બલ્કે એવા સળગી ગયાં કે તેમની ઓળખ પણ બાકી ન રહી ! આ ઘટનાની અસરો પર વિચારણા કરતાં કલેજુ કાંપી ઉઠે છે કે કેટ કેટલાં કુટુંબો પર અણધારી કેવી આફત આવી પડી ! આ સૌ પીડિત કુટુંબીજનો પ્રત્યે આપણી સહાનુભૂતિ છે, આપણે તેમના સૌના દુ:ખમાં ભાગીદાર થઈએ છીએ. અલ્લાહ તેમને સબ્ર આપે, અહલે ઈમાનની મગફિરત કરે.

ખૈર, કુદરતના ભેદોને કોઈ સમજી શકતુ નથી, તેને એ જ મંજૂર હશે. દુનિયામાં આ અને આવા અનેક અકસ્માતો રેલ, રોડના કે કુદરતી આપત્તિઓ સર્જાતી રહે છે. આપણી સમક્ષ અનેક લોકોના, તેમની સંપત્તિઓના નાશ, તેમના હસતા ખેલતા કુટુંબ કબીલાના, ભુલકાંઓ, યુવાનોના કરૂણ મૃત્યુઓ થતાં આપણે જોઈએ છીએ, તો શું આપણે એના પરથી કોઈ બોધ લીધો ખરો ! વિચારવું જોઈએ કે દરેક ઈન્સાને આ દુનિયામાંથી કોઈ ન કોઈ બહાને વિદાય લેવાની છે, *"આજ ઉનકી કલ અપની બારી હૈ !"* જ્યારે આ ફાની દુનિયાને ગમે તે ઘડીએ ત્યજવાની છે, ખબર નથી કે હાથમાં ઉઠાવેલ કોળીયો મોંમાં પહોંચશે કે કેમ ? એ સૌ જાણે છે, તો આપણે ખાસ કરીને મુસલમાનોએ દિલમાં નરમી પેદા કરવી જોઈએ, ખુદાનો ખૌફ દિલમાં પેદા કરવો જોઈએ અને પોતાના ઈમાન તથા અમલોની જાંચ લેવી જોઈએ. જો એમાં ખરાબી છે તો આજે જ તૌબા કરી લઈએ, અને સહીહુલ અક્રીદા ઈમાનવાળા બનીને પાછલા સર્વ ગુનાહોથી તૌબા કરી લેવી જોઈએ. શાંતિ ચિત્તે વિચારો કે શું મારી જિંદગીની પળો અલ્લાહ વ રસૂલના હુકમો મુજબ પસાર થઈ રહી છે કે હરામ કામો, હરામખોરીઓ, લોકોને ત્રાસ કે તકલીફો આપવામાં પસાર થઈ રહી છે ? શું હું પત્નીનાં, માબાપનાં, પતિનાં, બહેનોના, બાળકોના, પડોશીઓના સગાંઓના બલ્કે સર્વ મલતા જુલતાઓના હક્કો અદા કરી રહ્યો છું ? ઈસ્લામના આદેશો પ્રમાણે મારુ જીવન છે કે આવારગીવાળી જિંદગી જીવું છું ? હલાલ કમાઉં છું કે લાંચ, રૂશ્વત, ચોરી, ધોકાથી કોઈનો માલ પડાવી ખાઉં છું તથા કોઈના પર નાહક જોર જુલમ કરું છું કે ઈન્સાફથી લોકોથી વર્તી રહ્યો છું ? સારાંશ, હું ઈસ્લામી નીતિ નિયમો જાણવા કોશિશ કરું છું કે નહીં અને પછી તેના મુજબ ચાલુ છું કે નહીં ? ખબરદાર ! ભલે આવા કરૂણ બનાવો, દુ:ખદ બનાવો થાય પણ સરવાળે તો દરેકે જ કોઈ ન કોઈ બહાને આ દુનિયામાંથી નીકળીને કબરની મંઝિલ, કયામતની મંઝિલ પછી જન્નત કે જહન્નમમાં ઠેકાણું લેવાનું છે. એ યક્રીનન ! છે જ ! અને ત્યાં તો હમેશાં હમેશ રહેવાનું છે ! તો આજે જ વિચારીને તૌબા કરીને નેક રાહ અપનાવી લઈએ, તો અલ્લાહને ત્યાં આપણો છૂટકારો થઈ જાય. وَمَا تَوْفِيْقِيْ اِلَّا بِاللّٰه